# સુવાસ કાર્યાલયના નિયમો

'સુવાસ' દરેક અંગ્રેજી મહિનાની પાંચમી તારીખે પ્રગટ થશે.

બારમી તારીખ સુધીમાં અંક ન મળે તો વડોદરા—ઑફિસના સરનામે ફરિયાદ કરવી.

નમુનાનો અંક મંગાવનારે પાંચ આનાની ટિકિટો બીડવી.

'સુવાસ'માં પ્રગટ થતા દરેક લેખના લેખકને લેખની યોગ્યતા પ્રમાણે પાના દીઠ રૂ. ૦ાા થી ૧ સુધી આપવામાં આવશે. આવો પુરસ્કાર સ્વીકારવા સામે જેમને વાંધો ન હોય તેમણે પોતાનો લેખ મોકલતી વખતે તે લેખના હાંસિયામાં 'પુરસ્કાર' શબ્દ લખવો. લેખકોને તેમનો લેખ પ્રગટ થયા પછી સાત દિવસની અંદર પુરસ્કાર મોકલી દેવામાં આવશે. પણ લેખકને 'સુવાસ'ના ગ્રાહક ગણી તેમને મળતા પુરસ્કારમાંથી તેમનું ગ્રાહકપદ ચાલુ રહી શકે એટલું વળતર જરૂરી ગણાશે. દરેક લેખકને તેના લેખની પાંચ 'આઉટ પ્રીન્ટસ' મોકલાશે.

તલસ્પર્શી, ને ભાષાશુદ્ધિ ને કલાપૂર્વક આલેખાયલા સુવાચ્ય લેખો માટે 'સુવાસ'માં ઉચિત સ્થાન છે. જોડણી સંબંધમાં લેખકોએ ગુજરાત-વિદ્યાપીઠના કોષને અનુસરવું. અશુદ્ધ લેખો માટે અસ્વીકારનો ભય કાયમ રહેશે. સ્વીકાર્ય લેખોની એક અઠવાડિયાની અંદર પહોંચ આપવામાં આવશે; અસ્વીકાર્ય જો શ્રમપૂર્વક આલેખાયલા હશે તો તે ઉચિત નોંધ સાથે તે જ મુદતમાં પાછા મોકલવામાં આવશે. તે સિવાયના લેખો જો લેખકો ટપાલ ખર્ચ મોકલી એક મહિનાની અંદર પાછા નહિ મંગાવી લે તો તે રદ કરવામાં આવશે.

તરતમાં પ્રગટ થયેલ ગ્રન્થોને અમે 'ગ્રન્થ પરિચય'માં સ્થાન આપીશું. તે સિવાયના ગ્રન્થોની કેવળ નોંધ જ લેવાશે.

'સુવાસ' સંબંધી પત્રવ્યવહાર કરતી વખતે પોતાનું નામ અને સરનામું પૂરેપૂરૂં લખવું.

## સુવાસ કાર્યાલય • રાવપુરા • વડોદરા


### —: થોડાક અભિપ્રાયો :—

……દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ એટલું જ નહિ પરંતુ તે વિશેષ વંચાય એવી પેરવી મંત્રીઓએ કરવી જોઇએ…

"પુસ્તકાલય" માસિક (વડોદરા)

……આવાં પ્રજા ઉપયોગી પુસ્તકને રાજ્યે અને ઉદ્યોગોના પ્રચાર માટે ઉભી થયેલી સંસ્થાઓએ ઉત્તેજન આપી, ગ્રામ ઉદ્યોગને સજીવન કરવામાં સાથ અને સહકાર આપવો જોઇએ…

"ગ્રામ જીવન, સહકાર્ય અને ખેતી" માસિક. (વડોદરા.)

……ઘર ગથ્થુ હુન્નરોનાં આ જાતનાં દેખાતાં પુસ્તકો આપણે ત્યાં ઘણાં બહાર પડયાં છે, અને હજી યે ગમે તેવી જાહેરાતોનાં ચોકઠાં સાથે બહાર પડશે, પરંતુ આ પુસ્તકની વિશેષતા તેમાં મુકેલા પ્રયોગો જ માત્ર નથી. પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલા લેખોને સંગ્રહીને આ પુસ્તકને વિવિધતા ભર્યું બનાવવામાં આવ્યું છે તે છે…

"રવિવાર" સાપ્તાહિક. (મુંબઈ.)

……આવું શાસ્ત્રીય પુસ્તક બે રૂપિયાની કિંમતે મળે એ ખરેખર સસ્તું જ લેખાય…

"કમર" માસિક. (સુરત)

મુંબઈ પ્રાંતના કેળવણી ખાતાએ અને વડોદરા રાજ્યે પુસ્તકાલયો માટે મંજુર કર્યું છે.

ઘેર બેઠાં પૈસા કમાવા મંગાવો ?

## નફાકારક હુન્નરો

ભાગ પહેલો

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ હુન્નરોથી ભરપુર પુસ્તક

જેની ઉત્તમતા વિષે અનેક સુપ્રસિદ્ધ પત્રોએ સારામાં સારા અભિપ્રાયો આપ્યા છે.

ઉમદા એંટીક કાગળ અને સુંદર છપાઈ છતાં કિંમત માત્ર ૨ રૂપીઆ, ટપાલ ખર્ચ માફ.

મળવાનું ઠેકાણું:—

**શ્રી લક્ષ્મી પુસ્તકમાળા**

પોસ્ટ સીનુગરા, (અંજાર-કચ્છ)


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કેટલાક અભિપ્રાયો

'સુવાસે' પોતાની ઉચ્ચ કોટિ હજી સુધી સાચવી રાખી છે. તેના અગ્રલેખો ખરેખર ચિંતનશીલ અને કાવ્યતત્ત્વથી ભરેલા હોય છે.

**—રમણલાલ વસંતલાલ દેસાઈ**

લેખો એકંદરે સારા ...... અભ્યાસપૂર્વક લખાયલા છે.

**—અરદેશર ફરામજી ખબરદાર**

લાગે છે કે 'સુવાસ' સ્વ. મટુભાઈ કાંટાવાળાના 'સાહિત્ય' જેટલું ઉદાર દૃષ્ટિવાળું પત્ર થશે. તેના લેખોની પસંદગી ઘણા ઊંચા પ્રકારની છે.

**—ઋતુનાં કુસુમાકર:**

ગુજરાતને એક સારૂં માસિક મળ્યું હોવાનો સંતોષ થાય છે.

**—જન્મભૂમિ**

એ વિશિષ્ટ પ્રકારનું સ્થાન સાહિત્ય-જગતમાં મેળવશે એવી આશા બંધાય છે.

**—યુવક**

આ નવો ફાલ અન્ય સામયિકો જેમ ખાલી નજર કરી ફેંકી દેવા જેવો નથી. 'યથા નામા તથા ગુણા'ની જેમ ખાસ વાંચવા જેવું છે. ... લેખોની શૈલિ ઉત્તમ કલાપૂર્વક નવી છે. ખાસ મહત્ત્વતા ભાષાશુદ્ધિ અને જોડણીને આપેલી છે.

**—ખેતીવાડી વિજ્ઞાન**

'સુવાસ'નું ધોરણ આમ વધુ વ્યાપક બનતું જાય છે તે જોઈ આનંદ થાય છે ... તેના સંચાલકોને ધન્યવાદ છે. ...... આ પદ્ધતિનો બધાં સામયિકોવાળા સ્વીકાર કરે તો? અત્યારે કચરાની ટોપલીમાં નાખવા જેવું સાહિત્ય પ્રસિદ્ધ થાય છે, તે ન જ થવા પામે.

**—ગુજરાતી**

તેમાં પીરસાયલી વિવિધજાતની વાનગીઓ સાહિત્ય-પ્રેમીઓને સારો ખોરાક પૂરો પાડે છે.

**—ક્ષત્રિય મિત્ર**

સામગ્રી સંતોષપ્રદ છે.

**—પુસ્તકાલય**

જીવન, કલા, સાહિત્ય વગેરે વિષયો પરના લેખોથી ભરપૂર છે.

**—સયાજીવિજય**

'સુવાસ' એના નામ પ્રમાણે સુવાસિત છે.

**—તંત્રી - દેશીરાજ્ય**

'સુવાસ'ના કેટલાક અગ્રલેખોમાં જળવાયલ રસ, તત્ત્વજ્ઞાન અને કવિતાત્મક ગદ્યનો સંયોગ ટાગોર સિવાય ક્યાંય નથી અનુભવ્યો.

**—બ. મ. પરીખ**

'સુવાસ'ના કેટલાક વિષયોની ભાષા એટલી તો હૃદયંગમ છે, કે ગુજરાતી ભાષાના કોઈપણ સાહિત્યરસિકને અનેક વખત વાંચ્યા છતાં ફરીવાર તેના વાંચનની તૃષા જ લાગી રહે.

**— મિત્રપ્રિય**

વડોદરેથી એક વર્ષથી પ્રગટતા આ ઉચ્ચગ્રાહી માસિકનો ચૈત્ર-૧૯૯૫નો અંક શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય વિશેષાંક તરીકે નીકળ્યો છે....જેવા સુલેખકોનાં ઉપયોગી વિચારણીય લખાણો તંત્રી...મેળવી શક્યા છે એ આનંદનો વિષય છે. ઇચ્છીએ છીએ કે શિક્ષિત ગુજરાત 'સુવાસ' જેવા સત્પ્રયાસને આવકારે, પોષે અને સંપૂર્ણ સુવિકાસની તક આપે.

**—માનસી**

વિદ્વતાભરેલા લેખો, વિચારણીય સાહિત્યસામગ્રીથી આ માસિક વડોદરાના બંધ પડેલા સાહિત્ય માસિકની ખોટ પૂરશે એવી આશા બંધાય છે.

**—બાળક**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સ્ત્રી ઉપયોગી પુસ્તકો

## સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

| | |
|---|---|
| ૧ વંધ્યા | ૦-૪ |
| ૨ કાકી | ૦-૩ |
| ૩ કાયદામાં સ્ત્રીનું સ્થાન | ૦-૩ |
| ૪ અર્ધાંગના (વાર્તા) | ૦-૩ |
| ૫ ગૃહવ્યવસ્થાની વાતો | ૦-૬ |
| ૬ ખાંયણાં (લોકગીત) | ૦-૫ |
| ૭ બલિદાન (પ્રેરક ગીતો) | ૦-૫ |
| ૮ ભવાટવી | ૦-૪ |
| ૯ મા (વાર્તા) | ૦-૪ |
| ૧૦ જયાના પત્રો (કસોટીમય લગ્ન) | ૦-૬ |
| ૧૧ પતિનો પસંદગી | ૦-૪ |
| ૧૨ લીલીની આત્મકથા | ૦-૩ |
| ૧૩ ફોઈ | ૦-૪ |
| ૧૪ પારસી વાનીઓ | ૦-૬ |
| ૧૫ વિધવા ( વાર્તા ) | ૦-૫ |
| ૧૬ કોને પરણું ? (વાર્તા) | ૧-૪ |
| ૧૭ સુઘડતા અને સુંદરતા | ૦-૮ |
| ૧૮ હાસ્યનો ફુવારો | ૦-૮ |
| ૧૯ ભુતના ભડકા (વાર્તા) | ૧-૧૨ |
| ૨૦ વિષવૃક્ષ (વાર્તા) | ૧-૮ |
| ૨૧ હાસ્યકલાપ (રમુજી) | ૧-૮ |
| ૨૨ દેવી ચૌધરાણી | ૧-૮ |
| ૨૩ વીર રોઝા (કાળુ ગુલાબ) | ૧-૦ |
| ૨૪ હાસ્ય ઝરણાં (રમુજી) | ૧-૮ |
| ૨૫ "જરા ચાહ મુકજો" | ૧-૦ |
| ૨૬ ગરબાવળી (રાષ્ટ્રીય) | ૦-૪ |
| ૨૭ જીવનપલટો (વાર્તા) | ૦-૪ |
| ૨૮ સુખી ઘર (બોધક) | ૦-૩ |
| ૨૯ ભરત ગૂંથણ | ૦-૧૦ |
| ૩૦ ચોર્યાસીનું ચક્કર | ૦-૫ |
| ૩૧ રઝીયા બેગમ | ૦-૩ |
| ૩૨ ગૃહ વિવેક | ૦-૬ |
| ૩૩ સુખીના પત્રો | ૦-૮ |
| ૩૪ સ્વપ્નનું શાસ્ત્ર | ૦-૩ |
| ૩૫ સ્ત્રી હૃદય | ૦-૩ |

| | |
|---|---|
| ૩૬ માતૃપ્રેમ | ૦-૪ |
| ૩૭ પારસી લગ્નગીતો | ૦-૬ |
| ૩૮ સંતતિનિયમન | ૦-૮ |
| ૩૯ વહેમી પતિ | ૦-૩ |
| ૪૦ આરોગ્ય અને સુખ | ૦-૬ |
| ૪૧ સામાજિક વાતો | ૦-૫ |
| ૪૨ રમુજી વાતો | ૦-૪ |
| ૪૩ ભલી ભાભી | ૦-૧ |
| ૪૪ પતિ પ્રભુ છે | ૦-૧ |
| ૪૪ માંદગી અને માવજત | ૦-૪ |
| ૪૬ વાતનું વતેસર | ૦-૧ |
| ૪૭ ઘરેણાંનો શોખ | ૦-૧ |
| ૪૮ પારસી સતીઓ | ૦-૬ |
| ૪૯ એકાદશી | ૦-૧૧ |
| ૫૦ રાણકદેવી | ૦-૧૨ |
| ૫૧ શિવાજીની બા | ૦-૧૦ |
| ૫૨ સાસુની શિખામણ | ૦-૧ |
| ૫૩ કાયમનું અજ્ઞાન | ૦-૧ |
| ૫૪ નામ વગરની નવલકથા | ૧-૮ |
| ૫૫ નારી અભિષેક | ૦-૪ |
| ૫૬ માસિક ધર્મ | ૦-૨ |
| ૫૭ નવા સાથિયા | ૦-૧ |
| ૫૮-૫૯ વીર તારા (બે ભાગ) | ૨-૪ |
| ૬૦ ગોરમાનાં ગીતો | ૦-૧ |
| ૬૧ મેડમ ડેમીડા | ૦-૧૨ |
| ૬૨ સામાજિક વાતો | ૦-૩ |
| ૬૩ ગુણીયલ ગૃહિણી | ૦-૧ |
| ૬૪ સ્ત્રી સ્વાતંત્ર્ય | ૦-૧ |
| ૬૫ દક્ષિણી રાંધણકળા | ૦-૩ |
| ૬૬ સતી જસમા | ૦-૬ |
| ૬૭ સંસારદર્શન | ૦-૬ |
| ૬૮ ભૂમિમાતા આનંદમઠ | ૧-૦ |
| ૬૯ બાળવિધવા | ૦-૨ |
| ૭૦ સાચાં સહોદર | ૧-૮ |

**સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનો આખો સેટ આજેજ વસાવો. કુલ ૭૦ પુસ્તકો બહાર પડયાં છે. તે રૂા. ૩૨માં મળે છે. પુસ્તકો છુટાં પણ મળી શકશે. ટપાલ જુદું.**

લખોઃ **સ્ત્રીશકિત, કેળાંપીઠ, સુરત**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## બાળક કોઈ પણ પત્ર સાથે જોડાયેલું નથી

સ્વ તં ત્ર રીતે ૧૭ વરસ થી પ્રગટ થાય છે

બાળક માસિક બાળકો માટેજ પ્રગટ થાય છે. સાદી ને સીધી ભાષા હોઇ આજના પ્રૌઢ શિક્ષણના જમાનામાં અક્ષરજ્ઞાનની શરૂઆત કરનારાઓને તેમાંથી કંઈ કંઈ મળી રહેશે.

**છતાં લવાજમ વરસના ફક્ત રૂપિયા બે**

**તમારી સંસ્થા કે ઘરમાં**

# બાળક

અવશ્ય હોવું જોઇએ, કેમકે નિર્દોષ બાલુડા બાળક વાંચવા ઘણાં આતુર હોય છે :

નવા વરસથી ઘણો ફેરફાર જણાશે.

**'બાળક' કાર્યાલય,** રાવપુરા—**વડોદરા.**

---

## બેકાર દુનિયાને, મહાન આશીર્વાદ

સ્વતંત્રપણે જીવન ગાળવું હોય
આરામથી જીવન ગુજારવું હોય
કોઈના તાબેદાર ન રહેવું હોય
—: અને :—
વગર પૈસે વેપાર કરવો હોય તો
**છાયા ટેલરીંગ કૉલેજમાં**
આજેજ દાખલ થાવ, અને શીવણ તથા વેતરણ શીખી લો.

વેતરકામના શિક્ષણ માટે **'માસ્ટર કટર'** અથવા **'હોમટેલર'** કિંમતઃ રૂ. ૨–૧૨–૦ પોસ્ટેજ ૦–૭–૦ પરદેશ શિલીંગ ૭.

**છાયા ટેલરીંગ કૉલેજ–વડોદરા.**

**તા. ક.** સવા આનાની ટિકિટ બીડી સૂચિપત્ર મંગાવો.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

પુસ્તક ૨ જું ]  વિ. સં. ૧૯૯૫ : આષાઢ  [ અંક ૩

# સુખ—દુઃખ

च

સુખ કેવળ પુણ્ય નથી, દુઃખ એ કેવળ પાપ નથી. સુખ છાંયડો છે તો દુઃખ તડકો છે; સુખ ભરતી છે તો દુઃખ ઓટ છે; સુખ સૂર્ય છે તો દુઃખ ચન્દ્ર છે; સુખ સ્ત્રી છે તો દુઃખ પુરુષ છેઃ બંને જીવન અને જગતનાં જરૂરી અંગો છે.

સુખથી માનવી મહત્તા વરે છે તો દુઃખ એને માનવતા ને શ્રમ શીખવે છે; સુખથી તે તેજસ્વી બને છે તો દુઃખ એને નમ્રતા સમજાવે છે. ધરતીને જેમ તડકા સાથે છાંયડો પણ જરૂરી છે તેમ માનવીને સુખ સાથે દુઃખ પણ જરૂરી છે. કેવળ તડકે જેમ ધરતી તપી ઊઠે—કેવળ દુઃખથી માનવી ગભરાઈ ને ઊકળી જાય; કેવળ છાંયડે જેમ ધરતી તેજ ગુમાવી બેસે—કેવળ સુખથી માનવી ગુણો ગુમાવી બેસે જીવનોનાં જીવનો જો કેવળ સુખ સમૃદ્ધિમાં વીતે તો માનવીમાં એક પણ ગુણ વિકાસ ન પામી શકે. ગમે તેવો બુદ્ધિમાન કે ગુણીજન પણ આજીવન સુખમાં દુઃખીનાં દુઃખ પૂરાં નથી સમજી શકતો; પરિણામે નથી એનામાં સાચી હમદર્દી કેળવાતી, ને નથી એના અનુગામી ગુણો વિકસતા.

પ્રકૃતિ અને માનવી હરનિશ અને હરપળે વિકાસ સાધે છે. તેમ કરવાને પરિવર્તન એ મુખ્ય ચાવી છે. સૂર્ય પછી ચન્દ્ર, અને એ ચન્દ્ર પછી પુનઃ સૂર્ય જેવો વહાલો લાગશે એવો સદૈવ સૂર્ય કે સદૈવ ચન્દ્ર વહાલો નહિ લાગે; ભરતીને સ્થળે ઓટ થઈ ત્યાં પુનઃ ભરતી જેવી આહ્લાદક જણાશે એવી સતત ભરતી નહિ જણાય; ગ્રીષ્મ પછી વર્ષા વહાલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat  www.umaragyanbhandar.com

લાગશે એવી હરનિશ વર્ષા નહિ લાગે; અંધાર પછી ઉષા જેવી સોહામણી જણાશે એવી સતત ઉષા નહિ જણાય.—એમ સુખમાંથી દુઃખમાં અને દુઃખમાંથી સુખમાં વિચરતો માનવી જેવો વિશુદ્ધ બનશે એવો સદૈવ સુખી કે સદૈવ દુઃખી માનવી નહિ બની શકે.

પાણી ઊકળીને ઠરે અને જો વારંવાર એમ કરવામાં આવે તો ગમે તેવું અશુદ્ધ પાણી પણ જેમ મધુર ને નિર્મળ બની જાય છે એમ માનવી સુખદુઃખના ક્રમો અનુભવી મધુર ને વિશુદ્ધ બને છે.

ને તત્ત્વથી તો સુખદુઃખ જેવી કોઈ વસ્તુ પણ નથી. જેમ પ્રકૃતિ એક, અનંત ને અગમ્ય છેઃ ઉષા ને સંધ્યા, ભરતી ને ઓટ તેની લીલા છે.—તેમ આત્મા પરમ છેઃ સુખ દુઃખ તો લીલા છે. બંને વચ્ચે વાસ્તવિક ભેદ કંઈજ નથીઃ એકનું સુખ બીજાનું દુઃખ હોઈ શકે; બીજાનું દુઃખ કોઈનું સુખ પણ હોઈ શકે. બંને વચ્ચેનો બાહ્ય ભેદ એ આભાસ ને માનસિક અનુભવ છે. અને જીવનવિકાસમાં એ અનિવાર્ય છે.

શિયાળો, પછી ઉનાળો, પછી વર્ષા ને પુનઃ શિયાળો એ જેમ એકજ પ્રકૃતિનો ક્રમ છે. એમ સુખ, પછી દુઃખ, પછી આર્દ્રતા-આંસુ ને પુનઃ સુખ એ માનવજીવનનો ક્રમ છે. વર્ષા જેમ સમુદ્રના ક્ષારને ગાળી જળને મધુર બનાવે છે, આંસુ ને આર્દ્રતા માનવ-જીવનના ક્ષારને ગાળી તેને વિશુદ્ધ બનાવે છે.

પ્રકૃતિમાં જેમ વૈવિધ્યતા ગમે છે,--જીવનમાં પણ એમ વૈવિધ્યતા--સુખદુઃખને વધાવી લેવાં જોઈએ.

---

# ઝંડો

કેશવલાલ પટેલ

આભે અહા! ફરફરે છ ત્રિરંગ ઝંડો,
રાચે ધરી મુદ, શું કો ઉર શુદ્ધ બંકો;
હૈયે કરી ભૂતતણી સ્મૃતિઓ જીવંત,
નિત્યે સમીર સહ એ ગૂઢ કૈં કવંત.
જેણે હશે બલિ બની નિજ દેશ કાજે,
ખેલ્યા, ઉરે, જીવનખેલ ધરી તમન્ના;
આજે બધાં ફૂલસમાં કુમળાં જનોની,
ગૂંજે લઈ ગરવ એ ઉર શૌર્ય ગાથા.
હૈયે મહા સુભગ ભર્ગ ભરી ઝગંતો,
ખાદી તણો સ્થૂલ નહિ કકડો પરંતુ,
આઝાદ ભારત તણી જનતા તણો એ
છે પ્રાણ, ને પ્રતીક રાષ્ટ્રિય પ્રેરણાનો.

એથી ઝરે છ ઝરણો નવચેતનાનાં,
પાયે સલિલ સહુને શુભ વીરતાનાં;
મંત્રો વદે છ નિજના પ્રતિ તાંતણેથી,
જાગો સહુ હૃદય સત્ય, દયા, અહિંસા.
એ ચેતવે હૃદય દિવ્યજ આત્મસ્ફુર્તિ,
જોઇ, ઊગે છ પ્રતિ રોમ સ્વદેશપ્રીતિ;
દેશોન્નતિ લભત ચીજ સ્વદેજ પોષી,
હોંશે વદે છ મૂક ચેતન દેશ આયુ.
ઝંડા! વહો વિમલ કોટિક દિવ્યધારા,
તુંથી ભરો હૃદય ચેતનના ફુવારા;
હે પ્રેરણાત્મક, તું ભારત પ્રાણ પ્યારા,
ગાઓ રહી અમર મન્ત્રજ શાન્તિ તારા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાળપણમાં રોમાંચક સાહસો ખેડનાર, યૌવનમાં અપૂર્વ શક્તિનો પરિચય કરાવનાર અને વિરલ મુત્સદ્દીગીરીથી સ્વતંત્ર નેપાળનું પ્રધાનપદ ધારણ કરી યુરોપમાં ચમત્કારિક પ્રતિભાનો વિજયડંકો વગડાવનાર—આધુનિક નેપાળનો ભાગ્યવિધાતા—

# નરકેસરી રાણા જંગબહાદુર

**ચમનલાલ**

ચૌદમી સદીના અંતમાં, ઉદેપુરના કેટલાક રાજવંશીઓ યવનોથી કંટાળીને નેપાળમાં જઇ વસેલા. ત્યાં તેમણે અપૂર્વ પ્રતિભા, અને વિરલ યુદ્ધનિપુણતાથી ધીમેધીમે મહત્વનું સ્થાન મેળવવા માંડયું. તેઓ ત્યાંની પ્રજા સાથે જો કે ભળી ગયા છતાં પોતાની રાણા અટક તેમણે જાળવી રાખી. ૧૮ મી સદીના અંતમાં એ શાખામાં બલનેરસિંહ નામે એક વીર પુરુષ થયો. તેણે નેપાળના તે સમયના રાજવીના ખૂનીને ઝબ્બે કરી, તેને મૃત્યુદંડ દઇ યશસ્વી સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ને તે કામના બદલામાં તેને ન્યાયાધિકારીનું વંશપરંપરાગત પદ આપવામાં આવેલું. આ ન્યાયાધિકારીની બીજી પત્નીને પેટે, ૧૮૧૭ ના જુલાઇની ૧૮ મીએ જંગબહાદુરનો જન્મ થયો.

બાળકના જન્મને છઠ્ઠે દિવસે ષષ્ઠીપૂજન કરવામાં આવ્યું. નામાંકિત જોષીઓએ તે પ્રસંગે ભવિષ્ય ભાખ્યું કે, ' આ બાળક સ્વપરાક્રમથી મહારાજ્યનો સ્વામી અને વિધાયક થશે.' અગ્યારમે દિવસે જાતકર્મસંસ્કાર કરી તેને વીરનરસિંહનું નામ આપવામાં આવ્યું. પણ બાળકના મામા માતબેરસિંહને જોષીઓ પર પૂર્ણ વિશ્વાસ હતો. એટલે તેના સૂચનથી, બાળકનું એ નામ ફેરવીને, જોષીઓના કથનને અનુસરી તેને જંગબહાદુરનું યુદ્ધવિજયી નામ આપવામાં આવ્યું.

ત્રણ વર્ષની ઉમ્મરે બાળકનો કર્ણવેધ કરવામાં આવ્યો. તે પ્રસંગે નેપાળનાં મહારાણી લલિતત્રિપુરાસુંદરીએ બાળકને માટે કિંમતી કુંડલો ભેટ મોકલાવ્યાં.

પાંચ વર્ષની ઉમ્મરે જંગને માટે શિક્ષક રોકવામાં આવ્યો. પણ ભણતરમાં તેણે ખૂબ ઓછી પ્રગતિ કરી. પુસ્તકો તેને પસંદ નહોતાં. તેને તો સાહસિક જીવન ગમતું. કોઈ વખતે તે લગામછૂટ ઘોડા પર સ્વારી કરી આવતો. તો કોઈ વખત ઝેરી સાપને મોઢેથી પકડી તે તે પિતાને બતાવતો. એક વખતે તે બાગમતી નદીના રાક્ષસી પ્રવાહમાં તરવાને પડયો, ને માંડમાંડ ડૂબતો બચાવી લેવાયો. છતાં તે એજ બાગમતીમાં તરવાનું તો શીખ્યો જ. નાગપંચમીની મલ્લકુસ્તીઓમાં ભાગ લઈ લઈ તે મલ્લવિદ્યા ને દ્વંદ્વયુદ્ધ શીખ્યો.

અગ્યાર વર્ષની વયે તેનાં લગ્ન થયાં. તે પછી પિતાની બદલી ધનકૂટના સુબા તરીકે થતાં તે ત્યાં ગયો. ને ત્યાં શિકાર, જુદા જુદા પ્રકારનાં યુદ્ધ, બાણવિદ્યા વગેરેનો તે તીક્ષ્ણ અનુભવી બન્યો. થોડોક સમય જતાં તે લશ્કરી નોકરીમાં જોડાયો, અને તેમાં અનેક પ્રકારની રમતગમતો ને હરિફાઈઓમાં તે અજોડ રહેવા લાગ્યો. પિતાને પણ તે અણમોલ સહાયક બન્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ તેની વીશેક વર્ષની વયે નેપાળમાં આંતરિક બળવો ફાટી નીકળ્યો. તે સમયે તે દેશમાં બે મુખ્ય રાજકીય પક્ષો હતા: એક થાપા, બીજો પાન્ડે. અત્યારસુધી થાપા પક્ષ કર્તાહર્તા હતો. પણ આ બળવામાં નેપાળના મુખ્ય પ્રધાન અને થાપાઓના નાયક ભીમસેનનું ખૂન થતાં પાન્ડે પક્ષ આગળ આવ્યો. તેના આગેવાનોએ થાપાઓને સત્તા પરથી દૂર કર્યા અને બલનેરસિંહ પણ એ પક્ષનો હોવાથી તેને અને જંગને નોકરીમાંથી રૂખસદ આપવામાં આવી.

બલનેરસિંહ આઠ પુત્રો અને બે પુત્રીઓનો પિતા હતો. નોકરી જતાં કુટુંબની હાલત કફોડી થઈ પડી. બલનેરના ઉદાર સ્વભાવથી પણ કુટુંબને કંઈક શોષવું પડયું. નોકરી તૂટવાના સમયે તે બાગમતી નદી પર પૂલ બંધાવતો હતો. આવક બંધ થતાં તે કામમાં પૈસાની તાણ પડી. પોતાના એક કુટુંબી પાસે તે અંગે તેણે પંદર હજાર રૂપિયા ઉછીના માગ્યા. કુટુંબીએ ઉપહાસમાં પૂછયું, “ આઠ પુત્રોના પિતાને કઈ જામીનગીરી ઉપર રૂપિયા ધીરવા ?” બલનેરે ગર્વથી ઉત્તર દીધો, “ એ આઠ પુત્રોજ ભવિષ્યમાં નેપાળના રણીધણી બનશે. ” ને આમ ઉશ્કેરાટમાં બોલાયેલી એ વાત સમય જતાં સાચી પડી. જંગબહાદુરે પણ પિતાનો ઉપહાસ કરનાર એ કુટુંબી કે તેનાં સંતાનોને ભવિષ્યમાં આગળ ન આવવા દઈ એની એ ક્રૂર મશ્કરીનો યોગ્ય બદલો લીધેલો.

એ અરસામાં નોકરીના અભાવે જંગ જુગારની લતે ચડયો. એક પ્રસંગે તે તેમાં રૂ. ૧૧૦૦ હારી ગયો. પૈસા ન ભર્યે પણ ચાલી શકે તેમ હતું, પણ એકવચની જંગ, દૂર આવેલા પાટણ ગામે જઈ, પોતાના એક ભરવાડ મિત્ર પાસેથી પૈસા ઉછીના લઈ આવ્યો અને ઋણ તેણે તરતજ ચૂકવી આપ્યું. ભરવાડનું દેણું ચૂકવવાને તેરાઈના જંગલમાંથી કેટલાક હાથીઓ પકડી તેમને વેચવાની તેણે યુક્તિ વિચારી. એક વર્ષ સુધી તે તે જંગલમાં રખડયો, પણ તેરાઈના રાક્ષસી હાથીઓ એકલે હાથે પકડાવા સંભવિત નહોતા. પરિણામે તે નિરાશ થઇ બનારસ ચાલ્યો ગયો. ને ત્યાં એકાદ વર્ષ શાંતિમાં ગાળી નવી સાહસો માટે તે નેપાળમાં પાછો ફર્યો.

આ વખતે તેની પહેલી પત્ની મરી ગઈ હતી. પરિણામે તેણે બીજીવાર લગ્ન કર્યાં. લગ્નપ્રસંગે તો તેની હાલત જો કે કફોડી હતી. પણ લગ્ન પછી તેના નશીબનો પારો ચડવા માંડયો. નવી પત્નીના સ્ત્રીધનમાંથી તેણે ભરવાડનું દેણું ચૂકવી આપ્યું. ને અવનવાં સાહસો માટે તે જંગલોમાં ભમવા લાગ્યો.

નેપાળના મહારાજા રાજેન્દ્રવિક્રમને હાથીઓના શિકારનો ખૂબ શોખ હતો. તે માટે થોડાક સૈનિકો સાથે રાખી તેઓ કેટલીકવાર જંગલમાં ચાલી નીકળતા. એવા એક પ્રસંગે જંગ પણ સૈનિકોની પાછળ પાછળ ચાલ્યો. જંગલમાં સૈનિકો એક હાથીને ઘેરી વળ્યા પણ તેને કેદ કરવામાં તેઓ નિષ્ફળ ગયા. એ વખતે જંગ આગળ આવ્યો, અને જીવના જોખમે એક દોરડાનો પાસો નાંખી હાથીને તેણે કેદ કરી લીધો. મહારાજા ખૂશખૂશ થઈ ગયા; તેમણે ત્યાંને ત્યાં જ જંગને કેપ્ટનનો હોદ્દો આપ્યો. આ પ્રસંગ પછી જંગનું પ્રારબ્ધ વિજયકલગીઓથી ઓપવા લાગ્યું.

એક વખતે તેણે જંગલી પાડાની સાઠમારીમાંથી વીફરીને નાસી છૂટેલા રાક્ષસી પાડાને એક કામળી ને દોરડાથીજ વશ કરી લીધો; બીજી વખતે સળગી ઊઠેલા ઘરમાં સપડાઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગયેલ કોઈક સ્ત્રી અને કન્યાને જીવના જોખમે બચાવી લાવ્યો; ત્રીજી વખતે કોઈક ગરીબ કુટુંબના ઘરમાં ભરાઇ ગયેલા વાઘના માથામાં ટોપલી પહેરાવી દઇ, તેને વશ કરી, તેણે તે જીવતો ને જીવતો જ પાટવીકુંવર સુરેન્દ્રવિક્રમને ભેટ મોકલાવી આપ્યો; ચોથી વખતે તે મનોહરા નદીના ઝડપી પ્રવાહમાં તણાતી બે સ્ત્રીઓને જીવના જોખમે કાંઠે લઈ આવ્યો; તો પાંચમી વખતે, મહારાજા સાથેના શિકારમાં, એક સૈનિક પર ધસ્યા આવતા ચિત્તાને પોતાની સામે વાળી તેણે તેના એકજ ઝટકે બે કકડા કરી નાંખ્યા. આવાં આવાં અનેક પરોપકારી સાહસોથી તેણે નેપાળના હજારો યુવાનોનાં હૈયાં હરી લીધાં.

એક પ્રસંગે નદી પર વીફરેલો રાજહાથી મહાવતને મારી નગરના માર્ગે દોડયો. મદમસ્ત રાજહાથીઓ વશ થવા સંભવિત નહોતા. છતાં રાજાની આજ્ઞા લઈ જંગ એ રાક્ષસી હાથીને વશ કરવા ચાલ્યો. હાથીને આવવાના રસ્તે તે એક ઊંચા છાપરા પર ચડી બેઠો; ને જેવો હાથી ત્યાંથી પસાર થવા ગયો કે તે તેની પીઠ પર કૂદી પડયો. હાથીએ તેને નીચે પછાડવા ખૂબ ફાંફાં માર્યાં પણ જંગની અનન્ય શક્તિ પાસે તેનું કંઈ ન ચાલ્યું. હાથી વધારે વીફર્યો. પણ જંગે યુક્તિથી અંકુશ વાપરી તેને ગામ બહાર લીધો. હાથી માર્ગે આવતાં માણસોને ઉછાળતો નદીને માર્ગે દોડયો. જો એ નદીના પૂલ પર ચડી જાય તો પૂલના કકડા ઊડી જાય ને સાથે જંગના પણ ભૂક્કા નીકળી જાય. આવી ભયાનક કટોકટીની પળે પણ જંગે હાથી પર શાંતિથી તીક્ષ્ણ અંકુશનો ઉપયોગ કર્યા કર્યો. ને જ્યાં હાથીને પકડવાની યોજના રચાણી હતી ત્યાં વાળી તેણે તેને જાળમાં ફસાવી દીધો. તેનું આ સાહસ સાંભળી રાજાએ કહ્યું, "જંગને હૈયુંજ નથી."

એક વખતે જંગ જંગલમાં શિકારે ગયેલો. ત્યાં પોતાના પર ધસી આવતા રીંછને તેણે એવું ફસાવ્યું કે ચીસો નાંખતું રીંછ પાછું નાસવા માંડયું. એ સમયે શિકારના શોખમાં તે એક ઊંચી ભેખડ પર ચડી ગયેલો અને ત્યાંથી પગ લપસતાં તે સાઠ ફૂટ નીચે નદીના પથ્થરાળ કાંઠે ગબડી પડેલો. છતાં તેને ઈજા ન જેવીજ થયેલી. અને એમ છતાં તે શિકારને પકડયા પછીજ પાછો ફરેલો.

સ્વતંત્ર દેશોમાં કોઈ પણ કારણે જ્યારે બે પક્ષો વચ્ચે લડાઈ ફાટી નીકળે છે ત્યારે ઘણી વખત તે સશસ્ત્ર બની જાય છે. એવી લડાઇઓ શમાવવાને રાજસત્તાઓને મોટે ભાગે લશ્કરી પગલાં લેવાં પડે છે. પણ નેપાળમાં એ વખતે ફાટી નીકળેલી કેટલીક સામાન્ય અને એક ગંભીર લડાઈને પણ જંગે યુક્તિ, શક્તિ ને પ્રતિભાથી શમાવી દીધી એટલુંજ નહિ—સાચા પક્ષકારોને સહકાર આપી દુષ્ટોને તેણે યોગ્ય નસિયત આપવા માંડી.

નેપાળનો પાટવીકુંવર સુરેન્દ્રવિક્રમ 'અંધેરી નગરી તહાં ગંડુ રાજા' કરતાંએ વધારે ગંડુ હતો. એક વખતે તબિયત સુધારવાને તેણે ત્રિશુલી નદીને કાંઠે પડાવ નાંખેલો. ત્યાં એક દિવસે દૂરથી ઘોડા પર ચડી આવતો એક અમલદાર શરતચૂકથી તેને જોઇ ન શકવાથી ઘોડેથી નીચે ન ઊતર્યો. રાજકુંવરે તરતજ સૈનિકોને તે અમલદારને ઘોડા સાથેજ પૂલ પરથી નદીમાં ફેંકી દેવાની આજ્ઞા ફરમાવી. ઘોડેસ્વારે આજીજી કરી પોતાની શરતચૂક માટે ક્ષમા માગી. પણ રાજકુંવરે કહ્યું, "એમાં શું? નદીમાં પડવાથી તું ઓછોજ મરી જવાનો છે?" અમલદારે તે પ્રસંગે સમયસૂચકતા વાપરી કહ્યું, "એંશી ફૂટ ઊંચા પૂલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરથી ઘોડા સાથે ભેખડાળ નદીમાં ઝંપલાવીને જીવતો તો એક જંગબહાદુરજ રહી શકે.”
કુમારે તરતજ એ સૂચના ઉપાડી લીધી. તેણે જંગબહાદુરને બોલાવરાવી અમલદારને બદલે તેનેજ અમલદારના ઘોડા પર ચડી પૂલ પરથી નદીમાં ઝંપલાવવાની આજ્ઞા ફરમાવી.

જંગ તરત તૈયાર થયો. તેનાં નયનમાં સાહસનું તેજ ચમકી ઊઠયું. ને અમલદારના ઘોડા પર ચડી ઊંચા પૂલ પરથી તેણે રાક્ષસી ઝડપે દોડતી ભેખડાળ નદીમાં ઝંપલાવ્યું. પણ ઝંપલાવતાં પહેલાં તેણે પેંગડામાંથી પગ કાઢી લીધેલો એટલે નદીમાં ઘોડો અને તે બંને જુદા જુદા પડયા. નદીના પ્રવાહમાં એકાદ માઇલ સુધી ખેંચાઈને જંગ જીવતો પાછો આવ્યો.

સુરેન્દ્રવિક્રમની હઠીલાઈને, તેની ધૂનને, તેના ગાંડપણને ને માનવીને હાથે થતાં રાક્ષસી કામો કે તેને થતી વેદનાઓને નજરે નિહાળવાની તેની બેહુદી લાલસાઓને પાર નહોતો. તે જંગને જુદાં જુદાં સાહસિક કામો માટે આજ્ઞા ફરમાવતો અને જંગને તે અમલમાં મૂકવાંજ પડતાં.

એક વખતે જંગને તેણે ઊંડા, પુરાણા ને મૃત પશુઓનાં હાડકાં નાખવાને વપરાતા કૂવામાં ઊંચેથી કૂદી પડવાની આજ્ઞા ફરમાવી. જંગે કૂવામાં છૂપી રીતે કેટલુંક રૂ પથરાવી એ આજ્ઞા જો કે અમલમાં મૂકી છતાં એક ધારદાર હાડકાની તીક્ષ્ણ અણી વાગતાં તેના ઘૂંટણ પર આજીવન ઘા થયો. કુંવરે એ સાહસની પ્રશંસા કરતાં કહ્યું કે 'આવા સાહસમાં તો તે પોતે પણ સહેલાઇથી ઝંપલાવી શકે.'

આ પછી જંગના પિતાએ કુંવરથી કંટાળી તેની બીજા પ્રદેશમાં ન્યાયાધિકારી તરીકે નિમણૂક કરાવી. અને જંગને ત્યાં તે ખાતાનો સુંદર અનુભવ મળ્યો.

૧૮૪૧ ના ઑકટોબરમાં નેપાળનાં મોટાં મહારાણી લલિતત્રિપુરાસુંદરી અવસાન પામ્યાં મહારાણા રાજેન્દ્રવિક્રમ નિરતેજ સ્વભાવના હોઈ નેપાળમાં ખરૂં શાસન તે ભલાં મહારાણીનુંજ ચાલતું. પણ તેમના અવસાનથી રાજ્યની લગામ નાનાં રાણી, રાજા ને પાટવીકુંવર એમ ત્રણેના હાથમાં એકીસાથે જઈ પડી. ત્રણે જણ મનસ્વી ને પરસ્પરવિરોધી આજ્ઞાઓ ફરમાવવા મંડયાં. આથી કંટાળી ગયેલ પ્રજા અને પ્રધાનોએ રાજાને એકનાજ હાથમાં સત્તા રાખવાની આગ્રહભરી વિનંતિ કરી, ને રાજાએ સત્તાની લગામ નાનાં રાણી લક્ષ્મીદેવીના હાથમાં સોંપી.

લક્ષ્મીદેવી કલીયોપેટ્રાની જેમ ઝેરીલી, કાતિલ સ્વભાવની ને ચારિત્રશિથિલ છતાં પ્રભાવશીલ હતી. તેને થાપાઓ પ્રત્યે પક્ષપાત હોઈ તે પક્ષના વડા માતબેરસિંહને તેણે નેપાળનો વડો પ્રધાન બનાવ્યો. પણ તેને પાટવીકુંવર સુરેન્દ્રવિક્રમને ગમે તે રીતે દૂર કરી પોતાના પુત્ર રાજેન્દ્રવિક્રમને સિંહાસને સ્થાપવો હતો. માતબેર એ અનીતિમાં રાણી સાથે સહમત ન થઈ શકયો. રાજાને તો પહેલેથી જ માતબેર પ્રત્યે દ્વેષ હતો. આમ રાજા-રાણીથી કંટાળેલા માતબેરે કુંવરનો સાથ શોધ્યો. અને અનેક યુક્તિપ્રયુક્તિઓથી તેણે પાટવીકુંવરના હાથમાં રાજાની બધી સત્તાઓ સોંપાવી. લક્ષ્મીદેવી રાજરક્ષિકા (Queen Regent)ના પદે સ્થપાણી.

સુરેન્દ્રવિક્રમના હાથમાં રાજસૂત્રો સોંપાવાથી માતબેરની સત્તા વધી પણ તેનાજ પરિણામે રાજા અને રાણી પણ પોતપોતાનો પક્ષ ખેંચવા માંડયાં. માતબેરે આ વિરોધને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહોંચી વળવા પોતાનાં જ માણસોની ત્રણ નવી લશ્કરી ટુકડીઓ ઊભી કરી. રાજ્યની રાજસભા (Council) ને પણ તેણે પોતાને અનુકૂળ બનાવી. જંગબહાદુર પણ એ પ્રસંગે રાજસભામાં નીમાયો.

એક સમયે ખેતીના પાકને તીડોથી બેહદ નુકશાન પહોંચ્યું. ખેડૂતોએ તે પ્રસંગે મહેસૂલમાં રાહતની માગણી કરી ને માતબેરે તેમને તે વિષયમાં સીધી ના સંભળાવી. પણ આ પ્રશ્ન રાજસભામાં ચર્ચાતાં જંગબહાદુરે ખેડૂતોનો પક્ષ લીધો. રાજા અને કુંવર બંનેએ તેને ટેકો આપ્યો. માતબેરના વિરોધી તરીકે રાણીને પણ તે ગમી ગયો. પ્રજાપક્ષે હોવાથી પ્રજામાં પણ જંગનું માન વધ્યું. પણ માતબેરને, તે જંગનો મામો છતાં, પોતાના ભોગે વિકસતી જંગની આ રાજ–પ્રજાપ્રિયતા ન ગમી. તેણે તેને રાજસભાથી દૂર રાખવાને સુરેન્દ્રવિક્રમની સેવામાં મૂક્યો.

સત્તા વધવાથી સુરેન્દ્રવિક્રમનું ગાંડપણ અને તેની મનસ્વીતાઓ પણ વધવા માંડી. તેનો પક્ષ કરવાથી માતબેર પોતાની ઉજ્જવળ કીર્તિ ગુમાવી બેઠો. જંગને પણ એની સાથે રહેવાથી એની ક્રૂર ઘેલછાઓ સંતોષવાને વારંવાર જીવલેણ સાહસોમાં ઝંપલાવવું પડતું. સુરેન્દ્રવિક્રમની નફ્ટ–પાશવી વૃત્તિઓને પણ હદ નહોતી. તે માણસોની મૃત્યુચીસો સાંભળવાની મોજ માણવાને સામાન્ય ગુન્હેગારોને પણ હાથીને પગે ખેંચાવીને કચરાવતો. પોતાની રાણીઓને પણ તે, અભિનવ દશ્યો જોવાને, પાલખી સાથે બાગમતી નદીમાં ફેંકાવી દેતો અને નદીનાં પાણી સારી રીતે પીવરાવ્યા પછી જ તે તેમને બહાર કઢાવતો. કેટલીક વખત તે નદીમાં સ્નાન કરતાં સ્ત્રીપુરુષોનાં કપડાં ઉંચકાવીને સળગાવરાવી દેતો અને પરિણામમાં તે ટાઢથી ધ્રૂજતાં સ્ત્રીપુરુષોનાં નગ્ન અંગો અવલોકવાનો આનંદ લૂંટી શકતો. કેટલીક વખત અધિકારીઓને તે મોં પર મેશ ચોપડી–એકજ સાંકળે બંધાઈ રાજમાર્ગો પર લાઇનસર ચાલવાની ફરજ પાડતો.

પણ રાણી લક્ષ્મીદેવીની મનસ્વીતા તો સુરેન્દ્રવિક્રમની ઘેલછાને પણ આંટી જતી. તેનામાં ગાંડપણ નહોતું પણ ચારિત્રની શિથિલતા ને દ્વેષ એ કરતાંએ વિશેષ ભયંકર હતાં. તેની તહેનાતમાં હજારેક યુવાન પરિચારિકાઓ રહેતી. લક્ષ્મીદેવીની તેઓ કૃપાપાત્ર લેખાતી. ને લક્ષ્મીદેવીની મીઠી નજરના તરસ્યા હજારો નેપાળી અમલદારો કે યુવાનો આ પરિચારિકાઓ સાથે પ્રેમ બાંધતા. કેટલીક સ્વરૂપવાન ને લક્ષ્મીદેવીની ખાસ કૃપાપાત્ર પરિચારિકાઓ તો સંખ્યાબંધ તેજસ્વી યુવાનોને પોતાના મોહપાશમાં જકડી લેતી. નેપાળના તે સમયના રાજમંદિરમાં ગમે તે ખૂબસૂરત તેજસ્વી યુવાન પોતાની નૈસર્ગિક શક્તિનો ઉપયોગ અનેક પરિચારિકાઓ સાથે પ્રેમ બાંધી તેમના દ્વારા લક્ષ્મીદેવીની કૃપા મેળવવામાં કરી શકતો; તો કોઇ ખૂબસૂરત પરિચારિકા લક્ષ્મીદેવી પરની પોતાની લાગવગના પ્રભાવે સંખ્યાબંધ મોહક યુવાનો સાથે આનંદ લૂંટી શકતી. પરિચારિકાનો પ્રેમ તુચ્છકારનારનું જીવન જોખમાઈ જતું. લક્ષ્મીદેવી પોતે જ ગગનસિંહ નામના એક ગુલામ સાથે પ્રેમમાં પડેલી અને તે ગુલામને તેણે પ્રધાનને દરજ્જે ચડાવ્યો હતો. આ સ્થિતિમાં જંગબહાદુરને પણ લક્ષ્મીદેવીની સતત તહેનાતમાં રહેતી તેની મુખ્ય ને ખૂબસૂરત પરિચારિકા સાથે પ્રેમ બાંધવો પડયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જંગબહાદુરનો એક પિત્રાઇ ડેબીબહાદુર રાજ્યમાં પ્રતિષ્ઠિત અમલદારનો હોદ્દો ધરાવતો હતો. પણ લક્ષ્મીદેવીની એક પરિચારિકાએ પોતાના પ્રેમિકને માટે રાણી પાસેથી એ હોદ્દો લખાવી લીધો. ડેબીને આ ફેરફારના સમાચાર મળે એ પહેલાં જ તે પ્રેમિકે દરબારમાં આવતા ડેબીને ધક્કો મારી પાડી નાખ્યો ને તેની પાસેથી હોદ્દાનો ચાંદ ને તલવાર ઝૂંટવી લીધાં. ડેબીએ આ સંબંધમાં ન્યાય–મંદિરમાં ફરિયાદ કરી પણ લક્ષ્મીદેવીનો લેખિત હુકમ જોતાં ન્યાયાધિકારીએ ફરિયાદ કાઢી નાખી. ડેબીને આ જોઇ ક્રોધ ચઢયો. તેણે ક્રોધમાં જ રાણી ને ગગનસિંહના સંબંધ પર કટાક્ષ કરી રાજમંદિરની કેટલીક કુટિલતાઓ બહાર મૂકી. બધા જ એ જાણતા હતા, પણ બોલતું કોઇ નહિ. ડેબીને એવા સાહસ માટે ફાંસીની સજા થઇ. જંગે વડાપ્રધાન માતબેરને આ અન્યાય અટકાવવા વિનંતિ કરી. પણ રાણીની સત્તાથી ગભરાતા માતબેરે એને અદ્ધર ઉડાવ્યો. ત્યારથી જંગ અને માતબેર વચ્ચે વૈર બંધાયું. ફાંસીએ ચડતા ડેબીબહાદુરને અને સતી થવાને ચિતાએ ચડતી એની પત્નીને જંગે આ અન્યાયનો બદલો લેવાનું વચન આપ્યું. સતીએ એને આશીર્વાદ આપ્યા.



જંગબહાદુર

રાણીના યાર ગગનસિંહને તેજસ્વી વડા–પ્રધાન માતબેરની સત્તા ખૂંચતી હતી. તે લક્ષ્મીદેવીના પુત્રને ગાદીએ લાવવાની બાબત પર ધ્યાન નહોતો આપતો એ વિગતને આગળ કરી તેણે રાણીને પણ પાનો ચડાવ્યો. રાણીએ માતબેરનું ખૂન કરાવવાની યોજના રચી. રાજાને તો માતબેર પહેલેથી જ પસંદ નહોતો. એટલે એ વિષયમાં રાજાની સંમતિ પણ સહેજે મેળવી લેવાઇ. અને જંગ અને માતબેરની કડવાશ જાણતા ગગને, રાજા અને રાણીના પીઠબળ સાથે જંગને એ કામ સોંપ્યું. પરિણામે માતબેરને, ખાસ બહાનાસર, એની લશ્કરી ટુકડીઓથી જુદો પાડી મહેલમાં બોલાવવામાં આવ્યો. અને જંગે એને પગથિયા પર જ વીંધી નાખ્યો.

આ પ્રસંગથી જંગ સહેલાઈથી રાણીનો પ્રેમ જીતી ગયો. છતાં રાણીને હવે પોતાના યાર સિવાય બીજા કોઈની પર વિશ્વાસ નહોતો. પણ રાજા તે યારનો સખત વિરૂદ્ધ હતો. તેણે આ કટોકટીની પળનો લાભ લઈ પોતાના મળતિયા ફતેહજંગને મુખ્ય પ્રધાનપદે નીમ્યો. રાણીને આવી ગંભીર પરિસ્થિતિમાં રાજાનો વિરોધ કરવો અવાસ્તવિક

[અનુસંધાન પૃ. ૧૩૯]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રેમાળ ગોમતીએ પતિ પાસે હોંશમાં જે માગી, અને પતિ જેની સાથે હૈયું
પણ તેજસ્વિની માલતીને ત્યાં ભૂલી આવ્યા તે—

# ચુડલી

નિરંજન

'આનીકોર કાચું બોર કાચું બોર
આની કોર પાકું બોર પાકું બોર
અન મારી બૂન ઢેંગલે રમે ભાઈ
ઢેંગલે રમે......'

આંગણામાં બેઠી બેઠી જીવી ભત્રીજીને રમાડી રહી હતી. વારાફરતી એક એક હાથ લઇ જીવી 'કાચુ...બોર...પાકુ બોર' કરતી અને જ્યારે 'મારી બૂન ઢેગલે રમે' બોલતી ત્યારે તો નાની બાળકી ખડખડાટ હસી પડતી. જવેરાની માફક પીંખાઈ જતા વાળને દોરીથી ભેગા કરી બાંધ્યા હતા. જ્યારે તે કૂદકા મારતી ત્યારે તો પેલો વાળનો મોરલો નાચી ઊઠતો.

'અન બૂન વાવા બતાય જો.' જીવી નાની કીકી માફક કાલું બોલી પૂછતી. પેલી બાળકી જવાબમાં હાથની બંગડીઓ બતાવતી હની ત્યાં જીવી હર્ષમાં બોલી ઊઠીઃ

'એ ભઇ આયા,' નાની ભત્રીજીને ઉપાડી ઘરમાં પેસતાં ફરીવાર હર્ષથી ઊભરાતી બૂમ મારી, 'ઓ...મા. ભઇ આયા.'

રસિક ઘરમાં પ્રવેશે તે પહેલાં તો ઘરમાં 'ભઈ આયા' 'ભઈ આયા' થઈ ગયું. જેટલાં હાજર હતાં તે બધાં સામે આવ્યાં ને ભાભીએ તો ભાઈના હાથમાંથી બેગ પણ લઇ લીધી.

'શરીર તો હારૂં છન ભઈ' મા રસિકના મોં પર હાથ ફેરવી પૂછતાં હતાં. તેમની આંખમાંથી કંઈક ઊભરાઈ રહ્યું હતું.

ઘરનાં બધાં ભઈની ખબર પૂછી રહે તે પહેલાં તો પાડોશીઓ પણ 'ભઈ હારૂં છ ક?' કરતાં આવવા લાગ્યાં. રસિકના આગમનથી ઘરમાં અવસર જેવો આનંદ રેલાવા લાગ્યો.

થોડીકવાર રસિકના ભણતરની, તેના શરીરની, તેની પરીક્ષાની વાતો થઇ. સમાચાર પૂછી બીજાં તો ધીમેધીમે વીખરાઇ ગયાં. રસિક અને તેના ઘરનાં બધાં ઘરની ઓસરીમાં બેઠાં.

'અલી સમુડી જો કાકા આયા.' પેલી નાની છોકરીને રમાડતાં રસિકની મા કહેવા લાગ્યાં; 'પૂછતો ખરી, તારા બોલે શું ખાવાનું લાયા છ.' રસિક સમુડી સામે તાકી રહ્યો. સમુડીની બા એક બાજુ ઊભાં ઊભાં હરખાતાં હતાં.

'તે ભઈ તમે તો સમુડીન ધાવણી હતી તાણુ જોઈ હશે.' તેમનાથી બોલાઇ જવાયું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'હોવસ્તો. પછ તો ભઇને ભણવા જવાનું થયું.' રસિકની માએ જ જવાબ વાળ્યો.

'મારી સમુડી તો હોંશિયાર છ હોંક. બૂન મને છીંકી તણાવોને?' માએ કહ્યું, ને સમુડીએ મુઇ બે આંગળાં ભેગાં કરી માના નાકે અડાડયાં. આ વખતે તો રસિક પણ હસી પડયો.

'બૂન આ બેઠા એમને ઓળખ છે કે? એ તો કાકા થાય હોં, કાકા.'

આ વાતચીત ચાલતી હતી તે દરમ્યાન રસિકની આંખો કોઈ ને શોધતી હતી. મા તેની નજર વરતી ગયાં ને ધીમે રહી બોલ્યાં, 'ગોમતીવહુ પાણી ગઇ છ ખરા કે?' અને જીવીએ માથું હલાવ્યું.

રસિકે તો વહુને નહિ જોઈ હોય પણ ગોમતીએ તો 'તેમને' જોયા હતા;–પાણી ભરવા જતાં નેળિયામાંથી નીકળતા રસિકને જોયો હતો. લાજ કાઢેલી હતી છતાં એકબે વાર પાછું વળીને તેણે જોઈ પણ લીધું હતું. અજાણતાં તેના પગ પણ ઘડીક થંભીને ઝડપથી ઊપડયા હતા. કુવા પર પણ મોરિયો નંદાઇ જશે તેની પરવા કર્યા વગર ઝડપથી તે પાણી ખેંચતી હતી. એક બાઇએ ટકોર પણ કરેલીઃ

'જોતીએ નથ ક. હમણાં મારો મોરિયો નંદાઇ જાત ને!'

'દેશાવરથી વર આવવાના છ એટલે જવાની ચઢી હશે.' એક આધેડ વયની બાઈએ મશ્કરી કરી. ગોમતીને કહેવું હતુંઃ

'એ તો આઈએ ગયા. મેં જોયા ને!' પણ હોઠે આવેલા શબ્દો પાછા જ્યાંથી આવ્યા હતા ત્યાંજ સમાઇ ગયા.

બેડું ઉપાડી ગોમતી રોજ કરતાં કંઇક જુદી જ ચાલે ચાલતી હતી. થોડા દિવસથી તો તે રસિકની મેહની પેઠે રાહ જોતી હતી. 'તેમને' રજાઓ પડી ગઈ છે તેની તેને જાણ થઇ ગઈ હતી. પહેલાં તો રજાઓ પડે કે એક-બે દિવસમાં રસિક ઘેર આવ્યો જ હોય. પરન્તુ આ વખતે તો બેએક કાગળ લખ્યા ત્યારે ભાઈ આવ્યા. તેના પિતાએ છેલ્લા પત્રમાં તો ઠપકોએ લખ્યો હતો 'ખરૂં કહીએ તો ગોમતીની ખાતર પણ તારે આવવું જોઈએ,'–એવો પત્રનો ધ્વનિ હતો. એકલા સસરાને કેમ, ઘરનાં બધાંને ગોમતીવહુ તરફ સહાનુભૂતી હતી. સાસુ તો વહુને આડકતરી રીતે કહેતાંએ ખરાંઃ

'હવે આ કાગળ મળે એટલે તો ભઇ એક-બે દા'ડામાં આગો ગણો. નાં આવતો ઇના બાપ ચાંબડીએ ઉતારી નાખે તો. આ તો છોકરમત કહેવાય. તેને કાંઈ ઘરનું ભાન છ?' આવું આવું સાસુજી ઘણું કહેતાં. અને તેમની ભવિષ્યવાણી ખરીએ પડી. ઠપકાવાળા પત્ર પછી તો રસિક તુરતજ ઘેર આવવા નીકળ્યો.

'કેવા થઈ ગયા હશે? મારા માટે શું શું લાવ્યા હશે? મારી મંગાવેલી ચુડલી લાવ્યા હશે કે નહિ? મને શું પૂછશે?' આવા આવા પ્રશ્નો ગોખતી ગોમતી ઘરના આંગણે આવી પહોંચી. રોજ તો બોલતીઃ

'જીવી બા જરા ઉતરાવજો.' પણ આજે તો જીભ ચોંટી ગઈ. માત્ર હૃદય તાડૂકીને બૂમો મારતું હતું.

'જાને જીવલી, વહુ ક્યારની ઊભી રહી છ ન?' માએ કહ્યું અને જીવી દોડતી ગઈ અને બેડું ઉતરાવ્યું. ઉતરાવ્યું એટલુંજ કેમ—ધીમે રહી કહી પણ દીધું કે, 'ભાભી મારા ભાઈ આઇ ગયા.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગોમતી કમાડની તડમાંથી ‘ તેમને ’ ધારીધારીને જોઇ રહી હતી. ગોમતીને રસિકનું શરીર તો સારૂ લાગ્યું. ટાપટીપ હતી તેથી વધેલી પણ લાગી. ધરાતી ન હોય તેમ ગોમતી તો ‘ તેમને ’ જોઈ રહી હતી. એકવાર પકડાઇ જતાં જેઠાણીએ કડવું મોં કરી બોલેલાં, ‘આં હાં હાં. બળ્યું આવી તે શું અધીરાઈ આવતી હશે ! પછી નહિ જોવાય તે ? ’ અને ગોમતી શરમાતી ઓરડામાં ભરાઇ ગઈ.

રસિક સાચે જ રસિક હતો. ગામને આંજી નાંખે તેવાં ભભકાબંધ કપડાં પહેરતો. સાથે કેમેરા તો હોય જ. છોકરાં તો મોં જોઇ શકાય તેવાં બૂટ જોઈ જ રહેતાં. ગામમાં લીલાંછમ દાતણ મળે તો પણ મોડા મોડા ઊઠી રસિક બ્રશ લઇને ઓટલા પર બેસતો. કૉલેજમાં કદાચ ચલાવી લેતો હશે પણ અહીં તો રોજ સાબુથી નહાતો. મઘમઘી ઊઠે તેવું તેલ નાખતો. કપડાં ચીપીચીપીને પહેરતો. આમ રસિક બધાથી જુદો તરી આવતો હતો.

સંયુક્ત કુટુંબની કમાણી પર રસિકના આ શોખ નભતા હતા. ખેતીમાં સારી એવી આવક હતી. ઉપરાંત તેના પિતા ધીરધારમાં પણ કંઈકનાં ખેતર, કંઇકનાં ઘર ચોપડામાં ચડાવી દેતા. એટલે રસિકનો ખર્ચ તેમને ભારે પડતો નહિ. આમ તો કદાચ ભારે પડે, પરન્તુ; ‘મારો રસિક તો મોટો સાબ થશે ને કોથળી ભરીને મહીને કમાશે,’ એ આશામાં તેમને આ ખર્ચ ખૂંચતો નહિ.

અને ગોમતીવહુ આવા અલબેલા વરને જોઈ મલકાય તેમાં કંઈ નવાઈ ન હતી. તેના પિયેરમાં વાત નીકળતાં ગોમતી કોઇકવાર ‘ તેમનાં ’ વખાણ પણ કરી દેતી. તેની બેનપણીઓને તો ‘ તેમની ’ રજેરજ વાત કરતી. તે બધાં આ ઇર્ષા આવે તેવા ધણીની વાત સાંભળી એટલું જ કહેતાં, ‘ એ તો તારા ગયા ભવનાં પુન્ય તે આવો ધણી મળ્યો છે.’

ગોમતી પણ ‘તેમની’ કાળજી રાખવામાં કંઇ કમીના રાખતી નહિ. તે ઊંઘી જાય ત્યાંસુધી તો તે પવન ઢોળતી. તેઓ નિરાંતે સૂઇ શકે માટે એકબાજુ જ પડી રહેતી. તેમની ઊંઘ ન બગડે તેટલા માટે તો તે હળવે રહી પડખું ફેરવતી. તેને તો તેમની’ સેવા કરવામાં જ આનંદ આવતો. તેમાં માત્ર એકલો આનંદ જ ન હતો, ગોમતી તો સેવાને ધર્મ સમજતી.

રસિક ગમે તેવો હોય પરંતુ ગોમતીની આ સેવા એને સ્પર્શ કર્યા વગર રહે ? ગોમતી ગમી જાય તેવી હતી. તે દરેક બાબતમાં તેની કેવી કાળજી રાખતી. ‘તે’ કહે તે તો ખોટું હોય જ નહિ એમ માનનારી ગોમતી રસિકની નજીક આવતી ગઈ. ગોમતી સાધારણ ભણેલી હતી પરંતુ તે એવું કંઈક જાણતી કે જેથી રસિકને અણગમો થતો નહિ. વાત કરવામાં તો તે પાછી પડેજ નહિ. ‘તેમને’ પણ મૂંઝવી નાખે તેવા પ્રશ્નોની પરંપરા ચલાવતી. ભાવી જીવનનાં સ્વપ્નાં રચવામાં તો કેટલીકવાર તે રસિક કરતાંએ આગળ વધી જતી હતી. આખા દિવસના શ્રમથી થાકેલી હોય છતાં ગોમતી વાત ચાલતી હોય ત્યાંસુધી તો ઊંઘને નકારે જ. રસિક આંખો બીડતો હોય તો ધીમે રહી કહે, ‘બસ ઊંઘી ગયા ને ?’

રજાઓ પૂરી થવા આવી ત્યારે તો બે જણાં મોડી રાત સુધી કંઈક ગણગણાટ કર્યે જતાં ગોમતીને તો વાતો જ ન ખૂટે રસિક પણ ખીલતો અને વાતોડી વહુને ખીલાવતો. છેલ્લા દિવસે તો રસિકે જ પૂછેલુંઃ

‘ બોલ તારા માટે શું લાવું ? ’

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'તમારે જે લાવવું હોય તે લાવજો ને.'

'ના ના, તું કહે તે લાવું. બોલ તને શું ગમે છે?'

'લ્યો. હારી મઝાની ચુડલી લાવજો તાણ.' એકાએક ગોમતી બોલી. તેની દુનિયામાં ચુડલીનું મહત્ત્વ ઘણું ગણાતું હતું; અને રસિકે કહ્યું:

'બસ ચુડલી જ. સારૂ ત્યારે તારે માટે સુંદર ચુડલી લાવીશ હોં.' આ સાંભળી ગોમતી કેવી ખુશખુશ થઈ ગઇ હતી તે તો કોણ કહી શકે?

પરંતુ રસિક તે પછી વધારે વાતો કર્યા વગર પડયો રહ્યો. ગોમતીને લાગ્યું કે 'તેમને' ઊંઘ આવતી હશે એટલે તે પણ બોલ્યા વગર પવન ઢોળવા લાગી.

રસિકને ઊંડે ઊંડે એમ થવા લાગ્યું કે માગીમાગીને તેણે ચુડલીજ માગી? ઊંચા શિખર પરથી ગબડી પડયો હોય એમ તેને થવા લાગ્યું. તેની નજર આગળ કૉલેજિયન છોકરીઓ તરવા લાગી. તેમની ચાલવાની છટા, મીઠું હાસ્ય વેરતી આંખો, દિલને ગમી જાય તેવી દેહલતા રસિક યાદ કરવા લાગ્યો. એ કયાં ને આ ગોમતી કયાં?

વર-વહુ એમાં વહેલું કોણ ઊંઘી ગયું તે તો કોણ કહી શકે? પણ રસિક સવારમાં ઊઠી બારીમાં બેઠો ત્યારે તો ગોમતીવહુ રોજની માફક છાણ ભરતી હતી. વચ્ચે વચ્ચે ચોરી-છૂપીથી બારી સામે નજર કરી લેતી. પણ આજે રસિકને ગોમતી આકર્ષક ન લાગી. છાણને ચૂંથતી, જાડાં-છાણથી ખરડાયલાં કપડાં પહેરેલી ગોમતી એવી જ ગંદી લાગી. પોયણું જેમ ચંદ્ર સામે હસી રહે તેમ ગોમતીવહુની બે આંખો રસિકની સામે હસી રહી હતી, પણ રસિકને તે ન હસાવી શકી.

ફરીવાર પણ રસિકે ગોમતીની કૉલેજિયન છોકરીઓ સાથે સરખામણી કરી લીધી. તે કેટલી ગંદી, કેટલી કદરૂપી, કેટલી બરછટ અને કેટલી અસંસ્કારી લાગતી હતી? 'શું મારે આખી જિંદગી આની સાથે ખેંચવાની?' તેણે દીર્ઘ નિઃશ્વાસ મૂકયો ને બ્રશ લઈ ભારે પગલે નીચે ઊતર્યો.

*

રજાઓ પડી છે તે સાંભળ્યું ત્યારથી ગોમતીને ચુડલી યાદ આવવા લાગી. કોઈકવાર પથારીમાં મીઠું હસી પડતી: 'તેમને વળી ચુડલી લાવતાં ક્યાં આવડશે? મારા હાથના માપ વગર ચેની લાવશે? હું એ ગાંડી તો ખરીજ તો, માપે નાં આલ્યું. એમને વળી શેકયો પાપડે કયાં ભાગતાં આવડે છે.'

રસિકે રજા પડતાં લખ્યું કે, 'હમણાં કામમાં છું. નહિ આવી શકાય.' ત્યારે તો ગોમતીએ કંઈની કંઈ કલ્પનાઓ કરેલી:

'રજાઓમાં તે વળી શું કામ હશે? દરવખતે આવતા ને આ વખતે શું કામ આવી પડયું હશે?' તેના મનમાં ગડમથલ થતી હતી. ઘણીવાર સાસુજીને પૂછવાનું મન થતું પણ કદાચ ટોકશે એ બીકે તેનું મોં શીવાઇ જતું. પણ જ્યારે સસરાએ ઠપકાનો પત્ર લખ્યો છે એ જાણ્યું ત્યારે તેણે ઊંડે ઊંડે નિરાંત અનુભવી. ઘરમાં રસિકના બાપનું જ ચલણ હતું. તેમની ઇચ્છાવિરૂદ્ધ કંઈજ થઈ શકે તેમ ન હતું. એટલે ગોમતીવહુને ખાત્રી થઇ ગઇ કે 'હવે તે આવ્યા ગણો.' અને રસિક આવ્યો.

પિતા અને ભાઇઓ ખેતરથી આવ્યા પછી બધા સાથે જમવા બેઠા. તેના પિતાએ તેના અભ્યાસને લગતી થોડીક વાતચીત કરી. તેને શું કામ હતું તે પણ પૂછ્યું. પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રસિકે ગોળગોળ જવાબ આપી પિતાજીને સમજાવી દીધું. તેના બાપના મનમાં પણ એમજ કે 'ગમે તે કામ હોય ના. હવે આવ્યો એટલે પત્યું.' આમ થોડીકવાર વાતચીત થઈ અને તેના બાપાજ બોલ્યાઃ

'ઠીક ઠીક. જા ભઈ, તું તારે ઉપર આરામ કર.' અને રસિક મેડે ચડી પથારીમાં પડયો.

કામનું બહાનું કાઢી ગોમતીને ઉપર જવાનું મન થયું પરંતુ જેઠાણી પાછાં ટકોર કરશે ને હસશે એ બીકે તે ઉપરતો ન જ ગઇ.

ભાઈ ઉપર ગયા છે તે તક સાધી જીવી ઓરડામાં જઇ ભાઈની બેગ ફેંદવા લાગી. ભાભી માટે કંઈક લાવ્યા હશે? અંદર શું શું રાખે છે? આવી કુતુહલવૃતિથી પ્રેરાઈ તે બેગ જોવા લાગી. અંદર એક ફોટો જોયો. ભાઇ કોઈક અજાણી સ્ત્રીના ખભા પર હાથ મૂકી ઊભા હતા. જીવીએ ધારીધારીને જોયું ને ખાત્રી કરી જોઈ કે તે ભાભી તો ન જ હતી. જીવી મા પાસે દોડી.

'મા, મા, ભઇની પેટીમાં ફોટો છ.'

'તે હોય એમાં શું? તને ઝપ નાં થઈ ખરા? એ જાણશે તો પછ અડવાએ નહિ દે.'

'પણ આતો કોક બાયડી બેઠી છ ને ભઈ એના ખભા પર હાથ દઇ ઊભા છે.'

'ચૂપ મર. કોક તે વળી કુણ હોય? હશે તારી ભાભી.'

'ના, આ ભાભી નાં હોય. આતો રૂપરૂપનો કટકો છ. હું ભાભીન ના ઓળખું !'

'હવ છાંનીમાંની બેસી રે. નકામે બબડાટ કર છ તે?'

જીવીની વાત ત્યાંજ રહી.

ગમે તેમ હોય પરંતુ રસિક આ વખતે અતડો અતડો રહેતો હતો. મેડા પર એકલો બેસી રહેતો. ચોપડીનાં પાનાં ફેરવતાં ફેરવતાં આંખો બીડી પડયો રહેતો કે પછી આંટા મારતો. ગોમતી રસિકની ગંભીરતા જોઇ ડરી ગઈ હતી. તે ચુડલી ન માગી શકી. ગોમતી ઉપર આવે તે પહેલાં તો રસિક ઊંઘી ગએલોજ દેખાય. કાલે વાત થશે એમ મનને મનાવી ગોમતી ઊંઘી ગએલા વરને પવન ઢોળતી અને 'તેમને' સાંભળાવવા એકઠી કરેલી વાતો એમને એમજ રહેતી.

રસિકની મા પણ તેની ઉદાસીનતાને કળી ગયાં હતાં. એકવાર તો ઓસરીમાં બેઠાં બેઠાં રસિકના બાપને કહી દીધુંઃ

'તમે માંનો ન માંનો પણ છોકરો બદલાઇ ગ્યો લાગ છ. જુઓને આખો દા'ડો મેડી પર પડયો રે છ. પહેલાં તો એવી હસીને વાતો કરતો, એવો ખેતરમાં ફરવા જતો. આતો દૂનમૂન બેસી રે છે.'

'શહેરમાંથી આયોને એટલે થોડા દા'ડા નાં ગોઠે. એ તો પછ હતો એવોને એવો.' કહી રસિકના બાપાએ વાતનું સમાધાન કર્યું.

પરંતુ અઠવાડિયું થયું ત્યાંસુધી તો રસિકની ઉદાસીનતા ન ઊડી તે નજ ઊડી. ઘેરાયેલા આકાશ જેવું તેનું મોં ગોમતીને ચૂપ કરી દેતું. ગોમતી આ ચઢેલું મોં જોઇ રોવું રોવું થઇ જતી.

રસિકની માએ તો તેને આ પરિવર્તનનું કારણ પૂછેલું પણ ખરું. રસિકે ટૂંકમાં એટલું જ કહ્યુંઃ 'મને કંઇ થયું નથી. એ તો તમને એમ લાગે.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગોમતી રોજ નિશ્ચય કરી મેડી પર ચઢતી. 'બસ આજ તો એમની હારી વાત કરવીજ છે.' પરંતુ તેનો નિશ્ચય રસિકની ગંભીર મુખમુદ્રા જોઇ ઓગળી જતો. સવારે ઊંઘતા રસિક સામે મીટમાંડી જોઈ રહેતી. તેનાં ઝુલ્ફાંમાં આંગળાં પરોવવાનું મન થતું હતું, તેના મોં પર હાથ ફેરવવાની ઇચ્છા થતી હતી પણ તેમની ઊંઘ બગડે એ વિચારે તે અટકી જતી.

'બસ આજ સાંજે તો ઊંઘી ગયા હોય તોએ જગાડીને વાત કરવી છે. ચુડલી તો માગુંજ,' બબડતી બબડતી ગોમતી નીચે ઊતરી.

પણ તે જ દિવસે ફ્રોઈકનો તાર આવ્યો. તાર વાંચી રસિક બહુ ગંભીર બની ગયો, અને ગોમતીને ફાળ પડી. માલતી આબુ જવા ઊપડી હતી ને તેને સ્ટેશનેથી સાથે થઈ જવા જણાવ્યું હતું.

માલતી તેની સાથે ભણતી છોકરી હતી. કોઈ કારણસર રસિકને તેની સાથે ઓળખાણ થઈ હતી ને સંબંધ વધતો ચાલ્યો હતો. માલતી સાથે મઝા કરવા તો તે ત્યાંજ રોકાવાનો હતો પણ પિતાજીના ઠપકાવાળા પત્ર પછી એક પણ દિવસ વધારે રોકાવાની તેની હિંમત ચાલી ન હતી.

રસિકને શું કરવું તે એકદમ તો ન સમજાયું. તે જવા તલસતો હતો. પણ તેના પિતા રજા આપે તેમ જણાતું ન હતું. તેમને સમજાવવા રહે તો તો ગાડી ચૂકે તેમ હતું. ગાડીનો ટાઈમ થઇ ગયો હતો. જરા પણ વખત ગુમાવ્યે પાલવે તેમ ન હતું. અને ગયા વગર કંઈ ચાલે? ન જાય તો માલતી શું ધારે? તેની મૈત્રી પછી તૂટીજ જાય ને? માને ગમે તેમ કરી સમજાવી દેવાનો એક વિચાર આવ્યો, અને એ મા પાસે આવ્યો.

'મા. આજે મારે બહારગામ જવું પડશે.'

'પણ કયાં જવાનું છ?'

'આબુ' રસિકથી ઓચિંતા સાચું બોલાઇ ગયું.

'પણ ત્યાં તો તું જઈ સાલજ જઈ આવ્યો ફ્રન ભઈ.'

'પણ મારા મિત્રોએ તાર કરી ખાસ બોલાવ્યો છે. હવે કંઈ ગયા વગર ચાલે? અને થોડા દિવસમાં પાછો આવીશ.'

'તારા બાપા ખેતરમાં જયા છ ન? ભઇ એમને પૂછીને જજે. હું તો કાંઇ નાં જાણું.'

'પણ તમને કંઇ ખબર પડતી નથી. ગાડીનો તો ટાઈમ થવા આવ્યો. અને હું ન જાઉં તો પછી તે શું ધારે?'

'તું જાણે તારે!' માએ ભારે અવાજે જવાબ દીધો.

'આ તો ગયા વગર છૂટકો થાય તેમ નથી. મારા બાપાને તમે સમજાવજો. મારે તો ગાડીનો ટાઈમ થાય છે.'

રસિક થોડીવાર ત્યા મૂંઝાતો ઊભો રહ્યો ને પછી ધીરે રહી ત્યાંથી ખસી ગયો.

એણે ઝટપટ બેગ-બિસ્ત્રો તૈયાર કર્યા, અને જાતે જ એ ઉપાડી બહાર નીકળ્યો.

'ઠીક મા, ત્યારે હું જાઉં છું હાં.' કહી રસિક લાંબાં પગલાં ભરતો ચાલ્યો ગયો.

તેની મા કંઇ બોલી શકયાં નહિ. ઓસરીમાં જ તે બેસી રહ્યાં. છીંકણીની દાબડી એમને એમ હાથમાં રહી ગઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગોમતી આજ પથારીમાં આળોટતી હતી. એક પડખે ઘસઘસાટ ઊંઘતી ગોમતી આજ આખી પથારી ઘસતી હતી છતાં ઊંઘ આવતી ન હતી. તે આમ ઓચિંતા કેમ ગયા હશે એની જ ગડમથલ ચાલતી હતી.

'જીવીબા કહેતાં'તાં એ હાચુ હશે? કોના હારી ફોટો પડાયો હશે? અન આ વખત તો મારી સામે ચ્યાં જોયુંએ છે?' ગોમતીના હૃદયમાં શંકાઓ ઘેરાવા લાગી.

પોતે હિંમત કરી 'તેમની' સાથે વાત ન કરી શકી તે માટે પસ્તાવો થવા લાગ્યો. શા માટે તેણે છૂપી રીતે ફોટોએ ન જોયો? શા માટે 'તેમની' ઉદાસીનતાનું કારણ ન પૂછ્યું? ગોમતી પોતાની જાતને વારંવાર ઠપકો આપવા લાગી. ને ધીમે ધીમે તેની આંસુ-ભીની આંખો ઘેરાવા લાગી.

—ગોમતી ના પાડતી હતી છતાં પેલી સ્ત્રી કેમ તેની ચુડલી પડાવી લેતી હતી?

'એમ તો હું કાંઇ જાઉં તેવી નથી' કહેતી ગોમતી ઊભી થઇ અને પેલી સ્ત્રીને ધક્કો માર્યો.

'મારી ચુડલી લેવા આવી છ? રાંડ,' કહી ગોમતી દાંત કચકચાવીને પાટુ મારવા જતી હતી ત્યાં 'તે' દેખાયા.

'કેમ પાછી ધમાલ કરે છે? ચાલ કાઢી આપ ચુડલી.'

'નહિ કાઢી આલું.' ગોમતી બોલી.

પેલી સ્ત્રી ઊભી થઈ પાછી ચુડલીને કાઢવા મથતી હતી. રસિક ગોમતીને દબાવી રહ્યો હતો. ગોમતી જોર કરી છલંગ મારી ઊભી થઈ ગઈ.

'આય રાંડ તન ચુડલી અલાઉં!' કહી ગોમતી પેલી સ્ત્રી પર તૂટી પડી, પણ ત્યાં તો રસિક સોટીએ સોટીએ ગોમતીને મારવા લાગ્યો. ગોમતી ચીસો નાખે છે પણ કેમ છોડતો નથી? ગોમતીના બરડામાં લોહીની શેરો ફૂટવા લાગી. રસિક માર્યે જ જાય છે. આ લોહી લોહી......

ગોમતી કળકળતી હતી એ દશામાં પેલી સ્ત્રીએ ગોમતીની એક ચુડલી કાઢી લીધી. બીજી કાઢવા જાય છે ત્યાં મારની પણ પરવા કર્યા વગર તે પેલી સ્ત્રીને પગથી લાતો મારવા લાગી. એ સ્ત્રી ઢળી પડી. આ જોઈ રસિક વધુ ખીજાયો ને જોરથી ત્રાડ મારી.

'હવે ન માને તો ફોડી નાખને!' આમ કહી રસિકે જાતે જ તેના જમણા હાથ પર સોટી મારી અને ચુડલીના ચૂરેચૂરા થઈ ગયા. ગોમતીથી વેદનાની એક ચીસ પડાઈ ગઇ.

બેબાકળી ગોમતી બેઠી થઇ ગઈ. તેણે ચારે બાજુ આંખો ગોળગોળ ફેરવવા માંડી, ત્યાં તો કોઈ ન હતું. પેલી સ્ત્રી અને રસિક નાસી ગયાં હતાં. ગોમતીએ આંખો ચોળી ઝટ ચુડલી સામે જોયું. નવી નહિ તોય જુની ચુડલી તો હાથ પર હતી; એણે વધુ ખાત્રી કરવા ઊભાં થઈ બરડામાં હાથ ફેરવ્યો, ત્યાં તો કંઇ જ વાગ્યું ન હતું. લોહીનું નામનિશાન ન હતું.

સવારસુધી ગોમતી ચુડલીનો, 'તેમનો' અને સ્વપ્નનો વિચાર કરતી જાગતી બેસી રહી.

———o———

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આવી ગઈ!

મોહન ઠક્કર

આછી આછી એક આવી'તી વાદળી,
અંતરનાં અમરત અરપી ગઈ;
સૂકી વેરાન મારી જીવનની ભોમકા
સીંચી સંજીવની ધરપી ગઈ! આછી૦

*

મીઠી મીઠી એક મ્હોરી'તી મંજરી,
અંતરનાં પરિમળ ઝરતી ગઈ;
સૂકી સુગંધહીણી જીવન ગુલઝારને,
ફોરગથી મ્હેક મ્હેક કરતી ગઈ! મીઠી૦

*

ઝીણી ઝીણી એક ઝબૂકી'તી તારલી
અંતરનાં તેજ-અમી ઢાળી ગઈ;
સૂના, અંધારભર્યા જીવનના વ્યોમને
ચેતન-ઝબકારે ઉજાળી ગઈ! ઝીણી૦

# કવિ અને કવિતા*

નૌતમ

કવિની પાંપણને પારણિયે પોઢતી
કવિતા હું કો સ્નિગ્ધ સ્વપ્નશી પ્રેમના;
અભિનવ રંગી કલ્પન અંગે ઓઢતી,
સત્ય, સનાતન સુંદર, શિવની ખેવના!

પરોઢિયેથી સાંજસુધી એ ન્યાળશે,
સૂર્યકિરણિયાં ખિલખિલ હસતાં નીરમાં;
કમળ-પાંખડીના પરિમળમાં મ્હાલશે,
(?) વીણશે સાગર-સોણાં-છીપલાં તીરનાં!
કિન્તુ એમાંથી જે એ સર્જી જશે,
સર્જન સાચાં, ચિરંજીવ મનુષ્યથી,
સંજીવની સીંચ્યાં સે સર્જન મ્હેકશે
સત્ય, સનાતન સુંદર સૌરભ શ્વાસથી!

* શેલેના એક આંગ્લ ગીતની કેટલીક પંક્તિઓ પરથી સૂચિત.

# કાકાની ઉક્તિ

જેઠાલાલ ત્રિવેદી

[ મંદાક્રાન્તા-વસંતતિલકા ]

"તારા જેવી પ્રિય નવ મને ચીજ કો અન્ય લાગે,
"સાથે રાખું નિશદિન તને, શોક્ય પત્ની ગણે છો;
"ચૂમુ તારૂં મુખ ઘડી ઘડી ઓડકારો અમીના,
"આવે ને હું ભૂલું જગતની અન્ય જંજાળ સર્વે.
"લોકો કેરી ઠઠ, સમિતિ વા હો સભા કે કચેરી,
"યાત્રામાં યે પણ પ્રિય મને સંગ તારો, ગણે છો
લોક ઘેલો મને સૌ.

"કુરૂપ તું, જગ કહે પણ રૂપ તારાં
"પીધા વિના અધર અમૃત કો ન જાણે.
"શિષ્ટો અશિષ્ટ ગણતા તુજને અશુદ્ધ,
"હું અગ્નિથી અધિક શુદ્ધ તને પ્રમાણું.
"તારૂં મીઠું મિલન, લોક નિંદે ભલે છો,
"ડોસો થયો પણ ન મોહ ઘટે, વધે છે."
હુક્કાની નેં મુખ ધરી સડકો લગાવી
કાકા કહે: "શકું ન તુજ ગુણો ગણાવી."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કચ્છી સાહિત્ય

હરસુખરાય ગોરધનદાસ માંડલીઆ

[ ગતાંક પૃ. ૫૫ થી ચાલુ ]

**હવે** કચ્છી કહેવતોના થોડા નમુના જોઇએ:—

નીચેની કહેવતો પરથી જણાશે કે કચ્છી કહેવતોમાં પ્રધાનતઃ ગમ્મત છે અને તે સાથે જ્ઞાન અને ભાવવાહી અર્થ પણ છે જ.

(૧) અકરમીજા ખટલા વીયાંજે=અકરમીનો પરિવાર ઝાઝો હોય!

(૨) ઘરજો ગુંગણુ નેમજેજો મુંગણુ–રતપીએ=ઘરનો કલેશ ને માંકડ બન્ને લોહી પીએ
(કજિયો) (ખાટલો) (માકડ) (લોહી)

(૩) ચોમાસે જે વસંધે મીં, ઉનારે જે તપંધેડીં,
સીયારેજી પાછલી રાત, અલા મડીજ હિંગણુજી તાત.

( અર્થાત ) 'વરસાદ વરસતો હોય, ઉનાળાનો ઘોમ ધીખતો હોય અને કડકડતી ઠંડી પાછલી રાતે પડતી હોય ત્યારે,'–ઈશ્વરને પ્રાર્થના કરી કહે છે કે—'હે પ્રભુ ! અમને દિશાએ જવાનું ન થાય એ જોજે!'

(૪) 'જુકો લખ્ખણ લખ્યા સે અકરમી જા અડ
નિંધર વડી, જિંભ લમ્મી, ભમે ભરે ભઠ,
આંઉચો વા ઉંચાં, મુરેં ન અચે હીલો
પરાય અડણુ વીઠો, તખુતો કર ખીલો
જ થીએ ઢીલો ત અધરાત તૈં (લગી) ઉથીએ નં.' ("કચ્છી કહેવતો"માંથી)

અર્થાત્ : અકરમીનાં આઠ લક્ષણ કહ્યાં છે. જેવાં કે ઘણી ઊંઘ, જીભ લાંબી, ગમે તે વખતે ગમે ત્યાં રખડવું, સવળું કહો તો પણ ભલે ને અવળું કહો તો પણ ભલે, વિચારની ખામી, પારકે આંગણે ખીલાની માફક ખૂપીને બેસવું અને થાક લાગવાથી ઢીલો થઈ પડે તો અર્ધી રાત લગી પણ ઊઠે નહિ!

(૫) ધીંગેજી ધરા, ને બરૂકેજી બાયડી=બળિયાના બે ભાગ.

હવે એકાદ **ઓઠાંનો** નમુનો લઇએ:

સાધારણ રીતે કહેવાય છે કે કચ્છના ભાટિયાલોકો તેમના પુત્રોને 'કાકુ'ના લાડકા નામ (Pet Name)થી ખૂબ લાડ લડાવતા અને ચાગલા બનાવી મૂકતા; તે એટલે સુધી કે તેમના છોકરાઓ જાણે પોતાને જન્મસિદ્ધ હક્ક હોયની તેમ કહેતા:—

'આંઉ મણીં કે ચાં: મુકે કેર ચે ત આંઉ રૂઈ પાં!=હું બધાને મને ફાવે તે કહી શકું; મને કોઈ કહે તો હું રડી પડું (મતલબ કે મને કોઈ કહી શકે નહિ.)

(૨) એક વધુ ઓઠું લઇએ: કચ્છમાં ચાલતી લાંચરૂશ્વતની નીતિને ત્રણ શબ્દોમાં રમૂજી રીતે દર્શાવી છે: (૧) મીઠી ખાજોટી; (૨) ખારી ખાજોટી; (૩) હડકઈ ખાજોટી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) 'મીઠી ખાજોટી' એટલે પોતાના હક્ક પૂરતી જ અને અનાયાસે આવી પડતી લાંચ લેવી તે; (૨) 'ખારી ખાજોટી' એટલે પોતાના હક-નાહકનો વિચાર નહિ કરતાં જે બાજુએથી લાંચ મળે તે કોઈ પણ પાછી નહિ ઠેલતાં સ્વીકારવી તે; અને (૩) 'હડકઈ ખાજોટી' એટલે પોતે લાંચ માટે ચોપાસ કેર વર્તાવી જેમ આવે તેમ, જ્યાંત્યાંથી 'લાવો લાવો' એવી રીતની લાંચ સ્વીકારવાની નીતિ અખત્યાર કરવી તે.

હવે થોડી કાવ્યપ્રસાદી—

**' ચાય અને છાય "**

( શ્રી. દુલેરાય કારાણીના આ કાવ્યમાં ચા અને છાસ વચ્ચેનો એક કાલ્પનિક રમૂજી સંવાદ ગૂંથેલો છે )

ચાય અચી ચેં છાય કે, " ખણ તોંજે પારો,
આંઉં હુવાં તિત તું નવે, ઈ મુંજે ધારો
ટાણેં મોં—ટારો
કર હાણે કચ્છડે મિંજા. "

(અર્થાત્) ચાએ આવી છાસને કહ્યું કે, " હવે ત્હારા 'પોટલાપોટલી' સંભાળી લે! કેમકે 'જ્યાં હું હોઉં ત્યાં તું ન હોવી જોઇએ' એવો મ્હારો રિવાજ છે. આથી જ કહી દઉં છું કે હવે તું સમયસર કચ્છમાંથી ટળી જઈ મ્હારા માર્ગમાંથી દૂર થા ! "

ચા અને છાસ એક બીજાના દોષ કાઢી લડે છેઃ—

**છાસ :** ફૂલાણી-ફતીયો અને, અબડાણી અણભંગ,
રોપ્યાં રણ વીરેં જિતે, ઝારે જેડા જંગ,
તોંજે પેઓ પ્રસંગ
ત કુમામ કેં તું કચ્છ જા ... ... ...

**ભાવાર્થઃ** જે કચ્છના શૂરવીરો જેવાકે ફૂલાણી, ફતેહમહમદ જમાદાર (કચ્છનો ક્રોમવેલ) વગેરેએ 'ઝારાનું યુદ્ધ' જેવાં પ્રખ્યાત યુદ્ધો યોજ્યાં તે કચ્છના પણ ત્હારે શરણે આવવાથી ત્હેં હાલહવાલ કરી નાખ્યા !

કલજુગજી તું કાલકા, ફેર ઇન મેં ન જરા,
કોપ—રકાબી—કીટલી ખપ્પર તોજા ખરા.

**ભાવાર્થઃ** આ કલિયુગના પ્રતીકરૂપ તું ખરેખર કાલકામાતા જ છો; ત્હારા ખપ્પરરૂપે ત્હેં કપ-સોસર ને કીટલી ધારણ કર્યાં છે !

**ચા :** અઇયેં છટારી છાયતું, આઉં અમીરી ચા,
કાફી મુંજી ભેણને, કાવો મુંજો ભા,
અચ આફીણ અસાંજો, સગો વડો બાપા.

**ભાવાર્થઃ** તું તો દુર્ગંધ મારતી છાસ છે જ્યારે હું તો 'અમીરી ચા' કહેવાઉં છું કે જેની કાફી બ્હેન છે, કાવો ભાઈ છે ને અફીણ જેવો મ્હોટો વડીલ છે!

**ચા :** મુડધા મુંજો ના સુણી, ઉભા થીએં અલબત્ત !

**ભાવાર્થઃ** મ્હારૂં નામ સાંભળીને તો સ્મશાનનાં મૂડદાં પણ ખડાં થઈ જાય છે !

અંતમાં આ બન્ને વચ્ચેનો સંવાદ પૂરો થતાં કવિ કહે છે કે આ લોકોનો કજિયો સાંભળીને દોડી આવેલા માણસોને ચા કહેવા લાગીઃ—

માહુડેં કે ચાય ચેં, હણે હિત ન રાં
મીણા ઓઠાં છાયજા, આંઉ કુરેલા સાં ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુંજી મનજી ગાલસેં, ચોકખી આં કે ચાં,
કઢો છકેલી છાય કે, કાં ત આંઉ મરાં
વિઞાં વાય મેં પાં,
પાછી ન વરાં પોય પણ ... ... ૨૧

**ભાવાર્થ:** હવે હું અહીં રહીને છાસના મેણાં–ટોણાં સાંભળવાને તૈયાર નથી; મ્હારે શા કારણે એ સઘળું સહન કરવું? હું મ્હારૂં દિલ ખોલીને ખરેખરી હકીકત કહી દઉં છું કે કે કાંતો આ 'છકેલી છાસ'ને કાઢો અથવા તો મ્હને મરવા દો. જો હું કૂવે પડવા ગઈ તો કદી પણ પાછી ફરવાની નથી!

કવિ આગળ કહે છેઃ—

ચાય હલઈ તાં નરેંજી, હથમેં રઈ નાડી,
કોક કરીં તા "વોયમા! મુઠાશીં માડી"
ભૂલ થી વઇ ભારી
છૂઓ ન અજનું છાય કે ... ... ...

**ભાવાર્થ:** જ્યારે ચા ચાલવા લાગી ત્યારે માણસોના જીવ હાથમાં રહ્યા નહિ; અને સઘળા 'વોય મા!' 'મરી ગયા' એવી બુમો પાડવા લાગ્યા. પછી લોકોએ ચાને સાંત્વન આપતાં કહ્યું કે, "માતાજી, અમારી ગંભીર ભૂલ થઈ; અમને માફ કરોઃ આજથી અમે કદી ચાને અડકશું પણ નહિ!"

આ પ્રમાણે ચાની છાસ પર થયેલી જીતનું રમૂજી વર્ણન કવિએ સુંદર અને મીઠી શૈલીમાં આપ્યું છે.

તદુપરાંત, આ જ કવિએ પોતાના આઠ આઠ લીટીના ન્હાનકડા રમૂજી ટુચકાઓ ગૂંથી બનાવેલાં કાવ્યો તેમના એક પુસ્તક "કચ્છી કિસ્સા બાવની"દ્વારા પ્રગટ કર્યા છે.

કચ્છના યુવાન કવિશ્રી મૂળજી લક્ષ્મીદાસ સંપટની કૃતિઓમાંથી એક કડી લઇએઃ—
('કચ્છી કાવ્યકુંજ'માંથી)

"જેજે હૃદય મેં દાઝ, પિંઢજે દેશલા નતી વસે
ઉ માડુ કરતા પહાડ જો પાણો ન થ્યો કીં પૃથ્વી તેં?
પાણો ત ખાસો ઉન કનાં, જે ભિત્ત મેં પણ કમ અચેં;
પાણે થકા પણ વ્યો અને પાણી ગુમાએં પૃથ્વીતેં!

આ કાવ્ય "Breathes there a man, with Soul so dead..." એ ભાવને મળતું છે. કવિ કહે છે કે દેશદાઝ વગરના માણસ કરતાં પાણા તરીકે અવતર્યો હોત તો સારૂં; કેમકે, એવા માણસ કરતાં એ પાણો સારો કે જે ભીંત ચણવામાં કામ આવે. અરે, એવા માણસો તો પાણાથી પણ ગયા અને આ પૃથ્વી પર પાણી ગુમાવ્યું.

હવેનું કાવ્ય મ્હારૂં જ બનાવેલું છે, તો પણ તે કાવ્યની પહેલી બે કડીઓ કચ્છના કવિશ્રી કારાણીએ મિત્રભાવે સુધારી આપી છે તેમનો હું આ સ્થળે ઋણી છું. કદાચ આ કાવ્યમાં કવિઓને જોઇએ તેવું શબ્દલાલિત્ય કે સાક્ષરોને જોઇએ તેવું અર્થગાંભીર્ય નહિ મળે તો પણ એ અલ્પકૃતિને સહૃદયતાથી સ્વીકારી લેવાશે એવી આશા રાખું છું.

**તાજમહાલ**

(કચ્છી સંગર)

મનહર તાજમહાલ તું, ભારત જો શણગાર,
ઘુમ્મટ જે ઘેરાવજો, ચમકે તો ચમકાર;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તું અચ્છા ને ઉજરો, આરસ જો અવતાર,
જમ્માને જે જોરસેં ઝુંઝે તો ઝુંઝાર,
કરીએં પ્રેમ–પૂકાર
ઊભો ઊભો તું આભમેં……… (૧)

**ભાવાર્થ**: અહો ! સુંદર તાજમહાલ ! તું ભારતમાતાના આભૂષણરૂપ છો. તું ત્હારા ઘુમ્મટના ઘેરાવાથી ખૂબ ચમકે છે. વળી તું ઉજળો અને ઓજસવંતો છે કેમકે તું આરસનો જ અવતાર છો. ત્હેં વર્ષોથી કાળના બળ સામે ઝઝૂમ્યા કર્યું છે અને તું આકાશમાં ઊભો ઊભો પ્રેમ—પૂકાર કર્યા કરે છે.

ઊભો ઊભો તું આભમેં, ધરીએં કેંજો ધ્યાન ?
કેંજે નેહ નિધાનજા, કરીંએતો ગુણગાન ?
તું મુમતાજ મહાલજો, સચ્ચો નેહ—નિશાન,
આશક કેં આકાશમેં, માશૂક મથે મકાન
જેડો શાહજહાન,
તેડો તાજમહાલ તું … … … (૨)

**ભાવાર્થ**: આકાશમાં નિશદિન ઊભો ઊભો તું કોનું ધ્યાન ધરી રહ્યો છે? અને કોનાં નેહન્નિધાનનાં ગુણગાન ગાઈ રહ્યો છે? ખરે ! તું મુમતાજમહાલની યાદગીરીરૂપ છો. જે આશકે આકાશમાં જ જાણે માશૂક ઉપર મકાન ચણાવ્યું એવા શાહજહાન જેવો જ તાજમહાલ તું પણ લાગે છે.

તેડો તાજમહાલ તું, સજે જગતમેં સર,
જગતજી સતનવાઇમેં, હકડો તું ખરેખર,
પરદેશી બારા અચે, તેંજી તાણેં નજર
ડર્યો ન વો 'હુ' કો વટા, ન તોકે કેંજો ડર
નાં કરે તા અમર
શાહ જેડા હિ જગતમેં… … … (3)

**ભાવાર્થ**: તાજમહાલ ! તું તો દુનિયાની 'સાત નવી નવાઈ' ( Seven wonders of the world ) માંનો એક હોઈ શ્રેષ્ઠ છો. પરદેશીઓને પણ તું ટોળાબંધ આકર્ષે છે, તું કોઇથી ડરતો નથી. શાહજહાન જેવા આત્માઓ આ જગતમાં પોતાનાં નામ અમર કરી જાય છે.

ઉ શાહ જેડા હિ જગતમે, જિંઆં નતાં પાકન,
હિ જગમે જુડે કોક, પ્રેમ-ઘેલા રાજન
હકડો રાજ એડવર્ડ, શા'હ વો બ્યો રતન
તોજી સજી સર્જાઇમેં, વાવરેં તન—મન—ધન
કરી તો જો સર્જન
અમર થીંયો જગતમે … … … (૪)

**ભાવાર્થ**: એ શહાજહાન જેવા પ્રણયઘેલા રાજવીઓ આ જગતમાં બહુ નથી. રાજા એડવર્ડ અને બીજો શાહજહાન એ બન્ને રતન ખરા. શાહે તો ત્હારાં સર્જન પાછળ તન મન ધન ખર્ચી પોતાના નામને હંમેશ માટે અમર કર્યું છે.

અમર થીંયો જગતમેં, ઉ છડી તોજો ભાર !
અદેખો થીએં તું જિંઝા, ચીન જો શાવકાર !
કો કુછે ન તો તું કો, તોમેં કુડ અપાર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અનેક અદૃશ્યોને દૃશ્ય બનાવતી આધુનિક વિજ્ઞાનની એક અજબ શોધ
## ક્ષ-કિરણો [એક્સ રેઇઝ]

લેખકો :
**શ્રી ચીમનલાલ સંઘવી** અને
**કાશીનાથ અનંત દામલે** બી. એસ સી.

**૧૮૯૫** ના એપ્રિલના એક પ્રભાતે જર્મન ડૉક્ટર પ્રો. રોન્જન હવા ખાલી કરેલી કાચની નળીને કાળા પૂઠાથી ઢાંકી તેના પર વૈજ્ઞાનિક પ્રયોગો કરી રહ્યા હતા. એ પ્રયોગ માટે તે નળીને તેમણે જ્યારે વીજળીનું જોડાણ કર્યું ત્યારે દૂર પડેલો એક પદાર્થ ઝળકી ઊઠ્યો. ઓરડીમાં તેજનું નામનિશાન નહોતું. ત્યારે એ ઝળહળાટ આવ્યો ક્યાંથી? -ને ડૉક્ટરે જ્યારે ઝીણવટભરી તપાસ કરી ત્યારે તેમને જણાયું કે એ ઝળહળાટ કાળા પૂઠાને ભેદીને નળીમાંથી આવતાં કોઈક અદૃશ્ય કિરણોને આભારી હતો. ઊંડી તપાસ પછી તે એ કિરણોને ઝડપી શક્યા. એ નવીન કિરણોને તેમણે ક્ષ-કિરણો [એક્સ રેઇઝ]નું નામ આપ્યું. સામાન્ય તેજકિરણો કાચ વગેરે જે પદાર્થોને ભેદી શકે છે તે ઉપરાંત બીજા પદાર્થોમાંથી પણ પસાર થઇ શકે એવાં કિરણોની ઘણા સમર્થ વિદ્વાનો વર્ષોથી શોધ કરી રહ્યા હતા. તેનો યશ ડૉ. રોન્જનને ફાળે ગયો.

'માંદા માણસો શરીરનો ફોટો (છાયાચિત્ર) લેવરાવે છે' એ તો ઘણાખરાના અનુભવની વિગત છે. પણ એ ફોટો પ્રો. રોન્જનનાં આ-ક્ષ-કિરણોની મદદથી જ લેવાય છે અને,

---

લમ્બો થેઓ હિન લાય, લુચ્ચે જો સરધાર!
માઠ કેં તું ધરાર, મુંગો મુંગો ઊભો ઐયેં... (૫)

**ભાવાર્થ:** શાહજહાન પોતાના નામને અમર કરી, સ્વર્ગમાં ચાલી ગયો. પણ ત્હને કેમ અહીં છોડતો ગયો? તું એને ભારરૂપ લાગ્યો? તું તો બહુ અદેખો લાગે છે; અય, ચીનના શાહુકાર! હજી તું બોલતો કેમ નથી? ત્હારામાં જરુર લુચ્ચાઈ છેજ. શું તું આટલા માટે જ આટલો લાંબો તાડ થયો છે કે? આટલું (ચીડવવા—) કહેવા છતાં, તું તો ધરાર શાંત થઇને, જાણે મૌનવ્રત ધારણ કરીને ઊભો જ રહ્યો છે!

મુંગો મુંગો ઊભો ઐયેં થકે નથો ધીનરાત,
વીજલી તાપ સઇ ગીને, પથરેંજી તું જાત;
ઊભો રોજ ઇં અચલ તું, રખી વટ ભલી ભાત,
છાભાસ તોકે મહાલ, ભલેં ઊભો તું તાત:
અસાં જો શિરતાજ
ચેતો "**હરસુખ**" કચ્છ જો... ... (૬)

**ભાવાર્થ:** જેમ હમણાં વિજળી-તાપ-વરસાદ સહીને પણ તું મુંગો મુંગો ઊભો છે, તેજ રીતે હંમેશ માટે તું તારો વટ કાયમ રાખીને ઊભો રહેજે. ખરેખર! તાજમહાલ! તું અમારા (હિંદીઓના) માથાના મુગટ સમો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવનમાં તેમજ જગતમાં, ક્ષ-કિરણોના એ ઉપરાંત બીજા પણ અનેક ચમત્કારિક ઉપયોગો છે એ હકીકત જાણવાજેવી છે.

પ્રકાશનાં ચાલુ કિરણો કાચમાંથી પસાર થાય અને તેની મદદથી જેમ આપણે એ કાચની પાછળ શું રહેલું છે એ જોઈ શકીએ તેમ ક્ષ-કિરણો જે જે પદાર્થોમાંથી પસાર થઇ શકે એ પદાર્થની પછવાડે શું રહેલું છે તે પણ આપણે એ કિરણોની મદદથી જોઇ શકીએ. પણ પ્રકાશનાં કિરણોની મદદથી આપણે દરેક વસ્તુ જોઇ શકીએ છીએ તે એ કિરણોમાં રહેલા પરાવર્તન [Reflection]ના ગુણને લીધે. ક્ષ-કિરણોનું પરાવર્તન કે વક્રીભવન (Refraction) નથી થતું. એટલે ચાલુ પ્રકાશની જેમ ક્ષ-કિરણોની મદદથી નરી આંખે વસ્તુ ન જોઇ શકાય. દાખલા તરીકે આપણી હથેળી-હથેળીનાં માંસ ને ચામડીમાંથી ક્ષ-કિરણો પસાર થાય ને હાડકામાંથી ન થઇ શકે. પણ એથી કંઇ હથેળીની અંદર શું શું છે તે આપણે નરી આંખે ન તપાસી શકીએ. પણ જો હથેળીની પાછળ એકસરે-પ્લેટ [ આ પ્લેટ ફોટોગ્રાફમાં વપરાતી પ્લેટ જેવી જ હોય છે: ફેર ફક્ત એટલો કે ફોટોગ્રાફ-પ્લેટ કરતાં આ પ્લેટ ઉપર સીલ્વર બ્રોમાઇડનું સોલ્યુશન વધારે જાડું લગાડેલું હોય છે ] ધરી રાખીને હથેળીમાંથી ક્ષ-કિરણો પસાર કરવામાં આવે તો એ કિરણો હથેળીના માંસલ ભાગમાંથી પસાર થઇ પ્લેટને જઇ સ્પર્શે છે અને પ્લેટ પર હથેળીનાં હાડકાંની છાયા પડી જાય છે. એ છાયા પરથી હથેળીના અંદરના ભાગની તપાસ કોઇ પણ પ્રકારની વાઢકાપ વિના કરી શકાય.

આ જ રીતે શરીરના કોઇ પણ ભાગનું હાડકું બગડયું હોય, કયાંક બંદુકની ગોળી વાગી હોય, કોઇક ભાગમાં નક્કર ગાંઠ બંધાઇ ગઇ હોય કે કોઇ માણસ ગમે તે ધાતુની ગમે તે ચીજ ગળી ગયું હોય તો આ કિરણોની મદદથી તેની તપાસ કરી શકાય છે.

વીજળીની બત્તીઓ જેમ નૅગેટીવ અને પૉઝીટીવ બે પ્રકારના તારના જોડાણથી પ્રકાશી ઊઠે છે તેમ આ ક્ષ-કિરણો પેદા કરવામાં પણ એ બને પ્રકાર આવશ્યક હોય છે. હવા ખાલી કરેલી નળીમાં નૅગેટીવ અને પૉઝીટીવ બંને પ્રકારના પોલ રાખવામાં આવેલા હોય છે. જ્યારે એ નળીને વીજળીના તારનું જોડાણ કરવામાં આવે-(વીજળીને પસાર થવા માટે હવા જરૂરી હોય છે. જ્યારે આ નળીમાં હવા તો નજેવી જ રહી ગઇ હોય છે. એટલે દીવા પ્રગટાવવાને જેટલી વીજળીક શક્તિ વપરાય છે એ કરતાં ૫૦૦થી ૮૦૦ ગણું વધારે વીજળીક બળ અહીં વાપરવું પડે છે.)-ત્યારે વીજળીક શક્તિ પેદા થઇને પૉઝીટીવ પોલમાંથી નૅગેટીવ પોલમાં જાય છે અને એ-નૅગેટીવ-પોલમાંથી એક સેકંડે ૧૯૦૦૦ માઈલનો વેગ ધરાવતાં કિરણો પેદા થાય છે. આ કિરણો જ્યારે કોઇ પણ ધાતુ સાથે અથડાય-અને એવી અથડામણ માટે નળીના એક ભાગમાં પ્લૅટીનમ નામની ધાતુ રાખવામાં આવી જ હોય છે-ત્યારે તેમાંથી ક્ષ-કિરણો ઉત્પન્ન થઇને સામે ગોઠવેલા પદાર્થ (ધાતુઓ, હાડકાં અને ચાક કે ચુનામાંથી બનાવેલી વસ્તુઓમાંથી આ કિરણો સામાન્ય રીતે પસાર થઇ શકતાં નથી)માંથી પસાર થાય છે અને એ પદાર્થની પાછળ જો 'એકસરે-પ્લેટ' ગોઠવવામાં આવી હોય તો તેના પર એ પદાર્થના જે ભાગમાંથી એ કિરણો પસાર ન થઇ શકયાં હોય અથવા ઓછેવધતે અંશે થયાં હોય (ઘન કરતાં વિરલ પદાર્થોમાંથી આ કિરણો વધારે સહેલાઇથી પસાર થઇ શકે છે) તેની, તે પ્રમાણમાં એ પ્લેટ પર છાયા પડે છે.

પ્લેટ પર છાયા હમેશાં પદાર્થના જે ભાગમાંથી કિરણો પસાર થઇ શકતાં હોય એની નહિ પણ જે ભાગ પર એ પડતાં હોય-તેમાંથી પસાર ન થઇ શકતાં હોય-તેની પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આથી જ્યારે જેમાંથી આ કિરણો પસાર થઈ શકે, એવા ભાગની પણ છાયા લેવી હોય ત્યારે તે ભાગ સાથે કિરણો પસાર ન થઈ શકે એવો ભાગ ભેળવવામાં આવે છે. દાખલા તરીકે આપણું શરીર. હાડકાંમાંથી કિરણો પસાર નથી થઈ શકતાં અને હૃદય–ફેફસાં વગેરે કઠણ ભાગોમાંથી પણ તે સહેલાઈથી નથી જઈ શકતાં, એટલે એમની છાયાઓ તો આપણને મળી શકે. પણ આપણે જો કોઈની હોજરી કે તેના આંતરડાની છાયા ઉતારવી હોય તો તેને જો બિસ્મથસ કે બેરિયમ નામનો પદાર્થ ખવરાવવામાં આવે તો એ પદાર્થમાંથી કિરણો પસાર ન થઈ શકવાથી એની, પેટના કે આંતરડાના આકાર પ્રમાણે, છાયા પડે છે ને તે ઉપરથી તેની હોજરી–આંતરડાં વગેરેની સ્થિતિ સમજી શકાય છે. છાયા ઉતાર્યા વિના જ પદાર્થનું જો નિરીક્ષણ કરવું હોય તો કિરણો પસાર કરતી વખતે પદાર્થની પાછળ 'એકસરે પ્લેટ'ને બદલે બેરિયમ પ્લેટીનો સાઈનાઈડ લગાડેલો પડદો ધરવામાં આવે છે અને તે પર પદાર્થના કઠણ ભાગના પડછાયા દેખાય છે. હૃદયના ધબકારા, હોજરીમાં ઊતરતો ખોરાક વગેરે જોવામાં એ રીતનો ઉપયોગ કરવામાં આવે છે.

ક્ષ–કિરણોની પદાર્થમાંથી પસાર થવાની શક્તિને લગતું આ વિવેચન સામાન્ય કોટિનાં ક્ષ–કિરણોને અનુલક્ષીને છે. એ કિરણો ઉત્પન્ન કરતી વખતે વીજળીક શક્તિમાં જેમજેમ વધારો કરવામાં આવે તેમતેમ તેમની ભેદનશક્તિ વધતી જ જાય છે. જો ૨૦૦૦૦૦ વોલ્ટ દબાણનો વીજળીક પ્રવાહ જોડવામાં આવે તો એવાં તીવ્ર ક્ષ–કિરણો પણ ઉત્પન્ન થઈ શકે છે કે જે ધાતુમાંથી પણ પસાર થઈ શકે.

ક્ષ–કિરણો દૃષ્ટિગોચર નથી હોતાં. તેની ભેદનશક્તિ જો કે સામાન્ય સંયોગોમાં પણ અતિરક્ત કિરણો કરતાં વિશેષ હોય છે છતાં તેનું ભહર્યંતર ( Vave of length ) અતિનીલલોહિત ( Ultra Violate ) કિરણો કરતાં પણ ઓછું હોય છે.

રેડિયમ ( Radium ) ધાતુમાંથી ' ગામા ' નામનાં કિરણો નીકળે છે. એમની ભેદનશક્તિ ક્ષ–કિરણો કરતાં પણ અનેકગણી વિશેષ હોય છે. પોલાદના ૧૫ ઇંચ જાડા પતરામાંથી તે પસાર થઈ શકે છે. ક્ષ–કિરણો ઉત્પન્ન કરવાને વીજળીક યંત્ર વગેરેની જરૂર પડે છે. પણ ' ગામા ' કિરણો માટે એવી કશીજ જરૂરિયાત રહેતી નથી, કારણ કે એ કિરણો રેડિયમમાંથી સતત નીકળ્યાજ કરે છે.

જીવડાં વગેરે કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે જેના અંદરના કોઈ પણ ભાગ પર પડયા વિના ક્ષ–કિરણો તેમાંથી સીધેસીધાં પસાર થઈ જાય અને જેમની સાથે ક્ષ–કિરણો પસાર ન થઈ શકે એવો પદાર્થ ભેળવી પણ ન શકાય; આવી વસ્તુઓનાં છાયાચિત્રો લેવાને ' ગ્રેન્ઝ ' નામનાં કિરણો વપરાય છે.

આ કિરણોની ભેદનશક્તિ ક્ષ–કિરણો કરતાં ઓછી હોય છે. ક્ષ કિરણો જેમાં ઉત્પન્ન કરાય છે એવી કાચની નળીમાંથી આ કિરણો બહાર પણ નીકળી શકતાં નથી. તે જે જગ્યાએથી પસાર કરવાની ઇચ્છા હોય તે જગ્યા પર પાતળો કાચ વાપરવો પડે છે. કાગળ, ચામડાં, કાપડ, પાંદડાં, ફૂલો અને જીવડાં ઈત્યાદિ પદાર્થો અને પ્રાણીઓનાં છાયાચિત્રો લેવામાં આ કિરણો અતીવ ઉપયોગી થઈ પડે છે

કેટલાક લોકો ક્ષ–કિરણોની મદદથી પડતી છાયાઓ માટે ફોટોગ્રાફ શબ્દ વાપરે છે તો કોઈ વળી પ્રકાશચિત્ર ( Photo-graph )ને માટે છાયાચિત્ર શબ્દ વાપરે છે. કેટલાક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો વળી ફોટોગ્રાફ કે છાયાચિત્ર વચ્ચેનો ભેદજ નથી સમજતા. પણ આ કિરણોની મદદથી પડતા પડછાયાઓ માટે છાયાચિત્ર ( Shadowgraph-Shadow=છાયા, graph=લેખન-ચિત્રણ ) અને કેમેરાની મદદથી જે છબીઓ પાડવામાં આવે છે તેને માટે પ્રકાશચિત્રો ( Photograph-Photo=પ્રકાશ, Graph=લેખન-ચિત્રણ ) એ શબ્દોજ સુયોગ્ય છે.

છાયાચિત્રો ફોટોગ્રાફ જેવાં સસ્તાં પણ ન હોઈ શકે. કેમકે કાં તો એ 'ગામાકિરણો 'ને નહિતર 'ક્ષ-કિરણો 'ની મદદથી જ પાડી શકાય. 'ગામાકિરણો ' ઉત્પન્ન કરતું રેડિયમ તો આખી દુનિયામાં થઇને પણ અલ્પાંશ જથ્થામાં છે; લાખ્ખો રૂપિયા ખર્ચ્યે પણ તે મળવું મુશ્કેલ બને છે. અને 'ક્ષ-કિરણો ' ઉત્પન્ન કરવાને હજારોની કિંમતનાં વીજળીક સાધનોની જરૂર પડે છે. એટલે વસ્તુ કે કિંમત બેમાંથી એક પણ દૃષ્ટિએ આ બંને ચિત્રોને સમાંતર ગણવાં એ અયોગ્ય છે.

ક્ષ-કિરણો શોધાયાં ત્યારે તરતતરતમાં તો તેનો ઉપયોગ વૈદકક્ષેત્રમાં જ વિશેષ પ્રમાણમાં થયેલો. સડી કે તૂટી ગયેલાં હાડકાં, શરીરમાં પેસી ગયેલી ગોળી, દાંત કે પેઢાંઓનો સડો વગેરે તપાસવામાં અને તે સંબંધી ઉપાય લેવામાં આ કિરણોએ અણમોલ સહાય કરી છે. રણભૂમિ ઉપર તેનો ઉપયોગ અતીવ મહત્ત્વનો સિદ્ધ થયો છે. શરીરમાંની નાજુક પેશીઓમાં ક્ષયથી થયેલાં સૂક્ષ્મ પરિણામ પણ આ કિરણો દર્શાવી શકે છે, અને એ રીતે એ ભયંકર રોગનું નિદાન શોધવામાં પણ આ કિરણો સહાયક બને છે.

પણ ધીમે ધીમે ક્ષ-કિરણોના ઉપયોગનું ક્ષેત્ર વધવા માંડયું છે. તેનાથી ધાતુનાં ભરતકામોની ઝીણવટભરી પરીક્ષા થઇ શકે છે, ભરતકામમાં રહી ગયેલ ફાટો કે પોલાણો ગમેતેટલાં ન જેવાં હોય તો પણ આ કિરણો તે શોધી કાઢે છે. તેથી એ કામને ઘસવું, સંઘાડા ઉપર ચડાવીને એને છોલી નાંખવું, પૉલીશ કરવું ઈત્યાદિ ક્રિયાઓમાં પૈસા અને વખતનો નિરર્થક બગાડ નથી થતો. ક્ષ-કિરણોથી કરેલી ભરતકામની પરીક્ષા યાંત્રિક ( Mechanical ) કે રાસાયણિક ( Chemical ) પરીક્ષાઓ ( Tests ) કરતાં પણ વધારે સ્પષ્ટ ને ઓછી ખર્ચાળ હોય છે.

વિમાનો બનાવવાનાં કારખાનાંમાં ક્ષ-કિરણોથી કરેલી પરીક્ષાજ છેલ્લી અને વધુમાં વધુ વિશ્વસનીય ગણાય છે. વૈજ્ઞાનિકોની સલામતિનો મહત્ત્વનો આધાર ક્ષ-કિરણોજ ગણાય છે.

આ ઉપરાંત કાર્તુસો બરાબર ભરેલી છે કે કેમ તે તપાસવાને શસ્ત્રો બનાવવાનાં કારખાનાંમાં; દરિયાઇ કેબલોમાં તારોની સલામતિ જોવાને, અને શંકાસ્પદ પાર્સલો કે કવરોને ખોલ્યા વિનાજ અંદરથી તપાસી જવાને પોસ્ટખાતામાં; લીફ્ટોના તારોની સ્થિતિ સમજવાને ખાણોમાં; દડાની અંદરની ગોળાઈની ચોકસાઈ કરવાને ગોલ્ફના દડા બનાવવાનાં કારખાનામાં; જોડામાં પગ સુંદરમાં સુંદર રીતે બેસી રહે છે કે કેમ તે તપાસવાને જોડા બનાવવાનાં કારખાનાંમાં; સીગારેટો બરોબર ભરેલી છે કે તેમ તે જોઇ જવાને સીગારેટોના કારખાનાંમાં; પદાર્થો તાજા અને યોગ્ય રીતે ભરેલા છે કે કેમ તે તપાસવાને પાઉલ્ટ્રી અને ખાદ્ય પદાર્થો બનાવવાના કારખાનામાં; ખરાં-ખોટાં મોતી ઓળખવાને ઝવેરી બજારમાં અને અસલી કે નકલી ચિત્રો પારખી કાઢવાને ચિત્રકલામાં ક્ષ-કિરણોનો ઉપયોગ હવે તો સહજ અને સુંદર પરિણામદાયક થઈ પડયો છે.

———o———

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની જગવિખ્યાત નાટિકા—

# ચિત્રાંગદાઃ રસદર્શન

બાલચન્દ્ર મણિલાલ પરીખ

[ ગતાંક પૃ. ૭૪ થી ચાલુ ]

ચિત્રા સમજે છે કે આ રીતે પણ તે વાસ્તવભૂમિ પર અમર પ્રેમનો અભિષેક કરવા તલસતા કાન્તને પૂર્ણ તૃપ્તિ અર્પી શકે તેમ તો નથી જ, છતાં તેણે પસંદ કર્યો છે તે માર્ગ સૌથી સરળ, નિર્ભર, ને સલામત છે તેની તેને લેશમાત્ર શંકા નથી. તેને અપનાવવા જતાં સર્વ સંભવિત દુઃખોને આવકારી લેવાની જ્યારે તે તૈયારી બતાવે છે ત્યારે તેને પોતાના દુઃખની તો કશી જ વિસાત નથી. પણ પ્રાણથીયે અધિક સ્વામીનું શું ? સુખના સર્વોચ્ચ શિખરે પહોંચેલા હૃદયનાથના ભવ્ય અભિલાષનો પોતાને કારણે ચૂરેચૂરા થતા જોઈ તેનું આર્ય સતીહૃદય ચીરાઈ જાય છે. સર્વસ્વની કુરબાની કરતાં પણ પ્રિયતમનું શ્રેય થતું હોય તો તે કરવાને ઉત્સુક આ અસહાય યૌવના પાસે બેથી ત્રીજો માર્ગ નથી. પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી તેને અર્જુનના ચરણે ધરવું અને જે પરિણામ આવે તે સત્કારી લેવું એ પ્રથમ માર્ગ; બીજો માર્ગ—છે તે જ સ્થિતિમાં રહી, અર્જુનને સત્ય સ્થિતિથી અજ્ઞાત રાખી, શક્ય સુખ અર્પતાં જીવન વીતાવવું. પ્રથમ માર્ગ જેટલો વધારે ઇષ્ટ છે તેટલો જ તે વધુ દોહ્યલો છે. તેને અપનાવવા જતાં બીજી કોઇ નવી જ આપત્તિ આવી પડવાનો ભય હંમેશાં લટકતો રહેવાનો. જ્યારે બીજો માર્ગ સરળ છે. તે દ્વારા જોકે પૂર્ણતા પ્રતિ વધવાની આશા વૃથાજ છે, તેમજ ઝંખનાની ભાવના હંમેશાં અતૃપ્ત રહ્યા જ કરવાની—જીવન, પરિણામે, હંમેશાં અસ્થિર ને અવિશ્રાન્ત જ રહેવાનું. છતાં પણ એટલું તો ખરૂં કે તેમાં કશું વધારે ગુમાવવાનું નથી. ભલે વિશેષ ન મળે, એકંદર આ માર્ગ ચિત્રાને પ્રથમ કરતાં વધારે હિતાવહ લાગે છે. તેના સ્વીકારમાં પોતાનું જીવન કેટલું કરુણ, એકલ અને અસહાય હશે તેની કલ્પના તે કેવા પ્રશાન્ત ગામ્ભીર્યથી ઉચ્ચારે છે !—

'અને જ્યારે હું વૃદ્ધ થાઉં ત્યારે મારે માટે જે ખૂણો રહ્યો હશે તે હું આભારસહ વિનમ્રભાવે સ્વીકારી લઇશ.'

નથી લાગતું કે પ્રિય પાત્રના સુખને ખાતર જીવનસર્વસ્વના સમર્પણને હર્ષભેર વધાવી લેનાર ભારતીય સતીહૃદય આ જ્વલંત ત્યાગમાં ધબકી રહ્યું છે ? નથી લાગતું કે ભારતવર્ષનું જગજૂનું જીવન્ત ગૌરવ સ્નેહભર્યા ત્યાગના મંગલપંથમાં પ્રેમકુમકુમની તેજવન્તી પગલીઓ પાડતી આ આર્ય લલનામાં મૂર્તિમાન થયું છે ?

થોડા વખતથયાં ચિત્રામાં જન્મેલાં અસાધારણ ચાંચલ્ય ને વ્યગ્રતા અર્જુનના ધ્યાન બહાર રહી શકતાં નથી. ચિત્રામાં રહેલી કોઈ ઊંડી ઉણપ જ તેના કારણભૂત છે તેની પ્રતીતિ થતાં તે મૂંઝવણ અનુભવવા માંડે છે. છેલ્લાં સંભાષણોમાં જેમજેમ તે ઉણપ વધારે અને વધારે પ્રગટ સ્વરૂપ લેતી જાય છે, તેમતેમ તેની મૂંઝવણ પણ વધુને વધુ તીવ્ર અને



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે, અને આખરે એક ભીષણ મનોવ્યથા પ્રગટાવે છે. ચિત્રામાં રહેલા નિગૂઢ સત્યને ભેદવા તે અથાગ પ્રયત્ન કરે છે. તેની આછી ઝાંખી કોઈકવાર તેને થાય પણ છે, પણ દર્શન પ્રધાનતઃ આવરણયુક્તજ હોય છે. ચિત્રાની વેદના તે સમજે છે, તેમની બન્નેની વચ્ચે પ્રવર્તતી વિભિન્નતાથી પણ તે અનભિજ્ઞ નથી, પણ એ બધાના મૂળમાં રહેલા પ્રેરકબળને તે સ્પર્શી શકતો નથી. અપાર મંથન પછી એકજ માર્ગ જડે છે. પોતા પર થયેલી તેના સહયોગની અસર ચિત્રાને દર્શાવી તે દ્વારા તેના હૃદયમાં પ્રવેશવા પ્રયત્ન કરવો. તે પ્રમાણે આખરે અડગ હિંમતથી બન્ને વચ્ચે રહેલો માયાવી પડદો તે ચીરે છે.

અર્જુન--'યથાર્થ સ્વરૂપે હું તને કદી ઓળખતો લાગતો નથી. મને તું કોઇ સુવર્ણ પ્રતિમામાં છૂપાયેલી દેવી જેવી લાગે છે. તારી મહામોલી કૃપાઓનો યથોચિત બદલો હું વાળી શકતો નથી. આમ મારો પ્રેમ અપૂર્ણ રહે છે. કેટલીકવાર તારી વિષાદમય દૃષ્ટિના માર્મિક ઊંડાણમાં, પોતાના જ અર્થની મશ્કરી કરતા હોય એવા તારા રમતિયાળ શબ્દોમાં, સ્મિતના બાષ્પાવરણમાંથી દુઃખની પુણ્યજ્વાલામાં નીકળી પડવા, દેહના વિલાસશિથિલ લાલિત્યને વિદારવા મથતી તારી આત્મલતાની ઝાંખી થાય છે. છૂપાવેષે તે નિજ વલ્લભ પ્રતિ સંચરે છે; પણ એક એવો સમય આવે છે જ્યારે અલંકાર ને દુકૂલો ફગાવી દઇ તે નગ્ન ગૌરવતામાં સુહાતી ઊભી રહે છે. હું એ અંતિમ તુંને–સત્યની એ અપરિહિત ઋજુતાને ઝંખું છું.'

દમ્પતીના અંતરમાં જલતી વ્યથા અર્જુના ઉદ્બોધનમાં કેવી હૃદયંગમ કરુણતામાં શબ્દદેહ પામે છે! કેવી હૃદયદ્રાવક હશે, ચિત્રાની ઊંડી જડાઇ ગયેલી એ વિષાદપૂર્ણ દૃષ્ટિ! કેવી અપાર્થિવ ભયાનકતા પ્રસરાવતા હશે, પોતાના જ અર્થની મશ્કરી કરતા તેના રમતિયાળ શબ્દો! ને વિલાસી માર્દવતા નીચે ઊભરાતાં આંસુની હૈયાવરાળને ખંખેરી નાખી, સનાતન દુઃખની પવિત્ર અગ્નિજ્વાલામાં પ્રગટ થવા મથતી ચિત્રાંગદાનું દર્શન કેવું મર્મભેદી, કેવું ભીષણ હશે!

જો કે અર્જુનનાં વેણ ચિત્રાના હૃદયસોંસરાં ઊતરી જાય છે, છતાં એ કારમા શબ્દોમાં વાદળાંના આછા આવરણમાંથી પ્રકાશતા સૂર્યની પેઠે નિકટવર્તી સુખની આશા ચમકી રહી છે એ તે સારી પેઠે જાણે છે. જે અર્પવા તે તૈયાર છે તે નગ્ન ગૌરવતાને અર્જુન હવે ઝંખી રહ્યો છે. પણ નિશાન્ધકારઘેર્યા માનવી પર, મધ્યાહ્ન—રવિના ઝગઝગતા પ્રકાશની જેમ, સુખનો આ અણધાર્યો ઉદય તેના પર એક તીવ્ર આઘાતની અસર નીપજાવે છે–પણ એ આઘાતની નીચે મુક્તિની સરિતા વહી રહી છે. હર્ષ અને શોક, સુખ અને દુઃખ આશા અને નિરાશા, એ આઘાતમાં એકમેકમાં મળી જાય છે. તેમાંથી ઉદ્ભવતી હૃદય-વ્યથાનો ભાર આખરે એક તીવ્ર પરિતાપમાં વિલય પામે છે. ચિત્રાને આશ્વાસન આપતાં અર્જુન કહે છે—

'આ આંસુ શા માટે વ્હાલી? હાથવતી મુખ ઢાંકવાનું શા માટે? મેં તને દુઃખ દીધું છે, પ્રિયતમે? મેં કહ્યું હોય તે ભૂલી જા......હું વર્તમાનથી જ સંતોષ પામીશ. અન્ધારના અદૃષ્ટ માળામાંથી સંગીતસંદેશ લાવતા કો ભેદી પંખી પેઠે ભલે મને સૌંદર્યની પ્રત્યેક ભિન્ન ભિન્ન ક્ષણ મળો. ભલે સાક્ષાત્કારને કિનારે મારી આશ ધરી હું સદાકાળ બેસી રહું અને એમ મારા દિવસો વીતાવું......'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્જુનની આ વિસર્જનભાવનાએ કંઈ જેવીતેવી નથી. આકાંક્ષાપ્રાપ્તિને કિનારે આવી પહોંચેલા માનવી માટે તેના અંતિમ લક્ષ્યમાંથી પરિહરવું કેટલું દુષ્કર હશે ! પાણીની મધ્યમાં રહ્યા છતાં પાણીને સ્પર્શવાને અસમર્થ, અને તેને સ્પર્શવા જતાં તે દૂર અને દૂર ભાગે ત્યારે તૃષાથી જલતા, અભિશપ્ત ટેન્ટેલસની સંતપ્ત તલસાટ-વેદના તેના સિવાય અન્ય કોણ જાણી શકે ?—અરે કલ્પીયે શકે ?

આમ અર્જુન-ચિત્રાની અન્યોન્ય પ્રેમભાવનામાંથી સમર્પણની કલ્યાણકારી ભાવના જન્મી. પ્રેમ ભલે પૂર્ણ ન થાય, પણ પ્રેમના પ્રાણ સમી અર્પણભાવનામાં આનન્દતાં પ્રણયી પ્રણયસિદ્ધિમાં થઈ શકત તે કરતાં ઓછાં કૃતકૃત્ય નથી થતાં !

(૧૦)

મદને મિલન સાધ્યું. વસન્તની સહાયથી રસ પૂરી તેને વિકસાવ્યું. પ્રેમ પરિપૂર્ણ થયો ન થયો એટલામાં દમ્પતી વચ્ચે સૂક્ષ્મ વિભક્તભાવ જન્મ્યો. ધીમેધીમે તે પ્રબળ બનતાં બન્નેના અંતરપ્રવાહ જુદા પડ્યા. પણ અન્યોન્ય સ્નેહને લઈ અંતે તેઓ ત્યાગ અને સમર્પણની મંગલભાવનામાં પુનઃ આત્મલગ્નની સમભૂમિકા પર આવી ઊભાં. હવે એ લગ્ન પરિપૂર્ણ કેમ થાય છે તે જ જોવાનું માત્ર બાકી રહે છે.

અર્જુનની તેના સત્યસ્વરૂપને અંગીકાર કરવાની ઉત્કટ આકાંક્ષાથી પ્રેરાઇ નવવર્ષના પ્રભાતે ચિત્રા એ ચિરસ્થિત માયાનો પડદો વિદારી લેશ પણ ક્ષોભ વિના તેના મૂળ સ્વરૂપમાં પ્રગટ થતાં કહે છે—

'મારા હૃદયના દેવ, તમને પૂજવાને સ્વર્ગવાટિકામાંથી હું અનુપમ સૌંદર્યનાં કુસુમો લાવી. ક્રિયાવિધિ સમાપ્ત થઈ હોય, પુષ્પો કરમાઇ ગયાં હોય, તો લાવો તેમને હું મંદિરમાંથી બહાર ફેંકી દઉં (મૂળ પુરુષવેષમાં પ્રગટ થઇ) હવે કૃપાશીલ નયને તમારા પૂજારીને નિહાળો.........'

'જે પુષ્પોથી હું તમારી પૂજા કરતી તેમના જેવી હું સૌંદર્યમાં સંપૂર્ણ નથી. મારામાં ઘણાય દોષો, ઘણીએ ક્ષતિઓ છે. મહાન વિશ્વપંથની હું તો એક પ્રવાસી છું. મારાં વસ્ત્રો ગંદાં છે. મારા પગમાં કાંટા ભોંકાઇ લોહી નીકળે છે. કુસુમસૌંદર્ય—એક જ ક્ષણનું એ નિષ્કલંક લાવણ્ય મને ક્યાંથી પ્રાપ્ત થાય ? ગર્વપૂર્વક હું તમારી સમીપ જે ઉપહાર લાવું છું તે એક સ્રીનું હૃદય છે. અહીં સર્વ સુખ—દુઃખો, એક મર્ત્યતનયાની આશાઓ-નિરાશાઓ ને શરમ ભેગાં મળ્યાં છે. અહીં જ અમર જીન્દગાની સારૂ ઝઝૂમતો પ્રેમ ઊગી નીકળ્યો છે. અહીંઆં જ એક અપૂર્ણતા રહેલી છે—જે ભવ્ય અને ઉન્નત છે. પુષ્પચર્યા પૂરી થઇ હોય તો, મારા નાથ ! આનો તમારા ભવિષ્યના દિવસોની સેવિકા તરીકે સ્વીકાર કરો.'

આમ પૂર્વની સ્વર્ગીય—ચંચળ કલ્પનાસૃષ્ટિ અદૃશ્ય બનતાં આ દમ્પતી હવે નક્કર વાસ્તવભૂમિ પર આવી ઊભું છે. ચિત્રા જીવનદેવને હવે નવયૌવનમાં ખીલતી તેની એ કમનીય દેહલતા ધરી શકે તેમ નથી. તેની પાસે જે કાંઈ રહ્યું છે તે એક જીવન્ત માનુષી સ્રીહૃદય છે, અને ગૌરવથી તેને તે પ્રિયતમના ચરણે ધરે છે. એ સ્રીહૃદય પ્રથમના મિલને હતું તેવું પૌરુષમય નથી. ચિત્રાંગદાનું એ સ્વરૂપ તો પ્રકૃતિમૈયાની ગોદમાં, સૌંદર્ય અને પ્રેમના વિકાસમાં, આત્મ-આત્મના સ્નેહસંગમમાં, ક્યારનુંયે ઓગળી ગયું છે. હવે તો તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મધુરતાએ સીંચ્યા નારીત્વપૂર્ણ બન્યું છે. માત્ર ચંચળ સૌંદર્યનો માયાપટ જ દૂર થયો છે. પૂર્વજીવનનું ચિત્રદર્શન આલેખતાં ચિત્રા આગળ ચલાવે છે—

'હું રાજતનયા ચિત્રા છું. કદાચ તે દિન તમને યાદ હશે, જ્યારે એક સ્ત્રી અલંકાર અને પ્રસાધનસામગ્રીથી લદાયલી શિવમંદિરમાં તમારી પાસે આવી હતી. પુરુષ હોય તેમ તે બેશરમ સ્ત્રી તમને સ્નેહ અર્પવા આવી. તમે તેનો અસ્વીકાર કર્યો; તે તમે સારૂં કર્યું. મારા સ્વામી ! હું તે જ સ્ત્રી છું. તે મારો વેશપલટો હતો. પછી મેં દેવોના વરદાનથી એક વર્ષ લગી મર્ત્યોએ કદીએ ધારણ ન કર્યું હોય તેવું ઉર્જસ્વલ સ્વરૂપ પ્રાપ્ત કર્યું, અને એ માયાના ભારથી મારા વીરનું હૃદય કંટાળી નાખ્યું..............ચોક્કસ હું તે સ્ત્રી નથી જ...........'

ચિત્રાના જે જીવનકાળની આપણે સમીક્ષા કરી તેમાં બે મહાપરિણતિઓ સમાયેલી છે. અર્જુનના પ્રથમ દર્શને પુરુષત્વ કચરાતાં, કામદેવના વરદાનથી ચિત્રા પુનઃ નારીત્વની દીક્ષા પામી સ્ત્રીયોગ્ય સૌંદર્ય ને સુકુમારતાએ વિભૂષિત બને છે. આ પ્રથમ પરિણતિ–જેના વિના તેનું જીવન ગ્રીષ્મઋતુમાં સુકાઈ ગયેલા સરોવરમાં તરફડતા માછલાના સમું બની રહેત, તેને નૈસર્ગિક વિકાસ આપવા સંપૂર્ણ સૌંદર્ય અનિવાર્ય બન્યું; પણ તે પોતામાં તો હતું જ નહિ એટલે દેવોની મદદ યાચવી પડી. આમ તેના જીવનનો પૂર્વદોષ ભૂંસાઈ ગયો. પણ દેવોનું બક્ષેલું દિવ્ય ને પરમ તોય માયાસ્વરૂપી સૌંદર્ય છેવટે અકારૂં થઈ પડયું. એ સૌંદર્યના યોગે પ્રેમનું જે નિર્દોષ, જીવન્ત ઝરણું ફૂટયું હતું તેને માયાના પ્રચંડ તાપમાંથી બચાવી લેવા સત્યને પ્રગટ કરવા સિવાય બીજો માર્ગ રહ્યો નહિ. તેમાંથી બીજી પરિણતિ જન્મી જેના વડે પ્રથમનું માયાતત્ત્વ દૂર થવા છતાં તેના યોગે ચિત્રામાં પ્રગટેલું નારીહૃદય તો પેલા પ્રેમઝરણાનું જળ પીપી કુસુમિત જ રહ્યું. પ્રથમ પરિણતિના આ બચી ગયેલા ચિરંજીવ તત્ત્વે કલ્યાણકારી દ્વિતીય પરિણતિ પ્રગટાવી જેમાં ચિત્રાનું નારીત્વમય છતાં પુરુષધર્મથી અભિન્ન શુદ્ધ ક્ષાત્રરમણીનું સત્યસ્વરૂપ પ્રગટ થયું—

અર્જુનને ઉદ્દેશીને ચિત્રાઃ 'હું ચિત્રા છું. નથી કોઇ પૂજવાની દેવી ને નથી પતંગિયાની પેઠે બેપરવાઇથી હડસેલી દેવાનું લોકકરુણાનું પાત્ર. ભય અને સાહસના પંથમાં મને તમે તમારી બાજુમાં રાખવાની કૃપા કરશો, તમારા જીવનનાં મહાન કર્તવ્યોમાં ભાગ લેવાની મને રજા આપશો, ત્યારે તમે મારા સત્યસ્વરૂપને પિછાનશો. જેને હું મારા ગર્ભમાં પોષી રહી છું તે તમારો બાળપુત્ર જન્મશે તો હું તેને બીજો અર્જુન બનતાં શીખવીશ, અને સમય પાકશે ત્યારે તમારી પાસે મોકલીશ, અને ત્યારે છેવટે તમે મને યથાર્થ ઓળખશો. આજ તો હું તમને માત્ર રાજસુતા ચિત્રા જ અર્પી શકું છું.....'

વસન્તે પૂર્વે ભાખેલા આ સનાતન ફલિત મંગલ સત્યને સ્વીકારતાં અર્જુન તેનો હર્ષ આનાથી વધુ સુંદર કયી રીતે વ્યકત કરી શકે ?—

'પ્રિયે મારૂં જીવન પરિતૃપ્ત છે !'

\+ \+ \+ \+

"ચિત્રાંગદા"નું રસદર્શન એટલે જીવન, પ્રેમ અને સૌંદર્યનું કલાત્મક વિકાસદર્શન. એ વિકાસદર્શનને ફૂલગૂંથણીમાં ભરી લેતાં રસ અને માધુર્ય, કલ્પના અને કવિતા, ભાવ અને ભાષા, કલાકૌશલ અને જીવનદર્શન એટલાં વ્યાપક ને વિરાટ, સમૃદ્ધ, ભવ્ય ને તેજવન્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે કે તેમનું સંપૂર્ણ—સુરેખ દર્શન તો એ મહાકલાકૃતિમાં એકતાન બન્યે જ થઈ શકે. અહીં તો તેમનું પ્રતિબિંબ દર્શાવવાની અભિલાષા હતી, તે કેટલે અંશે સિદ્ધ થઈ છે તે તો તત્ત્વજ્ઞો કે રસદ્રષ્ટાઓ જ કહી શકે છે.

આ રસદર્શનની શરૂઆતમાં પ્રસંગોપાત શાકુન્તલનો ઉલ્લેખ કર્યા પછી હવે અંતમાં, ચિત્રાંગદા અને શાકુન્તલ એ બે રસકૃતિઓ વચ્ચે રહેલા એક સામ્યનો નિર્દેશ કરીને વિરમીશું.

બાહ્યદૃષ્ટિએ દુર્વાસા ઋષિના શ્રાપથી નિરસ્ત બનેલો શકુન્તલાનો પ્રણય જેમ વસ્તુતઃ ઋષિના શ્રાપમાં મૂર્ત થયેલા, આચારધર્મના ઉલ્લંઘનમાંથી પરિણમતા સનાતન દૈવી શાપે શપાયેલો છે, તે જ પ્રમાણે દેવવિહિત સૌંદર્યના સ્વીકારમાં રહેલા માયાના સ્વીકારને કારણે ચિત્રાના પ્રણયેન્દુને વિધાતાના પરોક્ષ અભિશાપનું ગ્રહણ લાગ્યું છે, જેને લીધે અમાપ સૌંદર્યસમૃદ્ધિ મળવા છતાં તે તેનો યથેચ્છ ઉપભોગ કરી શકતી નથી. બન્નેના શ્રાપમાં એકજ તફાવત છેઃ શકુન્તલાના વિષયમાં તે પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે, જ્યારે ચિત્રાના જીવનક્રમ સાથે તે પરોક્ષભાવે ગૂંથાઇ જાય છે. પણ આ ભેદ તો ઉપરનો જ છે, તળિયે બન્નેય સમરૂપ છે. બન્નેના શ્રાપના પરિણામમાં પણ સામ્ય છે. અતિથિધર્મના વ્યક્તિક્રમને ટાળવા શકુન્તલાને પતિનો વિયોગ વેઠી ઉગ્ર તપશ્ચર્યા કરવી પડે છે; ચિત્રાને પતિનો વિરહ સહેવાનો નથી તેમજ દૈહિક તપશ્ચર્યામાંથી પસાર થવાનું નથી તે ખરૂં, છતાં પતિના સાન્નિધ્યમાં તેને અનુભવવો પડતો માનસિક પરિતાપ ઓછો દારૂણ નથી. શકુન્તલાનો શ્રાપ તપશ્ચર્યાના હુતાશમાં ભસ્મીભૂત બનતાં જેમ દુષ્યન્તસહ અંતે તેનું પુનઃ મંગળમિલન થાય છે, તેમજ, વ્યથાપૂર્ણ આત્મવલોવણ પછી દુઃસહ માનસિક તપશ્ચર્યાને અંતે, જ્યારે ચિત્રા માયાને વિદારી સત્યસ્વરૂપે પ્રગટ થાય છે, ત્યારે તે અર્જુનસહ પુનઃ વિશુદ્ધ–ઉન્નત પ્રેમના કલ્યાણબંધને સંલગ્ન થાય છે; અને ત્યારથી, દુષ્યન્ત–શ[illegible]ર્જુન—ચિત્રાંગદાનો પ્રેમ પણ, સત્યમાં વિરાજતો ચિરંજીવ બની રહે [illegible]

---

# સંજીવની

**વાસુદેવ જાની**

દિવસના ઉશ્રમાત શમ્યા પછી,
વિરલ વેળ કદી તવ ખોળલે;
વિરમીને લઉં શાન્તિઅધિકતા,
જીવન–સંજીવની મમ છો તમે.

નવ છૂપાવી કદી તુજથી સખી,
હૃદયમાં ઊઠતી સૌ વેદના;
નસનસે તવ જ્યોતિ ફરી વળી,
સ્મરણમાં તવ યાદ ભરી પડીઃ

દિન પડ્યો બસ યાચન એટલું,
નવ ખસો મમ નેમ સમીપથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રમ

નર્મદાશંકર હ. વ્યાસ

[ મહેનત-મજૂરીને સુંદર અને સફળ બનાવવાને, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ, પ્રજાના દરેક વર્ગમાં-પ્રૌઢો અને મજૂરોને પણ શિક્ષણ અને સંસ્કારની-સુખ અને સગવડતાની શી જરૂરિયાત છે તે આ લેખ સમજાવે છે. ]

**શ્રમ** એટલે માનવીએ ઉઠાવેલ કોઈ પણ જાતની શારીરિક તેમજ માનસિક મહેનત કે મજૂરી. જીવનમાં માણસોને ડગલેને પગલે પરિશ્રમ કરવો પડે છે. પરિશ્રમ સારાએ સંસારના સંચાલનની ચાવી છે. જગતમાંથી શ્રમનું અસ્તિત્વ નાબૂદ થાય એટલે જગતનો પણ અંત આવી જાય. શ્રમ તો સંસારની સમગ્ર પ્રવૃત્તિઓ-આર્થિક, રાજકીય, નૈતિક, ધાર્મિક, સામાજિક વગેરે વગેરેનો પ્રાણવાયુ છે.

શ્રમ એટલે સાધારણ રીતે આપણે મહેનત કે મજૂરી સમજીએ છીએ. પ્રથમ તો માત્ર શારીરિક મહેનત કે મજૂરીનો જ શ્રમમાં સમાવેશ થતો હતો. પણ શ્રમની અર્થમર્યાદા ધીમેધીમે વિસ્તાર પામવા લાગી અને આજે તો શ્રમનું ક્ષેત્ર એટલું બધું વ્યાપક અને વિશાળ બની ગયું છે કે જગતની કોઇ પ્રવૃત્તિ-સ્થૂળ યા સૂક્ષ્મ-શ્રમરહિત નથી, શ્રમથી પર નથી.

સૃષ્ટિનાં મુખ્ય બે અંગ-પ્રકૃતિ અને પુરુષ. પ્રકૃતિ ને પુરુષના સમન્વયથી સંસારનો આવિર્ભાવ થાય છે. એ સમન્વયમાં શ્રમ રહેલો છે. સંસારના મૂળમાં શ્રમ છે. શ્રમરૂપી પાયા ઉપર સમગ્ર સંસારની આલીશાન ઈમારત ખડી છે. માનવી વિનાની પ્રકૃતિ એકલી જડ છે, અને પ્રકૃતિ વિનાનો માનવી ઉપભોગરહિત-ચેતન વિનાના પથ્થર સમાન છે. પ્રકૃતિથી પુરુષનું જીવન છે, સંસાર છે, સંસારની સમગ્ર પ્રવૃત્તિઓ છે; પુરુષથી પ્રકૃતિ રળિયામણી છે, ઉપભોગદાય છે. પ્રકૃતિ ને પુરુષ સંસારનાં બે-જમણું ને ડાબું-પાસાં છે.

માનવી જીવનના સર્જનથી તે અંતસુધી જીવવાને માટે પ્રકૃતિનો ઉપભોગ કરે છે, અને તે ઉપભોગ માણવાને માટે માનવીને પરિશ્રમ ઉઠાવવો પડે છે. પ્રત્યેક જાતના ઉપભોગ પાછળ પ્રકૃતિનું પરિવર્તન-ઉત્પાદન રહેલું છે અને ઉત્પાદનના પ્રાણસમો શ્રમ તેની સાથે સંકળાયેલ છે.

સૃજનજૂના કાળથી માનવી શ્રમ કરતો આવ્યો છે, પણ શ્રમની સમજણ શાસ્ત્રિય પદ્ધતિ પ્રમાણે જેમજેમ સમય પસાર થતો ગયો અને વિચારવિજ્ઞાનનો વિકાસ થતો ગયો તેમતેમ બરાબર તર્કાનુસાર થતી ગઈ. પહેલાંના વખતમાં અમુક જાતના શ્રમને જ ઉત્પાદક શ્રમ તરીકે ગણવામાં આવતો. ને શ્રમના પરિણામે સ્થૂળ વસ્તુના જથ્થામાં વધારો થાય તેને જ માત્ર ઉત્પાદક શ્રમ સમજવામાં આવતો. જેમકે ખેતીવાડી પાછળ, શિકાર કરવામાં, ખનીજ પદાર્થો કાઢવા પાછળ કરવો પડતો શ્રમ ઉત્પાદક શ્રમ ગણાતો. શ્રમની આ સમજણ ઘણી સંકુચિત હતી. એ વિચારણા ક્રમશઃ વિસ્તૃત બનતી ગઈ. એડમ સ્મીથ નામના અર્થશાસ્ત્રીએ ઔદ્યોગિક ઉત્પાદન ઉપરાંત જેને પદાર્થોનું જરૂરિયાત પ્રમાણે પરિવર્તન કરવું પડે છે અને પરિવર્તન પાછળ જે શ્રમ ઉઠાવવો પડે છે તે બધો શ્રમ પણ ઉત્પાદક જ છે તેવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાહેર કર્યું. આટલી વિચારણા પણ હજુ પૂરેપૂરી સંતોષકારક ન હતી. શ્રમને પરિણામે જ્યારે સ્થૂળ પરિણામ પ્રાપ્ત થાય ત્યારે જ શ્રમ ઉત્પાદક હોઇ શકે, એ સમજમાં આજે જબરદસ્ત પરિવર્તન થઇ ગયું છે. આજે તો શ્રમ એટલે જે મહેનતથી સ્થૂળ યા સૂક્ષ્મ જરૂરિયાત ઉત્પન્ન થાય તે ઉત્પાદક મજૂરી ગણાય છે. આ વ્યાખ્યા એટલી બધી વ્યાપક બની ગયેલ છે કે પ્રત્યેક વ્યક્તિની અને સમગ્ર સંસારની સઘળી પ્રવૃત્તિઓ ઉત્પાદક શ્રમના સ્વરૂપમાં જ સમજી શકાય. અહીંયાં એક વસ્તુ ખાસ સમજવા જેવી છે. ઉત્પાદક શ્રમની વ્યાખ્યામાં, જે મહેનતથી જરૂરિયાત ઉત્પન્ન થાય તે મહેનત ઉત્પાદક કહેવાય છે એમ જોયું. હવે જરૂરિયાત એટલે માત્ર એક જ વ્યક્તિની નહીં પણ સમષ્ટિની અને કદાચ એક જ વ્યક્તિની હોય તો પણ બીજી વ્યક્તિના ભોગે પ્રાપ્ત થયેલ નહીં. જે જરૂરિયાત સમાજના ભલામાં ન પરિણમતી હોય તે જરૂરિયાત પાછળનો શ્રમ ઉત્પાદક ન કહી શકાય. જેમકે ચોરે ઉઠાવેલ શ્રમ, જુગારીએ ઉઠાવેલ શ્રમ, ડાકુ, લૂટારાઓ, ગુંડાઓ જે જાતનો પરિશ્રમ ઉઠાવે તે તે ભાગ્યે જ ઉત્પાદક શ્રમ કહી શકાય, કારણકે તે શ્રમમાં સમાજના હિતને બદલે અહિત રહેલું છે, એ લોકોની પ્રવૃત્તિમાં સમાજને અનર્થ થઇ રહેલો હોય છે. એ લોકોના શ્રમથી એમની વ્યક્તિગત જરૂરિયાત પાર પડતી હોય પણ તેથી તેમના શ્રમને ઉત્પાદક ન કહી શકાય કારણકે તેઓ સમાજને અનર્થ કરી રહ્યા છે.

ઉત્પાદક શ્રમને સમજવો હવે બિલકુલ સહેલ છે. સમાજમાં રહેલી પ્રત્યેક વ્યક્તિનો શ્રમ જે શ્રમને પરિણામે કોઇ પણ વ્યક્તિને તેમજ સમાજને નુકશાન નથી થતું તે ઉત્પાદક શ્રમ છે. પ્રત્યેક માનવી પૃથ્વીને પગથાર શ્રમજીવી છે, શ્રમજીવી હોવો જોઇએ. જે પોતાને શ્રમજીવી નથી ગણતો તે સમાજનો દ્રોહી છે, સમાજ ઉપર ભારરૂપ છે અને સમાજનું અહિત કરનાર છે. સમાજમાં રહેતા પ્રત્યેક માનવીનો શ્રમ ઉત્પાદક છે. જેમકે સુથારનો, લુહારનો, મોચીનો, ઘાંચીનો, શિક્ષકનો, વકીલનો, ન્યાયાધિશનો, ધારાશાસ્ત્રીનો, કારકુનનો, ગાયકનો, ચિત્રકારનો, સાહિત્યકારનો તેમજ કોઇ પણ જાતના કલાકારનો શ્રમ જ્યાંસુધી કેવલ વ્યક્તિગત જ નહીં પણ સમાજને હાનિ ન થાય એ દષ્ટિબિંદુ રાખી શ્રમ કરે છે ત્યાંસુધી એ ઉત્પાદક શ્રમ છે.

શ્રમની ઉત્પાદક શક્તિનું માપ કાઢવા માટે શ્રમ કરનાર લોકોની શારીરિક, માનસિક અને નૈતિક સ્થિતિ કેવા પ્રકારની છે તે તપાસવું પડે છે. ઉત્પાદક શક્તિનો આધાર મુખ્યત્વે કરીને આબોહવા, શ્રમજીવીઓના જાતિગુણ, શ્રમજીવીઓનું આર્થિક જીવનધોરણ, તેમની બુદ્ધિમત્તા, ઇચ્છાશક્તિ, કાર્યશક્તિ, પ્રામાણિકતા તેમ જ કાર્ય કરવાની સતત ધગશ અને નૈતિક ગુણો ઉપર રહે છે. આશાસ્પદ જીવન, સ્વતંત્રતા અને કાર્યની ઢબમાં યથોચિત ફેરફારો પણ ઉત્પાદક શક્તિને વધારે છે. મજૂરીનું વળતર કેટલું અને કેવા પ્રકારનું મળવાનું છે તેના ઉપર પણ ઉત્પાદક શક્તિ વધવાઘટવાનો સંભવ રહે છે. શ્રમની વ્યવસ્થા ઉપર પણ ઉત્પાદક શક્તિનો જબરદસ્ત આધાર છે.

આબોહવા ઉપર શારીરિક બંધારણ તેમ જ શારીરિક શક્તિનો આધાર રહે છે. અતિશય ઉષ્ણ તેમ જ અતિશય ઠંડી આબોહવામાં ઉત્પાદક શક્તિ ઘણી કમ માલુમ પડે છે, જ્યારે સમશિતોષ્ણ આબોહવામાં ઉત્પાદક શક્તિ બહુ સરસ હોય છે. આબોહવા ઉપર જીવનની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવશ્યકતાઓનો આધાર છે અને જેટલા પ્રમાણમાં આવશ્યકતાઓ વધારે હોય કે ઓછી હોય તેટલા પ્રમાણમાં ઉત્પાદનશક્તિ વધે કે ઘટે છે.

ગમે તે પ્રકારની આબોહવા હોય પણ મજૂરોનું આર્થિક જીવનધોરણ જો સંતોષકારક ન હોય તો ઉત્પાદક શક્તિ બિલકુલ ઓછી હોવાની. ઉત્પાદક શક્તિનો આધાર મજૂરને કેવા પ્રકારનો અને કેટલા પ્રમાણમાં ખોરાક મળે છે, તેની રહેણીકહેણી કેવા પ્રકારની છે, તથા તેને આરોગ્યવાળાં–ખુલ્લી હવા અને ઉજાસવાળાં નિવાસસ્થાન મળે છે કે નહીં તેના ઉપર રહે છે. જો મજૂરોને પેટપૂરતું ખાવાનું પણ ન મળતું હોય, શરીર ઢાંકવા પૂરતાં–ઋતુઓના આક્રમણમાંથી શરીરને રક્ષવા પૂરતાં કપડાં પણ ન મળતાં હોય, તેમને રહેવાનાં ઝુપડાંઓ ગંદકીમય જગ્યામાં હોય, તો પછી તે મજૂરોની ઉત્પાદક શક્તિ ઊંચા પ્રકારની કેવી રીતે થઇ શકે? હિંદુસ્તાનનો મજૂર ઇંગ્લાંડ, અમેરિકા કે જર્મનીના મજૂર કરતાં ઓછી ઉત્પાદક શક્તિવાળો હોય તો તેનાં કારણ, ઉપર બતાવ્યા પ્રમાણે, જીવનનું આર્થિકધોરણ બેહદ કંગાલ, સમાજ અને રાજ્યની તેના જીવન માટેની બેદરકારી અને કંઇક અંશે આબોહવા છે.

આબોહવા સારી હોય, જીવનનું આર્થિકધોરણ ઊંચા પ્રકારનું હોય તો પછી ઉત્પાદક-શક્તિનો આધાર મજૂરોની બુદ્ધિમત્તા ઉપર રહે છે. જેટલા પ્રમાણમાં બુદ્ધિ કુશાગ્ર અને માનસિક શક્તિઓ સારા પ્રમાણમાં ખીલેલ તેટલા પ્રમાણમાં ઉત્પાદક શક્તિ વધારે હોય છે. માનસિક શક્તિઓની ખીલવણીનો આધાર કેળવણી ઉપર હોય છે એટલે જેટલા પ્રમાણમાં કેળવણી વધારે વ્યાપક અને વ્યવહારૂ તેટલા પ્રમાણમાં મજૂર વધારે કાબેલ અને હોંશિયાર બને છે. પરિણામે તેની ઉત્પાદક શક્તિ પણ વધે છે. યુરોપ, અમેરિકા અને જાપાનના શ્રમજીવીઓની ઉત્પાદક શક્તિ હિંદુસ્તાનના મજૂર કરતાં અનેકગણી વધારે છે કારણ કે હિંદુસ્તાનનો મજૂર નિરક્ષર છે, અભણ છે. જ્યારે પેલા કેળવાયેલા અને વ્યવસ્થિત છે. કેળવણીથી વિચારશક્તિ અને કલ્પનાશક્તિ ખીલે છે, અને ઉત્પાદક શક્તિ કલ્પનાશક્તિને આભારી છે. જગતમાં આજે અતુલ ઉત્પાદક શક્તિ માલુમ પડે છે તેનું કારણ વિજ્ઞાનની અસાધારણ શોધખોળો અને એ બધી શોધખોળો કલ્પનાશક્તિ તેમ જ વિચારશક્તિનું પરિણામ છે. કેળવણી સાથે સંસ્કાર પ્રાપ્ત થાય છે અને સંસ્કારથી ઇચ્છાશક્તિ, પ્રામાણિકતા, કાર્યક્ષમતા તેમજ નૈતિક ગુણોની ખીલવણી થાય છે.—જેનાથી મજૂરોનું જીવન ઉન્નત બને છે તેમજ ઉત્પાદન શક્તિને ખૂબ વેગ મળે છે. પરિણામે દેશની ઉન્નતિ થાય છે. એ કારણે જ હિંદમાં આજે પ્રૌઢ શિક્ષણનો પ્રચાર થઇ રહ્યો છે.

મજૂર બિચારો કામ કરીને મરી જતો હોય અને તેની મજૂરીના બદલામાં તેને ધાર્યા પ્રમાણે ન્યાયપૂર્વક, પેટપૂરતું વખતસર ન મળતું હોય તો તેની ઉત્પાદક શકિત ધીમેધીમે ક્ષીણ થતી જાય છે. સ્વતંત્ર મજૂરોની ઉત્પાદક શકિત કરતાં ગુલામોની ઉત્પાદક શકિત અનેકગણી ઓછી હોય છે તેનું કારણ આ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ અનુસંધાન પૃ. ૧૧૪ ]
લાગ્યો. પરિણામે તેણે ફતેહજંગને આવકાર્યો પરંતુ કોઇના પણ હાથમાં પૂરી સત્તા રાખવાને બદલે તેણે તે ફતેહજંગ, ગગનસિંહ, સેનાપતિ અભિમન ને જંગ વચ્ચે વહેંચી નાંખી. વડા-પ્રધાનનું પદ જો કે ફતેહજંગને આપવામાં આવ્યું પણ લશ્કરી બળનો મોટો ભાગ ગગનને સોંપી બાકીનો બીજા ત્રણે વચ્ચે વહેંચી દેવાયો.

આ અરસામાં પંજાબમાં અંગ્રેજો અને શીખો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. શીખોએ નેપાળની મદદ માગી અને નેપાળની રાજસભાએ પૂરતી મદદ આપવાની ઇચ્છા પણ દર્શાવી; પણ જંગબહાદુર અને ગગનસિંહે અંગ્રેજો સાથે નિરર્થક વેર બાંધવામાં કંઇ સાર ન જોયો. તેમણે શીખોને મદદ આપવાની બાબતમાં વિરોધ કર્યો. રાજા-રાણીએ પણ શાંતિને માટે એ બંનેનેજ ટેકો આપી તટસ્થતાની નીતિ સાચવી રાખી.

પણ ગગનસિંહની આ રીતે દિવસેદિવસે વધતી જતી સત્તાએ રાજાને ઉશ્કેરી મૂકયો. તે પોતે તો ગગનને કંઇ પણ કરી શકવાને જોકે અશક્ત હતો પણ સ્વ. મહારાણીના બંને પુત્રો-સુરેન્દ્રવિક્રમ અને ઉપેન્દ્રવિક્રમને તેણે રાણી સાથેનો ગગનનો નીચ સંબંધ સમજાવ્યો અને ગગનના ખૂન માટે તેમને આગ્રહ કર્યો. પરિણામે બંને કુમારોએ, રાજકુટુંબની કીર્તિ પરના કલંકને ભૂંસી નાખવા, ફતેહજંગ વગેરેને વિશ્વાસમાં લઈ, ગગનના ઘરની સમીપમાં જ રહેતા, લાલજહાં નામે માણસની મદદથી, એક રાત્રે, આકસ્મિક રીતે ગગનનું ખૂન કરાવી નાંખ્યું; ને લાલજહાંને તેમણે હજારો સોનામહોરો આપીને એ પ્રદેશની બહાર સહીસલામત સ્થળે પહોંચાડી દીધો.

રાણીને આ ખૂનના સમાચાર મળતાં જ તે અડધી રાત્રે ઉઘાડી તલવારે નીકળી પડી. ગગનના શબ પાસે તેણે આ વેરનો બદલો લેવાના શપથ લીધા. પોતાના એ પ્રિયતમના શબને અને તેની સ્મશાનયાત્રાને રાજવંશી સન્માન આપવાને તેણે રાજતિજોરીમાંથી એક લાખ રૂપિયા આપવાની આજ્ઞા ફરમાવી. ને તે સીધી કોટ-કે જ્યાં લશ્કરી બાબતોનું નિરાકરણ થતું ત્યાં જઈ પહોંચી. તેણે રાજ્યના દરેક અમલદારને તે જ વખતે ત્યાં બોલાવી મંગાવવાને લશ્કરી શંખ ફૂંકાવ્યા.

આ પ્રસંગે સૌથી પ્રથમ આવી પહોંચનાર જંગબહાદુર હતો. રાણીએ તેને વિશ્વાસમાં લીધો. ઘણાખરા અમલદારો અને સેનાપતિઓ આવી પહોંચતાં રાણીએ ખૂનીની તત્કાળ માગણી કરી, અને એક અમલદાર ઉપર શક જતાં તેને ત્યાંજ ઉડાવી દેવાની તેણે સેનાપતિ અભિમનને આજ્ઞા ફરમાવી. આ બધી ધમાલ જોઈ ગભરાતો રાજા ત્યાં આવી પહોંચ્યો. તેણે અમલદારના વધને વડા-પ્રધાનની સંમતિ સિવાય ગેરકાયદેસર ઠરાવ્યો. વડા-પ્રધાન હજી ત્યાં આવી પહોંચ્યા નહોતા. તેમને બોલાવવાના બહાને, રાણીથી ડરતો રાજા ત્યાંથી ભાગી છૂટયો; ને ફતેહજંગને ત્યાં જઇ તેને બધી વિગત સમજાવી. ફતેહજંગ યોગ્ય તૈયારી સાથે કોટમાં આવવા નીકળ્યો. રાજા સલામત આશ્રય માટે અંગ્રેજ રેસીડેન્ટની કોઠીએ જઈ પહોંચ્યો પણ રેસિડેન્ટે રાત્રિને વખતે મુલાકાત આપવાની ના પાડતાં તે રેસીડેન્ટને ગાળો ભાંડતો ભાંડતો રાજમંદિરે પાછો ફર્યો.

ફતેહજંગે કોટમાં પહોંચી રાણીને પૂરતી તપાસનું આશ્વાસન આપ્યું. પણ રાણીએ તો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે જ વખતે ખરા ખૂનીને શોધી કાઢવાનો ને શકદારોને ઉડાવી દેવાનો આગ્રહ કર્યો. અને તેમ થતાં પહેલાં કોઈ પણ વ્યક્તિને કોટની બહાર નહિ જવા દેવાનો તેણે નિશ્ચય દર્શાવ્યો. ફતેહજંગ રાણીની એકે માગણી સાથે સંમત ન થઇ શકયો. તેણે અભિમન સાથે મસલત કરી રાણી સામે ખુલ્લા વિરોધનો નિર્ણય કર્યો.

પણ એકલા ફતેહજંગ કે અભિમનથી કંઈ વળે એમ નહોતું. કોટની બહાર રહેલાં તેમનાં લશ્કરોને સંદેશ પહોંચાડી તેઓ તેની સશસ્ત્ર મદદ ન મેળવે ત્યાંસુધી તેઓ નિરુપાય હતા. ને કોટનો ચોકી પહેરો જંગબહાદુરને હસ્તક હતો. અભિમન એ પહેરો વટાવી બહાર નીકળવા ગયો કે તેને રાણીના હુકમથી તરતજ ત્યાં વીંધી નાખવામાં આવ્યો. મરતા અભિમને ગગનસિંહના ખૂની તરીકે જંગબહાદુરનું નામ દીધું.

ફતેહજંગનો રોષ પણ હવે જંગબહાદુર તરફ વળ્યો. આ પ્રસંગનો બધો જ દોષ જંગ પર ઢોળી નાંખવાને તે બેબાકળો બની રાણીની પાસે દોડયો. પણ રાણી પાસે પહોંચી તે રાણીને જંગબહાદુર પ્રતિ શંકાશીલ બનાવી શકે, એ પહેલાં જ જંગની પ્રેમિકાના પ્રબંધથી તેને પગથિયા પરજ વીંધી નાખવામાં આવ્યો.

આ પછી તો ફતેહજંગના પક્ષે, પાન્ડે પક્ષે અને માતબેરના ખૂનના કારણે કેટલાક થાપાઓએ પણ જંગનો એકત્ર સામનો કર્યો. જંગને પણ પોતાનો મોટો પક્ષ હતો. બંને વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. પણ વિરોધી પક્ષો અવ્યવસ્થિત હતા. જ્યારે જંગ તો પહેલેથીજ ભાવિનું માપ કાઢી પૂરતી લશ્કરી તૈયારી સાથે આવ્યો હતો. તેના બહાર રહેલા લશ્કરને કોટમાંની ગંભીર પરિસ્થિતિના સમાચાર મળતાં તેણે અંદર ધસારો કર્યો. ગગનનું સૈન્ય પણ જંગના પક્ષે ઊભું. ફતેહજંગ ને અભિમનનાં સૈન્યોએ સેનાપતિઓના અવસાન પછી રાણી કે જંગનો વિરોધ કરવામાં કંઈ સાર ન જોયો. પરિણામે વિરોધીઓએ નાસભાગ આદરી. કોટના રાજચોકમાં રૂધિરની નીકો રેલાવતાં હજારો શબોની ભયાનક હારમાળા જામી. રાણીએ સુરેન્દ્રવિક્રમને એ દશ્ય બતાવી તેને ડરાવવાની જંગને સૂચના કરી. જંગે સુરેન્દ્રવિક્રમને દશ્ય તો બતાવ્યું, પણ ધીમેથી કાનમાં કહ્યું, "અહીં તમારા વિરોધીઓજ ખતમ થયા છે."

આમ અનેક બળવા ને હજારોનાં લોહી રેડાયા પછી નેપાળનું સુકાન એકજ વ્યક્તિના હાથમાં મૂકાયું. રાણીએ તે જ રાત્રે જંગબહાદુરને નેપાળના મુખ્ય સેનાધિપતિ ને વડા પ્રધાનને પદે નીમ્યો.

[ જંગબહાદુરના રસિક અને યશસ્વી ઉત્તરજીવન માટે આવતો અંક જુઓ ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વટપદ્ર(વડોદરા)ના ઐતિહાસિક ઉલ્લેખો

[ પં. લાલચંદ્ર ભ. ગાંધી. પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા ]

[ ૭ ]

**કવિ વિનયવિજય**[1] ઉપાધ્યાયે વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં વડોદરાની મનોહરતા જોયા પછી તે સંબંધમાં પોતાના કવિત્વભર્યા ઉદ્‌ગારો ઉપર્યુક્ત શ્લોકોદ્વારા પ્રકટ કર્યા છે. તેમાં જણાવ્યું છે કે,—

---

૧. આ કવિ, **તેજપાલ** અને **રાજશ્રી**ના સુપુત્ર અને ઉપર્યુક્ત **કીર્તિવિજય** ઉપાધ્યાયના શિષ્ય હતા. તેઓએ પોતાની જનનીના શ્રેય માટે ચિત્કોશમાં મૂકેલી **કથાસંગ્રહ**, **જ્ઞાતાસૂત્ર** વિગેરે ગ્રંથોની પ્રતિયો **પાટણ**ના જૈન ગ્રંથભંડારમાં જોવામાં આવે છે. આ કવિએ પોતાના જીવનમાં અનેક **તપાગચ્છ**-પતિઓના સમયમાં ગ્રંથોનું લેખન, સંશોધન, અવગાહન અને રચનાકાર્ય કર્યું જણાય છે. તેમના ગુરુ-બંધુ **કાંતિવિજયે** **સંવેગ-રસાયન બાવની**માં કરેલા સૂચન પ્રમાણે તેઓએ બે લાખ શ્લોક-પ્રમાણ રચના કરી સમાજને ઉપયોગી સાહિત્ય પૂરું પાડ્યું હતું, જે દ્વારા સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિંદી ભાષા પર પણ તેમનું પ્રૌઢ પાંડિત્ય પ્રકટ થાય છે. સંવત્‌ના સૂચનવાળી તેમની મુખ્ય રચનાઓ આ પ્રમાણે જાણવામાં આવી છે—

વિ. સં. ૧૬૮૪ માં ચૈત્ર વ. ૧૦ **રામચંદ્રકૃત શ્રીશેષી નૈષધ-વૃત્તિ**નું લેખન (એ. ઈ. નં. ૧૨૦૬).

વિ. સં. ૧૬૮૭ માં **યંત્રરાજ** ગ્રંથનું લેખન.

વિ. સં. ૧૬૮૯ માં ઉ. **ભાવવિજયે** રચેલી **ઉત્તરાધ્યયન-વૃત્તિ**નું સંશોધન.

વિ. સં. ૧૬૯૦ માં ઉપર્યુક્ત ગુરુ **કીર્તિવિજય**-કૃત **વિચાર-રત્નાકર**નું લેખન.

વિ. સં. ૧૬૯૬ માં જેઠ શુ. ૨ **તપાગચ્છપતિ** **વિજયાનંદસૂરિ**ના સમયમાં **કલ્પસૂત્ર-વૃત્તિ** (સુબોધિકા), જે જૈન-સમાજમાં પ્રતિવર્ષ પર્યુષણાપર્વમાં વંચાય-સંભળાય છે.

વિ. સં. ૧૬૯૭ માં ધન્યત્રયોદશીએ **દ્વારપુર(બારેજા)**થી, **સ્તંભતીર્થ(ખંભાત)**માં ચોમાસું રહેલા **તપાગણ-પતિ** **વિજયાનંદસૂરિ** તરફ લખેલ વિદ્વત્તાભર્યો ચિત્રકાવ્યમય પાંચ અધિકારવાળો **આનંદ-લેખ** સં. વિજ્ઞપ્તિપત્ર. (જૈનસાહિત્ય-પ્રદર્શન **પ્રશસ્તિસંગ્રહ** ભા. ૧ લાના અંતમાં આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે, ત્યાં 'વાર્ધિ' શબ્દથી ચાર સંખ્યા લઇ આનો રચના સમય (વિ. સં. ૧૬૯૪ જણાવ્યો છે, પરંતુ વિ. સં. ૧૬૯૬ માં રચેલી **સુબોધિકા**નો તેમાં ઉલ્લેખ હોવાથી 'વાર્ધિ' શબ્દથી અહિં ૭ સંખ્યા લઈ આનો રચના-સમય વિ. સં. ૧૬૯૭ સમજવો યોગ્ય ગણાશે).

વિ. સં. ૧૬૯૯ (૯૮) માં **તપાગચ્છપતિ** **વિજયદેવસૂરિ** અને **વિજયસિંહસૂરિ**ના સમયમાં ગુજરાતી ભાષામાં રચેલી **સૂર્યપુર(સૂરત)ની ચૈત્ય-પરિપાટી**; જેમાં **સૂરત** અને તેની આસપાસનાં **રાનેર (રાંદેર)**, **વડસાલ (વલસાડ)**, **ઘણદીવિ (ગણદેવી)**, **નવસારી** અને **હાંસોટ** વિગેરેમાં રહેલાં તે સમયનાં **જિન-ચૈત્યો**(જૈન-મંદિરો)નો સારો ખ્યાલ આપ્યો છે.

વિ. સં. ૧૭૦૧ (?) માં **તપાગણપતિ** પૂજ્ય આચાર્યના આદેશથી **જોધપુર**માં ચોમાસું રહેતાં તેમના તરફ **સૂરત** લખેલ ઉપર્યુક્ત **ઇંદુદૂત** કાવ્ય-લેખ (કવિએ આના ૧લા પદ્યમાં **વિનય** અને ૧૨૬ મા શ્લોકમાં **વિનયવિજય** એવું નામ સ્પષ્ટ સૂચવ્યા છતાં, સન્ ૧૯૦૬ માં નિ. સા. **કાવ્યમાલા** ગુચ્છક ૧૪ માં આ કાવ્ય ત્યાં સંપાદિત કરવા છતાં સંપાદકને તેના કર્તાનું નામ સ્ફુટ ઉપલબ્ધ થયું ન હતું! સાક્ષર શ્રીજિનવિજયજીએ સંપાદિત **'વિજ્ઞપ્તિ-ત્રિવેણી'**ની પ્રસ્તાવના (પૃ. ૭ અને ૧૮)માં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"હે ઇંદુ! તે દ્રંગ(અહમ્મદાવાદ)થી દક્ષિણ દિશામાં પ્રસ્થાન કરતાં વચ્ચે સ્વર્ગના આકાર જેવું બીજું નગર લાટદેશનું તિલક જોઇજોઇને તને મનમાં પરમ પ્રીતિ ઉત્પન્ન થશે; કેમકે વિવિધ પ્રકારની લક્ષ્મી—શોભાથી મનોહર શરીરવાળા મનુષ્યોનો ત્યાં વાસ છે.

રમણીય અત્યંત અનુપમ વટપદ્ર નામની આ નગરીને જોઈ, મનમાં શંકા ધારણ કરતી લંકા સમુદ્રમાં ડૂબી ગઇ, અને અલકા(કુબેરની રાજધાની) દૃષ્ટિ ન પહોંચે તેવા સ્થાનમાં વસે છે, અને ભોગાવતી, મદરહિત થઈને પાતાલમાં પેસી ગઇ લાગે છે.

---

તથા એને અનુસરીને બીજા કેટલાક લેખકોએ અન્યત્ર જણાવ્યું છે કે આ 'ઈન્દુદૂત' કાવ્ય વિજયપ્રભસૂરિને ઉદ્દેશીને લખાયેલ છે, પરંતુ આંતર અવલોકન અને વિશેષ વિચાર કરતાં તે વિજયદેવસૂરિને ઉદ્દેશીને લખાયેલ હોય–એમ જણાય છે.)

વિ. સં. ૧૭૦૫ માં ધનતેરશે ખંભાતના શ્રીસંઘ તરફથી ચોમાસા માટે ખંભાત પધારવા વિજ્ઞપ્તિરૂપ, રાજનગરમાં રહેલા વિજયદેવસૂરિ તરફ લખેલ ગુજરાતી કવિતા–લેખ.

વિ. સં. ૧૭૦૬ માં ભાદ્રવામાં વિજયસિંહસૂરિના આધિપત્યમાં નેમિનાથ–ભ્રમર ગીત.

વિ. સં. ૧૭૦૭(?)માં દીવબંદરમાં વિજયદેવસૂરીશ્વર અને વિજયસિંહ ગુરુની તુષ્ટિ માટે સં. નયકુસુમાંજલિ (નયકર્ણિકા)

......ધનતેરશે દેવકપત્તન (પ્રભાસ પાટણ)થી, ગુજરાતની રાજધાની પાટણમાં ચોમાસું રહેલા પૂજ્ય વિજયદેવસૂરિ તરફ પૂર્વાર્ધ પ્રાકૃત અને ઉત્તરાર્ધ સંસ્કૃત પદ્યોવાળું છટાદાર રચી મોકલેલ વિશિષ્ટ નિવેદનવાળું પર્યુષણાપર્વ–વિજ્ઞપ્તિપત્ર.

તપાગણપતિ વિજયદેવસૂરિ અને વિજયસિંહસૂરિની આજ્ઞા લઇને પ્રારંભ કરેલ, અને વિજયસિંહસૂરિ સ્વર્ગસ્થ થતાં વિજયપ્રભસૂરિ પટ્ટધર તરીકે પ્રકાશમાં આવતાં (?) વિ. સં. ૧૭૦૮ માં વૈશાખ શુ. ૫ જૂનાગઢમાં પૂર્ણ કરેલ સેંકડો પ્રમાણોવાળો ૧૯૬૨૧ શ્લોક પ્રમાણ અતિવિસ્તૃત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ લોકવિષયક લોકપ્રકાશ નામનો મહાન્ સં. ગ્રંથ.

વિ. સં. ૧૭૧૦ માં જેઠ શુ. ૬. વિજયસિંહસૂરિના ઉપદેશથી શત્રુંજયના શિખર પર થયેલ સહસ્રકૂટ (૧૦૦૮ જિનબિંબવાળા) તીર્થની પ્રતિષ્ઠા (વિજયદેવસૂરિની આજ્ઞા અને આ. વિજયપ્રભસૂરિના નિર્દેશથી કર્યાનું શિલાલેખમાં સૂચન છે.)

વિ. સં. ૧૭૧૦ માં રાજધન્ય(રાધન)પુરમાં, તપાગણપતિ વિજયદેવસૂરિની વિદ્યમાનતામાં તેમના પટ્ટધર વિજયસિંહસૂરિ સ્વર્ગસ્થ થતાં યુવરાજ વિજયપ્રભસૂરિના સમયમાં કાંતિવિજયગણિ માટે હૈમવ્યાકરણ–લઘુપ્રક્રિયાની રચના.

વિ. સ. ૧૭૧૩ (?) માં વિજયપ્રભસૂરિ–પર્યન્ત પટ્ટાવલી–સજ્ઝાય.

વિ. સં. ૧૭૧૬ માં સૂરતમાં વિજયપ્રભસૂરિના આધિપત્યમાં ધર્મનાથ–વિજ્ઞપ્તિરૂપ ઉપમિતિભવ–પ્રપંચ સ્તવન.

અનેક જિન–સ્તવનો, ચોવીશી, વીશી, સ્વાધ્યાયો, પદો, વિનયવિલાસ વિગેરે.

વિ. સં. ૧૭૨૩ માં ગંધપુર (ગંધાર)માં વિજયપ્રભસૂરિના અધિકારમાં શાંતસુધારસ ભાવનાપ્રબંધ (સં. ગેય દેશીઓમાં મધુર સંગીતમાં ઉતારેલ ઉચ્ચ જૈન ભાવનાઓ.)

વિ. સં. ૧૭૨૩ (૩૨)માં ગંધારમાં વિજયપ્રભસૂરિના આધિપત્યમાં પાંચ સમવાય–કારણ સ્તવન, ષડાવશ્યક સ્તવન, ઉપધાન વિધિ–સ્તવન વિ.

વિ. સ. ૧૭૨૬ માં ઉ. યશોવિજયે રચેલ ધર્મ–પરીક્ષા ગ્રંથનું સંશોધન.

વિ. સં. ૧૭૨૮ માં રાનેરમાં રાજુલ–નેમિ–સંદેશ (બારમાસ).

વિ. સં. ૧૭૨૯ માં વિજયદશમીએ રાનેરમાં વિજયપ્રભસૂરિના આધિપત્યમાં પુણ્યપ્રકાશ (આરાધના) સ્તવન (જૈન–સમાજમાં અંતસમય પર આરાધના માટે બહુધા વંચાતું અને સંભળાવાતું).

વિ. સં. ૧૭૩૧ માં ગંધારમાં જિનસહસ્રનામ–સ્તોત્ર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આ નગર(વટપદ્ર)માં મધ્યમાં વિશાલ સુષમ** (ચોતરફથી સારી રીતે સમઘાટ-વાળો) **અત્યંત ઊંચો મંડપ (માંડવો)** છે, ત્યાં રહીને તારે ચારે દિશામાં જોવું; આ પુરની ચારે બાજૂની અનુપમ લક્ષ્મી-શોભાને તું જલ્દી જોઇશ, ખરેખર આ નગર, પવિત્ર કાંતિવાળા ચારદ્વારવાળા ચૈત્ય(**જિનમંદિર**)નું અનુકરણ કરનારૂં હોઇ **રમણીય** છે." 'અહિંથી અત્યંત પાસે **ભૃગુપુર(ભરૂચ)** છે.' એમ એ પછીના શ્લોકમાં ઉલ્લેખ કર્યો છે.

**પરદેશી મુસાફરોએ કરેલા ઉલ્લેખો**

**નિકોલસ વિહુટિંગ્ટન** (Withington) નામના પરદેશી મુસાફરે ઇસ્વીસન્ ૧૬૧૨થી ૧૬૧૬ સુધી હિંદુસ્તાનમાં ફરી માહિતી મેળવી ઇસ્ટ ઈંડિઆ કંપનીના ગવર્નર તરફ લખ્યું હતું, જે લખાણ બ્રિટિશ મ્યુઝિયમમાં રાખ્યું હતું, તે પ્રકાશમાં આવતાં જણાય છે કે, ઉપર્યુક્ત મુસાફરે બ્રિ. એજન્ટ **ઓલ્ડવર્થ** સાથે ઈ. સન્ ૧૬૧૩ અકટોબરમાં (વિ. સં. ૧૬૭૦માં) **સૂરત** તરફથી **અહમ્મદાવાદ** જતાં આ **વડોદરા**ની મુલાકાત લીધી હતી. અહિંથી વેપાર માટે માલ ખરીદ્યો હતો. આ નગરને **બ્રોથ્રા** (Brothra), **બ્રોદ્રા** (Brodra) નામથી ઓળખાવી તેને સારાં બિલ્ડીંગોવાળા નાના નગર તરીકે જણાવ્યું છે. તે વખતે આ શહેરનો ગવર્નર **મુસલ્ફખાન** ૨૦૦૦ ઘોડાઓ તથા પાયદળ વગેરે સૈન્ય સાથે **મહી વાસદ** તરફ રજપૂત સામે યુદ્ધ માટે રોકાયો હતો. જેમાં પાછળથી બંને વચ્ચે સંધિ થઇ હતી. **વિહુટિંગ્ટનને વાસદથી નડિઆદ** જતાં સામાન વિ. ઉપાડવા **મુસલ્ફખાને** ૨૦ ઘોડાઓ અને એક હાથી આપ્યો હતો.[1]

**મૅણ્ડેલ્સ્લો** નામના મુસાફરનો ઈ. સન્ ૧૬૩૮-૩૯નો જે અહેવાલ પ્રકટ થયો છે, તે પરથી જણાય છે કે તેણે ઈ. ડચ મિત્રો અને અંગ્રેજ એજન્ટ સાથે **ભરૂચથી** આવી સન્ ૧૬૩૮માં તા. ૭મી અક્ટોબરમાં (વિ. સં. ૧૬૯૫માં) પોતાના દેશના ડ્રેસમાં **વડોદરાની** મુલાકાત લીધી હતી. અહિં તેણે અંગ્રેજ એજન્ટને ત્યાં હિંદુ નાચનારીઓના નાચો જોયા હતા. અહિં મજબૂત દિવાલવાળો સારાં બુરજોવાળો કોટ તથા ચાર ખુલ્લા અને એક બંધ રહેતા દરવાજા સાથે પાંચ દરવાજા તેણે જોયા હતા. અહિં વણાટ અને રંગારી-છીપા કામમાં ઉદ્યમી મુખ્યતયા હિંદુવસતિની તેણે નોંધ કરી છે.[2]

---

વિ. સં. ૧૭૩૨-૬માં **વિજયરત્નસૂરિ**ના અધિકારમાં ગુણસ્થાનક સ્વરૂપ (**વીરસ્તવન**).

વિ. સં. ૧૭૩૭ માં વિજયદશમીએ **વિજયરત્નસૂરિ**ની આજ્ઞાથી **રતલામ**ના ચોમાસામાં **હૈમપ્રકાશ** (હૈમપ્રક્રિયા-વિવરણ) વિસ્તૃત વ્યાકરણ-ગ્રંથ-રચના.

વિ. સં. ૧૭૩૮ માં **રાનેર**માં **ભગવતીસૂત્ર-સજ્ઝાય**.

વિ. સં. ૧૭૩૮ માં **રાનેર**માં **શ્રીપાલ-રાસ** (૭૫૦ ગાથા પર્યન્ત, અપૂર્ણ મૂકી સ્વર્ગસ્થ થતાં બાકીનો ભાગ, તેમના વચનથી સુપ્રસિદ્ધ ઉપાધ્યાય **યશોવિજયે** પૂર્ણ કર્યો; જે આશ્વિન-ચૈત્રમાં નવ-પદ આરાધન-પ્રસંગમાં જૈન સમાજમાં બહુશઃ વંચાય-ગવાય-સંભળાવાય છે).

૧. 'અર્લી ટ્રેવલ્સ ઈન્ ઈંડિયા (૧૫૮૩-૧૬૧૯)' ઑક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ઇંગ્લંડ તરફથી સન્ ૧૯૨૧ માં પ્રકટ થયેલ પુસ્તક (પૃ. ૨૦૫).

૨. 'મૅણ્ડેલ્સ્લોઝ્ ટ્રૅવલ્સ ઇન્ વેસ્ટર્ન ઇણ્ડિયા' ઈસ્વીસન્ ૧૬૩૮-૩૯ (ઑક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ તરફથી ૧૯૩૧માં પ્ર. પૃ. ૧૫, ૧૬).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વિક્રમની અઢારમી સદીમાં

**વડોદરાના પાર્શ્વનાથનાં સ્મરણો**

વિ. સં. ૧૭૨૧માં તપગચ્છપતિ **વિજયપ્રભસૂરિ**ના સમયમાં તેમના આજ્ઞાધારક, પં. કૃપાવિજયના શિષ્ય પં. **મેઘવિજય** નામના વિદ્વાને **દીવબંદર**માં ચોમાસું રહી રચેલી શ્રી**પાર્શ્વ**નાથની નામમાલામાં વડોદરાના **પાર્શ્વ**નાથનું પણ સ્મરણ કર્યું છે.[1]

તપાગચ્છમાં **વિજયપ્રભસૂરિ**ના અધિકાર-સમય(વિ. સં. ૧૭૧૩ થી ૧૭૪૯)માં પં. **ચારિત્રસાગર**ના શિષ્ય પં. કલ્યાણસાગર કવિએ રચેલી **પાર્શ્વનાથ**-ચૈત્યપરિપાટીમાં **વડપદ્ર**ના **પાર્શ્વ**નાથ(મૂર્તિ)નું સ્મરણ કર્યું છે.[2]

તપાગચ્છમાં **વિજયરાજસૂરિ**ના અધિકાર-સમયમાં પં. **શિવવિજય**ના શિષ્ય **શીલવિજયે** વિવિધ દેશોમાં યાત્રા કરી વિ. સં. ૧૭૪૬માં રચેલી **તીર્થ**માલા(સ્તવન)માં **વટપદ્ર**(વડોદરા)ના **દાદા પાર્શ્વ**નાથ દેવનું સ્મરણ કર્યું છે.[3]

**નેમિનાથનું સ્તવન**

વિક્રમની અઢારમી સદીના પૂર્વાર્ધમાં **લુંકાગચ્છ**માં થઈ ગએલા શ્રીપૂજ્ય ગણીશ્વર **કેશવગુરુ**ના શિષ્ય મુનિ **તેજસિંહગણિ**એ સં. દૃષ્ટાંતશતક તથા બીજી કેટલીક લઘુ કૃતિયો ગુજરાતીમાં રચેલી જણાય છે. જેમણે વિ. સં. ૧૭૨૭માં **જાલોર**માં **ઋષભ**સ્તવન (હીરાવેધ), વિ. સં. ૧૭૩૩માં **બુરાહાનપુર**માં **શાંતિ**જિનસ્તવન, તથા **વીર** જિનસ્તવન, વિ. સં. **૧૭૩૪**માં **રતનપુરી**માં જિનસ્તવન, વિ. સં. ૧૭૩૫માં **નાંદસમા**માં આંતરાનું સ્તવન, **૧૭૪૮**માં **વીરમગામ**માં **સીમંધર**-જિનસ્તવન રચ્યાં હતાં; તે કવિ **તેજસિંહે** વિ. સં. ૧૭૧૧(?)માં **વડોદરા**માં નેમિનાથનું સ્તવન રચ્યું હતું.[4]

[ચાલુ]

---

૧. "જેસલમેરઇ જિન **મનમોહન કલિકુંડ**, ઈલોરઇ અતિશય **વડોદરઈ** પરચંડ;
ડુંગરપુર ઇડર ઉદયપુરઇ જિનરાય, **ધવલકઇ નવસારી વાણારસી** વરદાય."

—**પ્રાચીનતીર્થ**માલા-સંગ્રહ (ભા. ૧, પૃ. ૧૫૨ ય. વિ. ગ્રં.)

૨. "ડૂંગરપુરમેં દીપતો **વડપદ્રે** હો વાડિં રખવાલ."

—**પાર્શ્વ**નાથ-ચૈત્યપરિપાટી (પ્રાચીન તીર્થમાલા-સંગ્રહ ભા. ૧, પૃ. ૭૦ ગા. ૯).

૩. "ડભોઇ **પાસ, વટપદ્રિં** દેવ **દાદો** જિન સોહિ નિતુમેવ;
**ચાંપાનેરિં નેમિ** જિણંદ, **મહાકાલી** દેવી સુખ-કંદ."

—**પ્રાચીનતીર્થ**માલા-સંગ્રહ (ભા. ૧, પૃ. ૧૨૨, ગા. ૧૧૯ ).

૪. "તસ શિષ **તેજસિંહ**, સ્તવન રચ્યો **વડોદરા** મઝાર એ. ૫
સંવત રુદ્ર અસ્વ(સ)[રા]સી સહી દીવો સો પ્ર(? સામ)લ સાર એ;
શ્રી**નેમ**પ્રભુજીની સ્તુતિ કીધી, સંઘ સહુ જયજયકાર એ. ૬

મો. દ. દેશાઈ—જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨, પૃ. ૩૦૦)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જીવન–ઝરણાં

**પ્રભા**

**બર્નાર્ડ** શૉ ચુસ્ત શાકાહારી છે. શરીરે પણ તેઓ ઊંચા ને એકવડિયા છે.–જ્યારે સ્વ. મહાન વાર્તાકાર ચેસ્ટરટન માંસાહારી અને શરીરે પણ સશક્ત ને ભરાવદાર હતા. એક વખતે આ બંને નામાંકિત સાહિત્યકારો માર્ગમાં અકસ્માત એકઠા મળ્યા.

તે પ્રસંગે ચેસ્ટરટને શૉ સામે જોઈ કહ્યું, "તમને જોઈ ને કોઈ ચોક્કસ એમજ ધારી બેસે કે ઇંગ્લાંડમાં દુકાળ પડયો છે."

"ને, નામદાર!" બર્નાડ શૉએ ઉમેર્યું "આપને જોઇને એ ચોક્કસ એમજ માની બેસે કે ઇંગ્લાંડના દુકાળનું કારણ આપ છો."

*

**પ્રશિયન** રાજકુમારની રાણીને છૂટાછેડા પછી એક ગામમાં નજરકેદીની જેમ રાખવામાં આવેલી. તે રાણીએ એક પ્રસંગે પરદેશથી કિંમતી માલ મંગાવ્યો. પણ જકાતી અમલદારે જકાત ન મળવાથી માલ રોકી રાખ્યો. રાણીએ એ અમલદારને માલ લઈ પોતાની સમીપ બોલાવ્યો. ને તેને તમાચા ચોડી તેના હાથમાંથી માલ પડાવી લીધો.

અમલદારે આ અપમાન વિષે શહેનશાહ ફ્રેડરિકને ફરિયાદ કરી ફ્રેડરિકે ઉત્તરમાં લખ્યું, "જકાતી નુકશાન મારા નામે ચડાવવું. માલ જેણે લીધો હોય એ ભલે સાચવે. તમાચા જેને મળ્યા હોય એ પોતાની પાસે રાખે. ને અપમાન!–એક સુંદર રમણીના સુકોમળ ગુલાબી હાથ અમલદારનું અપમાન કરી શકે?–એ તો પુષ્પ કહેવાય."

**મહાન** ફ્રેડરિકના એક અંગરક્ષકે યુદ્ધના વખતે પોતાની રમણીને પત્ર લખતાં જણાવ્યું, "ઓ વ્હાલી! ઘૂરકતા ઘરડા રીંછની સેવામાં દિવસો વધારે વીતે એમ હોઈ તને મળતાં મોડું થશે." એ કાગળ અકસ્માતથી ફ્રેડરિકને હાથ જઇ ચડયો. ફ્રેડરિકે એ અંગરક્ષકને બોલાવી તેને લખતાં આવડે છે કે કેમ એ વિષે શાંતિથી પૂછપરછ કરી અને ઉત્તરમાં સૈનિકે પોતે સુંદર લખી જાણે છે એમ જણાવતાં ફ્રેડરિકે તેને ટેબલ પાસે લખવા બેસાડયો અને એનો જ પત્ર એને મોટેથી વાંચીને લખાવવા માંડયો. અંગરક્ષક ગભરાઇ ઊઠયો. ફ્રેડરિકે પત્ર પૂરો કરાવી પૂછ્યું, "ધ્રૂજે છે કેમ?' હવે એ પત્રની નીચે એક નવી લીટી પણ ઉમેર કે, "ઓ પ્રિયતમે! એજ ઘરડા રીંછે હવે મને જેલમાં મોકલેલ હોઇ તને મળતાં મહિનાઓ વીતી જશે."

પણ રસિક ફ્રેડરિકે થોડા જ દિવસમાં એ અંગરક્ષકને છોડી મૂકી તેને તેની રમણીને મળવા મોકલી આપ્યો.

**જર્મની**ના એક નગરના ન્યાયાધીશે એક લોકસેવકને ઈશ્વરનું, રાજાનું ને કોર્ટનું અપમાન કરવા માટે બે વર્ષની સખ્ત સજા કરી. આ સંબંધમાં શહેનશાહ ફ્રેડરિકને અપીલ થતાં તેણે ન્યાયાધીશના રિપોર્ટ નીચે નોંધ કરી: 'ઈશ્વરને એ ઓળખતો નથી એટલે ઈશ્વરનું અપમાન કરે એ સ્વાભાવિક છે. મારૂં અપમાન હું માફ કરૂં છું. ને નામદાર ન્યાયાધીશના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અપમાન માટે અડધા કલાકની સખત કેદની સજા જો વિશેષ પડતી લાગે તો તેમાં ઘટાડો કરવાને તેઓ નામદાર સ્વતંત્ર છે."

એક પ્રસંગે નગરમાં ફરવા નીકળેલા ફ્રેડરિકે એક ભીંત પાસે લોકોનું ટોળું મળેલું જોયું. તેણે પાસે જઈ જોયું તો જણાયું કે ઊંચે ભીંત પર પોતાનાજ લોભની મશ્કરી કરતું ઠઠ્ઠાચિત્ર ચોડાયું હતું અને લોકો તે ઊંચે માથે જોઈ રહ્યાં હતાં. તેણે શાંતિથી પોતાની સાથેના અંગરક્ષકને કહ્યું, " ભાઈ, ચિત્ર જરા નીચે ચોડ કે જેથી લોકો તે સહેલાઈથી જોઈ શકે."

ને એ શબ્દો સાંભળી શરમીંદા બનેલા લોકોએજ તે ચિત્ર તરત સળગાવી મૂક્યું.

ફ્રેન્ચો સાથેના યુદ્ધમાં જર્મન સૈન્યનો વાવટો સાચવનારે એક વખત ભૂલથી વાવટો નીચે મૂકી દીધો. તે જોઈ ફ્રેડરિક એ વાવટાનો દાંડો લઈ અમલદારની પાછળ પડયો. અમલદારે માન્યું કે ચીડાયલ ફ્રેડરિક પોતાને મારવા આવે છે અને તે તો નદીનાળાં કે પૂલ કૂદતો ભાગવાજ માંડયો. તેની વિરલ ઝડપ આગળ હારીને અને તે પર મુગ્ધ બનીને ફ્રેડરિક આખરે પાછો ફર્યો.

સવારમાં તે અમલદારના ઉપરીએ ફ્રેડરિકને અમલદારનું રાજીનામું બતાવ્યું. ને ફ્રેડરિકે અમલદારને પોતાની પાસે બોલાવી કહ્યું. "ભલા માણસ, હું તમને તમારો વાવટો, નાયકપદ ને બિલ્લો આપવા દોડયો પણ તમે એ વખતે એવા ભાગ્યા કે મારા ઘરડા પગ તમને પહોંચીજ ન શકયા. કંઈ નહિ—હવે એ સંભાળી લ્યો."

*

હિંદી ફીલ્મ—ઉદ્યોગના સ્થાપક દાદા સાહેબ ફાળકેના તેજને ન સાંખી શકવાથી ફીલ્મ કંપનીના માલિકોએ કામ પોતેજ સંભાળી લીધું. પણ પરિણામમાં ફીલ્મો જોઈએ એવી વખણાઇ ન શકી. એ પરથી માલિકોએ જૂના નોકરોને બોલાવી તેમને ફીલ્મો સંબંધમાં ફાળકેની યુક્તિ—પ્રયુક્તિ વિષે પૂછયું. તે પ્રસંગે એક ચાલાક નોકરે જવાબ દીધો, " સાહેબ, તેઓ તો હંમેશ રાત્રે ફીલ્મોને દૂધથી સારી રીતે ધોઇ નાંખતા."

"ઓહ સમજાયું," માલિકોએ કહ્યું. ને તેમણે ફીલ્મો ધોવાને હંમેશ રાત્રે સારી રીતે દૂધ મોકલાવવા માંડયું. ફીલ્મોને બિચારીને તો દૂધની જરૂર નહોતી પણ એ રીતે નોકરોને વગર ખર્ચે હંમેશની મહેફીલ ગોઠવાઈ ગઈ.

ફાળકે ઈંગ્લાંડમાં એક શાકાહારી અંગ્રેજ કુટુંબમાં ઊતરેલા. ગૃહપતિની કન્યા મીસ રોઝ હિંદી પાકશાસ્ત્રમાં ખૂબજ રસ ધરાવતી. તેણે ફાળકે પાસે કોઇ નવી વાની શીખવાનો આગ્રહ કર્યો ને ફાળકેએ એને ભજિયાં બનાવવાની રીત શીખવી તેમાં નાંખવાની વસ્તુઓનું પ્રમાણ લખી આપ્યું.

તે પછી મીસ રોઝે ભજિયાં બનાવ્યાં ને ફાળકે જમવા બેઠા. એક ભજિયું ચાખીનેજ ફાળકે તો ભડકી ઊઠયા ને તેમણે ભજિયાં પાસેના ટેબલમાં પધરાવવા માંડયાં. થાળી ખાલી જોઇ મીસ રોઝે માન્યું કે ફાળકેને ભજિયાં માફક આવી ગયાં છે ને તે તો હસીને વધુ ને વધુ જ મૂકતી ગઇ.

છેવટે ફાળકેએ થાકીને ટેબલના ખાનામાંથી ભજિયાં કાઢીને એનો ઢગલો કર્યો. એ જોઇ ગભરાઈ ઊઠેલ મીસ રોઝને એમણે સમજાવ્યું કે તેણે શેર વેસનમાં ચમચીભર હળદર નાંખવાને બદલે ચમચીભર વેસનમાં શેર હળદર મેળવી હતી.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચાપત્ર—

## ઐતિહાસિક જુઠાણાં

**માન્યવર તંત્રી શ્રી—**

**ઇતિહાસની** એ એક કરુણ દશા નથી લાગતી કે એમાં કેટલાક નવલકથાકારો તો કોઈક રસિકતાપ્રેમીઓ, કેટલાક રાજદ્વારીઓ તો કોઇક ઉપદેશકો પોતપોતાની ઈચ્છા પ્રમાણે પ્રસંગોની વધઘટ કરી નાંખે છે, અથવા કેટલાક સંશોધકો પૂરતાં પ્રમાણો વિના જ અમુક માન્યતાઓને ઇતિહાસ તરીકે સ્વીકારી લે છે? જગતના દરેક દેશના ઈતિહાસમાં ઓછેવધતે અંશે વિકૃતિ પ્રવેશી જ ચૂકી છે અને એના મૂળ તરીકે મને તો ઉપરનાં જ કારણો જણાય છે.—કેમકે વધઘટ કરનાર કે માન્યતાઓ સ્વીકારનારે ગમે તે ઉદ્દેશથી એમ કર્યું હોય પણ સમય જતાં એવી વધઘટ કે એ માન્યતાઓ શુદ્ધ ઈતિહાસને ડોળી નાંખે છે અથવા એના સંશોધનમાં આડખીલીરૂપે ઊભી થાય છે.

ભૂતકાળના પૌર્વાત્ય કે પાશ્ચાત્ય લેખકો પ્રજામાં નીતિ, સંસ્કાર કે શક્તિ ખીલવવાને ઇતિહાસનો આશ્રય લેતા. વર્તમાન લેખકો ઇતિહાસને એ રીતે વિકૃત કરવા માટે તેમના પર જો કે દોષ તો ઢોળે છે પણ દિલગીરીની વાત એ છે કે તેઓ પોતે જ પ્રજાની અમુક પ્રકારની રસવૃત્તિઓ સંતોષવાને ઇતિહાસને એમના પૂરોગામીઓ કરતાં પણ વિશેષ પ્રમાણમાં ચૂંથી નાખે છે; ને ભૂલી જાય છે કે ભવિષ્યના ઇતિહાસકારોના માર્ગમાં તેઓ એ રીતે કંટક વેરી રહ્યા છે.

આજે આપણે જાણીએ છીએ કે વર્તમાન ગુજરાતી સાહિત્યની કેટલીક ઐતિહાસિક નવલ-કથાઓને વાસ્તવિક ઇતિહાસ સાથે કશો જ સંબંધ નથી, તે પ્રજાની વિવિધ પ્રકારની રસવૃત્તિઓ સંતોષવાને જ લખવામાં આવી છે. છતાં ભવિષ્યના ઇતિહાસકારો એમાં પણ ઇતિહાસ શોધ-વાનો પ્રયાસ નહિ કરે એની કંઇ ખાત્રી? પુરાણો, પ્રબંધો કે 'પૃથ્વીરાજ રાસો' જેવાં પુસ્તકો રચાયાં હોય તે સમયની પ્રજા કે લેખકો જાણતાં જ હોય કે આ રચનાનો આશય કેવળ ઇતિહાસ નથી છતાં આજે આપણે એમાંથી જ ઇતિહાસ ખોળીએ છીએ ને? આ સ્થિતિમાં ઇતિહાસને ચૂંથતા કોઈ પણ લેખકને અટકાવવો એ શું પ્રજાનો ધર્મ નથી?

ઐતિહાસિક વ્યક્તિને વાસ્તવિક કરતાં વિશેષ ઊંચે ચડાવવા કે વધુ નીચે પટકવા માગતા લેખકો એમ કરવું એને કલાકારની સ્વતંત્રતા માને છે. પણ ભૂલી જાય છે કે એમ કરીને તેઓ દેશના શુદ્ધ દર્શનને ચૂંથી નાખે છે અને ભવિષ્યના સંશોધકોને મુશ્કેલીમાં ઉતારે છે. કેવળ હિંદના જ નહિ પણ જગતના દરેક દેશના ઇતિહાસમાં આ કે એવાં બીજાં કારણોએ ઓછેવધતે અંશે ગોટાળા વળી જ ગયા છે.

ઇજીપ્ત ને યુરોપના લેખકોએ કલીયોપેટ્રાની રસિકતાને વધારે દિવ્ય દેખાડવાને લખ્યું કે તે દારૂને અમૂલ્ય બનાવવાને તેની સાથે મોતી મેળવીને પીતી. પણ રાસાયણિક ક્રિયા-ઓથી સિદ્ધ થયું છે કે કોઈ પણ પ્રકારના દારૂમાં કોઈ પણ પ્રકારનાં મોતી ગળી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકતાં જ નથી. ગ્રીક, રોમન, અને તેમના અનુગામી ઇતિહાસકારોએ નીરોને વધારે દુષ્ટ ચીતરવા લખ્યું કે, 'તેણે પોતાની માનું ખૂન કરાવ્યું હતું; અને રોમ સળગી ઊઠયું તે વખતે તે વાંસળી વગાડતાં વગાડતાં 'ટ્રોયનું દહન' નામનું ગીત ગાતો હતો.' પણ એ એવો દુષ્ટ હતો જ નહિ. તેની માતાનું ખૂન તો કોઈ બીજી વ્યક્તિએ અકસ્માતમાં જ કરી નાંખેલું; રોમમાં વાંસળીનો પ્રવેશ તો નીરોના મૃત્યુ પછી સો કરતાં પણ વધારે વર્ષ વીતી ગયા કેડે થયેલો; ને 'ટ્રોયનું દહન'–એ ગીત તેને આવડતું જ નહોતું. ટ્રોયનો ઘેરો એ એક દંતકથા જ છે કેમકે પેરિસ હેલનના પ્રેમમાં પડે છે તે વખતે હોમરના જ કથન પ્રમાણે હેલનની ઉંમર ૬૦ કરતાં પણ કંઈક વિશેષ વર્ષની હોય છે. થર્મોપલી ૩૦૦ માણસોથી નહિ પણ ઓછામાં ઓછાં સાત હજાર ને વધુમાં વધુ બાર હજાર માણસોથી રક્ષાયું હતું. બેબિલોન સંબંધમાં 'ઝૂલતા બગીચા ( Hanging gardens )' શબ્દપ્રયોગ વાંચી ઇતિહાસકારોએ ઠેરવ્યું છે કે બેબિલોનમાં જગતના અભૂતપૂર્વ બગીચાઓ આવેલા હતા. પણ સમકાલીન લેખકોના ઉલ્લેખો ને અન્ય સંશોધનોથી જણાય છે કે ત્યાં બગીચાઓ નહોતા પણ હિંદી સ્થાપત્યનું અનુકરણ કરી બેબિલોનના સ્થપતિઓએ ત્યાંના મહાલયોમાં ફુવારા અને ફૂલકુંડાંઓ ગોઠવી શકાય એવા અપૂર્વ ઝરૂખાઓ રચેલા ને તેને 'ઝૂલતા બાગો'ની ઉપમા અપાયેલી. અલેકઝાંડરે જગત જીતી સ્વર્ગ જીતવાની મહત્ત્વાકાંક્ષા સેવી હતી એ વાત ગલત છે કેમકે તેણે જગત જીત્યું જ નહોતું.–હિંદમાં તેણે સજ્જડ હાર ખાધી હતી. કોલંબસ વિષે કહેવાય છે કે તેણે થોડા વખત પછી થનાર ગ્રહણની ગણતરી પરથી અમેરિકાની અજ્ઞાન પ્રજાને તેમના પર પ્રભુનો કોપ ઉતરવાનો છે અને એની સાબિતીમાં ચન્દ્ર રીસાઈ જવાનો છે એ દર્શાવી વશ કરેલી. પણ આ પ્રસંગ જે વખતે ગણાયો છે એ ૧૫૦૪ની સાલમાં જગતમાં કે અમેરિકામાં એકે ગ્રહણ હતું જ નહિ; અને અમેરિકાની મૂળ પ્રજા એ પહેલાં પણ ગ્રહણ વિષેની માહિતી ધરાવતી જ હતી. વિલિયમ ટેલ વિષે કહેવાય છે કે તેણે પુત્રના માથા પર રહેલા લીંબુને તીરથી વીંધી નાખ્યું હતું, પણ સ્વીસ ઇતિહાસમંદિર તપાસતાં જણાય છે કે ત્યાં વિલિયમ ટેલ નામની કોઈ વ્યક્તિ જ થઈ નથી. કોન્સ્ટેન્ટાઈન મહાન સંત હતો એ વાત ખોટી છે કેમકે તેણે પોતાની સ્ત્રીનું અને બે છોકરાંનું ખૂન કર્યું હતું. મહાન આલ્ફ્રેડે છૂપાવેશે ડેનીશકેમ્પની મુલાકાત લીધી હતી એ વાત પણ એટલી જ ગલત છે, કેમકે આલ્ફ્રેડને ડેનીશ ભાષા આવડતી જ નહોતી. રાણી એલીઝાબેથ શાંત કે મધુર સ્વભાવની નહિ ઉલટી ક્રોધી અને ક્રૂર હતી. જ્યોર્જ વોશિંગ્ટનનો તેના બાપ સાથેનો સત્યની કુહાડીવાળો જગવિખ્યાત પ્રસંગ બનેલો જ નથી. એના ચરિત્રકાર મેસન વીમ્સે તે અમેરિકન પ્રજાની નીતિ કેળવવાને જ ઉમેરેલો છે. આવાં આવાં તો યુરોપ–અમેરિકા કે ઇજીપ્તના ઇતિહાસમાં અનેક જુઠાણાં પ્રવેશી ગયાં છે અને તે જેને લેખકોની સ્વતંત્રતા ગણવામાં આવે છે એ મનસ્વી સ્વચ્છંદતાના પરિણામે જ.

હિંદના ઇતિહાસની પણ કંઈક એવીજ સ્થિતિ છે.

સેનાપતિ અલેકઝાંડર પંજાબમાં સેન્ડ્રેકોટસ નામના જે મગધપતિને મળ્યો તે ચન્દ્રગુપ્ત ગણાય છે. પણ ખરી રીતે તે અશોક હતો. કેમકે ચન્દ્રગુપ્ત પંજાબમાં ગયેલો જ નથી. અલેકઝાંડરનો સુબો સેલ્યુકસ પોતાની કુંવરી સેન્ડ્રેકોટસને આપે છે પણ ચન્દ્રગુપ્ત યવનકન્યા પરણ્યો જ નહોતો જ્યારે અશોકે યવનકન્યા સાથે લગ્ન કર્યાનાં પૂરતાં પ્રમાણ છે. અલેકઝાંડર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચન્દ્રગુપ્તના શાસનના પૂર્વભાગમાં હિન્દમાં આવ્યો હોય તો તે વખતે સિંધમાં સિંધુષેણ, કાશ્મીરમાં પુષ્કરાક્ષ ને પ્રાસીકોના રાજા તરીકે મેઘાક્ષ હતો;–જ્યારે અલેકઝાંડરના સમયમાં સિંધ અને પશ્ચિમ-ઉત્તરહિંદમાં પોરસ ને પ્રાસીકોના રાજા તરીકે ઝેન્ડ્રાસ હોવાનું જણાવાય છે. ને જો અલેકઝાંડર ચન્દ્રગુપ્તના પાછલા શાસનકાળમાં આવ્યો હોય તો તે વખતે ઉત્તર-હિંદમાં બાર વર્ષનો સખત દુષ્કાળ હતો જ્યારે અલેકઝાંડરની સવારી પ્રસંગે તો નદીનાળાં ભરપૂર હતાં. અલેકઝાંડરનો સમકાલીન એલચી મેગેસ્થીનીસ હિંદનું જે વર્ણન કરે છે તે ચન્દ્રગુપ્ત કરતાં અશોકના સમય સાથે વિશેષ મળતું આવે છે.

પૃથ્વીરાજ વિષે કહેવાય છે કે તે ગુજરાતના રાજા બીજા ભીમદેવ સાથે અથડામણમાં આવ્યો હતો, તેણે સંયુક્તાનું હરણ કર્યું હતું, શાહબુદ્દીન ઘોરીને તેણે સાતવાર હરાવ્યો હતો, સંયુક્તાના મોહપાશમાં લપટાઇ તે છેલ્લા યુદ્ધમાં રણભૂમિ પર ન જઇ શક્યો, તેણે એકજ બાણથી સાત તાવડા વીંધી તેની ઉપરના ઝરૂખામાં બેઠેલા શાહબુદ્દીન ઘોરીને વીંધી નાંખ્યો હતો. પણ આમાં શાહબુદ્દીન ઘોરીને તેણે સાતવાર હરાવ્યો હતો તે સિવાયની એક પણ બાબત સાચી લાગતી નથી.

૧૨૩૩ માં ગાદીએ બેસી ૧૨૩૫ માં ગુર્જરપતિ બાળ મૂળરાજ મૃત્યુ પામ્યો. ને તેનો નાનો ભાઇ ભીમદેવ બીજો ૧૨૩૫ માં ગુજરાતની ગાદીએ બેઠો. મૂળરાજ જ્યારે બાળક હતો ત્યારે ભીમદેવ તો કેટલો નાનો બાળક હશે એ સહેજે સમજાય. ને પૃથ્વીરાજનો ૧૨૪૮ માં તો વધ થાય છે ને ૧૨૪૦ માં તે દિલ્હીનો સમ્રાટ હોય છે જ્યારે હિંદી રાજાઓને રંજાડતા શાહબુદ્દીન સામે પગલાં લેવાની તેને વિનંતિ કરવા પૂર્વ અને ઉત્તરહિંદના રાજાઓનું પ્રતિનિધિમંડળ, મહારાજા ચન્દ્રરાજની સરદારી નીચે તેને મળવા આવે છે. નાના બાળકને સમ્રાટ પૃથ્વીરાજ સાથે, અને તે પણ એક કન્યા સંબંધમાં, અથડામણ શી રીતે સંભવી શકે ? પૂરાવો જોઇએ તો પૌરાણિક પદ્ધતિએ લખાયલ એક 'પૃથ્વીરાજ રાસો.'

પૃથ્વીરાજને સંયુક્તાનું હરણ કરવું પડે એ સ્થિતિમાં જયચંદ્ર હતોજ નહિ. ને સંયુક્તાને પરણવાની પૃથ્વીરાજની ઇચ્છા પછી આખા હિંદમાં એક પણ એવો રાજા નહોતો કે જે તેની પ્રિયતમાના સ્વયંવરમાં ભાગ લઇ શકે. 'મહાભારત'ની સ્વયંવર કલ્પના ઉપરથી ચંદ બરદાઈએ જોડી કાઢેલા રસિક પ્રસંગ સિવાય એની બહુ કિંમત નથી.

જયચંદ્રના દેશદ્રોહની વાત પણ એટલી જ ગલત છે. કેમકે શાહબુદ્દીન જ્યારે છેલ્લી વખતે પૃથ્વીરાજની સામે આવે છે ત્યારે તે હિંદ બહારના મુસ્લીમ શહેનશાહોનાં સૈન્યોને પણ સાથે લેતો આવ્યો હોય છે છતાં પૃથ્વીરાજ સામે ખુલ્લા યુદ્ધમાં ઊભા રહેવાની તેની હિંમત ચાલતી નથી. જો એક હિંદુ રાજાની તેને મદદ હોત તો એમ ન બનત. ને જો જયચંદ્ર દેશદ્રોહી બન્યો હોત તો પૃથ્વીરાજની પાછળ હોમાનારા માલવપતિ ઉદયરાજ વગેરે અનેક રાજાઓ તેનું વેર લીધા વિના ન રહેત.

પૃથ્વીરાજ સંયુક્તાના પ્રેમમાં યુદ્ધ વીસરે છે એમાં પણ કંઇ વજુદ નથી. મુસલમાન ઇતિહાસકારોએ એક હિંદુ સમ્રાટને બદનામ કરવા ગોઠવેલા તૂત સિવાય એની કશી કિંમત નથી. સાતસાત વખત હાર્યા પછી છેલ્લી વખતે શાહબુદ્દીન જ્યારે બિનહિંદી મુસલમાન સમ્રાટોની મદદ સાથે પૃથ્વીરાજ સામે આવી પહોંચે છે ત્યારે પણ વિજય વિષે શંકા જણાતાં તેણે યુદ્ધના નિયમોનો ભંગ કરી, રાત્રિને વખતે સૂતેલા હિંદુ સૈન્યમાં ને પૃથ્વીરાજના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તંબુમાં નીચ યુક્તિઓ ગોઠવી, યુદ્ધની શરૂઆત પણ થઇ શકે તે પહેલાંજ પૃથ્વીરાજને કપટથી પકડી તેને તેજ વખતે દિલ્હીમાં જીવતો ને જીવતો કિલ્લામાં ચણી લીધાની ( दुर्गान्तरे ऽ चे चितत् ) બાબતનું 'હમ્મીર મહાકાવ્ય'ના કર્તા જે તટસ્થ વર્ણન કરે છે તેને બાજુએ રાખી ચંદની હકીકત ફક્ત તે રસિક હોવાના કારણેજ સ્વીકારી લેવી ?

ચંદ જણાવે છે કે સાત તાવડા વીંધીને અંધ પૃથ્વીરાજે શાહબુદ્દીનને માર્યો. શું એક હિંદુ સમ્રાટ પોતાની શક્તિનું દુશ્મન સામે એવું પ્રદર્શન કરવાને તૈયાર થાય ? અને થાય તોપણ જે દુશ્મનને એની નાલાયકી જાણવા છતાં સાતસાત વાર હરાવીને એણે છોડી દીધો એને જ તે એવી રીતે મારે ? જો પૃથ્વીરાજને શાહબુદ્દીને મારી નાંખ્યો હોય તો પૃથ્વીરાજના વધ પછી માલવપતિ વગેરે શાહબુદ્દીનની સાથે યુદ્ધ કરે છે એ શાહબુદ્દીન આવ્યો કયાંથી ?

સિદ્ધરાજ અને જસ્મા ઓડણનો પ્રસંગ પણ એટલોજ ગલત છે. કેમકે જે વખતે એ પ્રસંગ નોંધાયો છે એ વખતે સિદ્ધરાજ પાટણમાં જ નહોતો.

કરણ વાઘેલાની પત્ની કૌલાદેવી અને પુત્રી દેવળદેવી સંબંધમાં જોડાયલ વાતો પણ એટલી જ બેહૂદી છે, કેમકે કરણને કૌલાદેવી નામે પત્ની નહોતી અને પુત્રી તો સમૂળગી જ નહોતી.

આ રીતે આવાં કે કલકત્તાના કારાગૃહ જેવાં કેટલાંક જુઠાણાં વિધર્મીઓએ જાણી જોઈને ફેલાવેલાં હોય છે–જે અટકાવવાં ખૂબ મુશ્કેલ બને છે. પણ આપણા જ લેખકો એ પરથી તારવીને કંઈક લખવા બેસે, કે કલાકારની છૂટના બહાને ગમેતેમ લખી નાંખે એ અસહ્ય છે. 'કરણઘેલો' છે કેવળ નવલકથા; છતાં કરણ વાઘેલાના વૃત્તાંત સંબંધમાં એનાં પણ જેમ આજે પ્રમાણો અપાય છે, એમ આજની નવલકથાઓનાં જ્યારે પ્રમાણો અપાશે ત્યારે ઇતિહાસની શી દશા થશે ?

નરસિંહ

---

## સ્વીકાર

**ત્રૈમાસિકો :** માનસી; ફાર્બસ ત્રૈમાસિક; દેશીરાજ્ય; જૈન સિદ્ધાંત ભાસ્કર; કુસુમ; માધુરી.


**માસિકો :** શારદા; યુવક; પ્રસ્થાન; બાલમિત્ર; બાલજીવન; બાળક; સ્ત્રી–બોધ; કમર; નવરચના; દીપક; જૈન સત્ય પ્રકાશ; આત્માનંદ પ્રકાશ; ફોરમ; ગુજરાત શાળાપત્ર; વ્યાયામ; શિક્ષણ પત્રિકા; વૈદ્યકલ્પતરુ; ખેતીવાડી વિજ્ઞાન; કચ્છી દશા ઓસવાળ પ્રકાશ; બાલવાડી; ગીતા; પ્રગતિ; અનાવિલ જગત; ક્ષત્રિયમિત્ર; વિશ્વવિજ્ઞાન; ગુપ્ત સહાય; ગાંડીવ; વેપાર ઉદ્યોગ; ઉનેવાળ બન્ધુ; શ્રીમાળી શુભેચ્છક; વિશ્વજ્યોતિ; ઉન્નતિ; किर्लोस्कर; कप्तान; कल्याण; अनेकान्त; New Book Digest; Indian Review.

**પાક્ષિકો :** ओसवाल; દુન્દુભિ.

**અઠવાડિકો :** પ્રજાબન્ધુ; ગુજરાતી; ગુજરાતી પંચ; જય સૌરાષ્ટ્ર; નૌકા; જૈન; જૈન જ્યોતિ; સ્ત્રી શક્તિ; લોકસેવા; राजस्थान.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નોંધ



**હમણાં** હમણાં મુસ્લીમ લીગના આગેવાનોએ હિન્દમાં જાણે મુસ્લીમ રાજ્ય સ્થાપવાનો જ નિશ્ચય કર્યો હોય એમ જણાય છે. તેઓ શુદ્ધ રાષ્ટ્રિય હીલચાલોમાં પણ સહકાર આપવાને બદલે એનો સામનો કરી બેસે છે; જુદે જુદે સ્થળે લશ્કરી બળ જમાવવાની તેઓ યોજનાઓ ઘડે છે, હિન્દની હિન્દુ પ્રજા પર આધિપત્ય મેળવવાને તેઓ બિનહિન્દી મુસ્લીમ પ્રજાઓ કે રાજ્યો સાથે પણ સહકાર સાધે છે; જુલ્મગાર રાજાઓ પણ જો મુસલમાન હોય તો તેઓ તેમને સાથ આપવા દોડે છે; ઉત્તર હિન્દને પાકીસ્તાન બનાવી પૂર્વ અને દક્ષિણમાં પણ પોતાનો પગ જમાવી રાખવાની તેઓ યુક્તિઓ વિચારે છે; તેમનાં વર્તમાનપત્રો જગતની પ્રાચીનમાં પ્રાચીન અને મહાન હિન્દુ પ્રજાને માટે 'ગેર કોમ' સિવાય બીજો શબ્દ નથી વાપરતાં; અને પંજાબના વડા પ્રધાન સર સિકંદર ને મુંબઇ ધારાસભાના વિરોધ પક્ષના નાયક સર દહેલવી જેવા જવાબદાર વ્યક્તિઓ જાહેરમાં બોલે છે: 'રાજ્ય કરવાને તો મુસલમાનો જ સર્જાયા છે. બનિયાઓનું એ કામ નથી. બસો–ત્રણસો મુસલમાનોએ હિન્દ જીતી લીધું હતું. ઊગતા મુસ્લીમ યુવાને સિંધ જીત્યું હતું; તો નવ કરોડ મુસલમાનો શું ન કરે?'—આવાં શાંતિઘાતક ભાષણો પરથી કાં તો એમ માનવું જોઇએ કે એ નાયકો ઇતિહાસ કે રાજકારણના મૂળાક્ષરો જાણતા જ નથી; અથવા તો પછી તેઓ જાણી જોઇને કોમી ઉશ્કેરણી ફેલાવી રહ્યા છે.

આખા જગતના ઈતિહાસકારોએ કબૂલેલું એ સત્ય છે કે ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ઇ. સ. ૧૮૦૦ સુધી આખા જગતમાં વધારેમાં વધારે લશ્કરી બળ અને તેજસ્વિતા હિંદુ પ્રજાએજ દાખવ્યાં છે. જે સિકંદર સ્વર્ગ જીતવાના કોડ સેવતો હતો એ–જગતનો મહાનમાં મહાન બિનહિન્દુ સેનાપતિ પણ–હિદમાં અણકલ્પી શીકસ્ત ખાઈ ને હતાશ બની ગયેલો. ગુર્જરપતિ ભીમદેવે અલ્પ સૈન્યની મદદથી સિંધના યવન સમ્રાટને તેના લશ્કર સાથે મહાસાગરમાં હડસેલી મૂકયો હતો. મધ્ય અને પશ્ચિમ એશિયાની મદદ પર ઝંઝૂમતા શાહબુદ્દીનને પૃથ્વીરાજે સાતસાત વાર નમાવ્યો હતો. બાળ બાદલે આખા મુસલમાન સૈન્યને તોબા પોકરાવેલી. વિક્રમનારાયણ કરતાં પાંચપાંચ ગણું સૈન્ય ધરાવવા છતાં જલાલુદ્દીન તેની સામે ઊભો ન રહી શકતો. મુસલમાનો હિન્દમાં વિજય વર્યા છે તે લશ્કરી બળથી નહિ પણ ધર્મયુદ્ધ ને શસ્ત્રમર્યાદાની નીતિ સાચવી રાખનાર હિન્દુ પ્રજા સાથે કપટ રમીને. ઉદાર હિન્દુ રાજવીઓને નીચતાપૂર્વક કિલ્લાઓમાં ચણી દેનાર, નાનકડાં બાળકોનાં લોહી વહાવનાર, સ્ત્રીઓના ગર્ભો ચીરાવનાર મુસલમાનોએ હિન્દમાં શુદ્ધ લશ્કરી વિજય નથી મેળવ્યો; સત્ય ઉપર અસત્યનો ક્ષણિક વિજય મેળવ્યો છે.

ને વાણિયા–બ્રાહ્મણ રાજ્ય ન કરી શકે કહેનારે ચાણક્યથી માંડી ચાંપો, વિમળમંત્રી, શાન્તુ, ઉદયન, વસ્તુપાળ, તેજપાળ, હેમુ, ભામાશાહ, અમરજી, ઘેલાશા વગેરેની પરંપરાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગોચરી

**'Inside Europe'** ના જગવિખ્યાત લેખક જ્હોન ગન્થરે તાજેતરમાં 'Inside Asia' (એશિયાની ભીતરમાં) નામે એક પુસ્તક પ્રગટ કર્યું છે. તેમાં શ્રી મહાત્મા ગાંધીજીને બુદ્ધ પછીના હિન્દના મહાનમાં મહાન પુરુષ તરીકે ઓળખાવતાં તેમના વિષે તે લખે છે: 'ગાંધીજી કે જેઓ બ્રિટિશ સલ્તનત સામે શાંતિની લડત લડ્યા છે તેઓજ હિન્દમાં બ્રિટનના સૌથી મહાનમાં મહાન મિત્ર છે. હમણાં હમણાં પ્રજા એમ ધારી બેસે એમ છે કે તેઓ તેમનાં છેલ્લાં મહાન વીશ વર્ષોમાં બની ગયા છે; તેમની હિન્દમાં કશી ગણતરી નથી. પણ એના જેવું જુદાણું બીજું એકે ન હોઈ શકે. તેઓ હજી પણ જીવંત હિન્દીઓમાં અદ્વિતીયપણે વધુમાં વધુ મહત્વની વ્યક્તિ છે......તેઓ માનવોને ને પ્રજાઓને વશ કરી શકે છે. તેઓ દ્રઢ સિદ્ધાંતવાદી છે.'

બર્નાર્ડ શોના એક ભત્રીજાએ હમણાં 'Bernard's brethren' નામે એક પુસ્તક બહાર પાડયું છે. તેમાં શો ના કુટુંબ અને તેના પૂરોગામીઓ વિષે રસિક વિગતો આપવામાં આવી છે. શો ક્રોમવેલ સાથે લોહીનો સંબંધ ધરાવે છે. બર્નાર્ડ નામ એ સંબંધમાંથી જ ઊતરી આવેલું છે. શોના ઘણાય પૂર્વજો સાહિત્યકારો હતા. એક બે જણે બેન્કો સ્થાપેલી. ઑસ્ટ્રેલિયામાં પ્રથમ જઈ પહોંચનાર શોનાજ પૂર્વજો હતા. શોની દાદીએ બાવીશ વર્ષમાં પંદર તંદુરસ્ત સંતાનોને જન્મ આપેલો. શોનો જન્મ ૧૮૫૬ ના જુલાઈમાં થયેલો. તેનું બાળપણ ગરીબાઈમાં વીતેલું. વીશ વર્ષની ઉંમરે તેણે લખવાની શરૂઆત કરી અને ત્રીશ વર્ષની ઉંમર સુધીમાં તે કુલ ૬૮ રૂપિયા કમાયો. તે પછી યુક્તિપ્રયુક્તિઓથી તે લેખક તરીકે વિખ્યાત બન્યો. તેણે નોબલ પ્રાઇઝની સવા લાખની રકમનો અસ્વીકાર કર્યો. એક અમેરિકન કોટયાધિપતિએ એની કૃતિઓના સીનેમા હક્ક માટે પચ્ચીશ લાખ રૂપિયા ધાર્યા તે પણ તેણે નકાર્યા. તે પછી તો તે એટલો નામાંકિત બની ગયો કે તેના હસ્તાક્ષર માટે પણ લોકો ૧૫૦ થી ૨૦૦ રૂપિયા આપતા.

રોયલ એસ્ટ્રોનોમીકલ સોસાયટીએ ઇચ્છામાં આવે એટલો સમય સૂર્ય ગ્રહણ ટકાવી રાખવાની શોધ માટે બર્નાર્ડ લ્યોટ નામના ફ્રેન્ચ વિદ્વાનને સુવર્ણચંદ્રક આપ્યો છે.

અમેરિકન લેખકોના મિત્રમંડળ તરફથી હર્બર્ટ ક્રાઉઝને તેની 'Wind without Rain' નામની નવલકથા માટે એક હજાર ડોલરનું ઈનામ આપવામાં આવ્યું છે.

---

અભ્યાસ કરી લેવો જોઈએ. મોગલ શહેનશાહો દિલ્હીપતિઓ કહેવાતા હશે પણ એમનું રાજ્ય તો બિરબલ-ટોડરમલ જેવાં અનેક વણિકરત્નોને આભારી હતું.

આ કથન મુસ્લીમ કોમ સામે નથી; પણ મી. હડસનના શબ્દોમાં 'પોતાના અંગત સ્વાર્થ કે મહત્વાકાંક્ષાથી ઘેરાયેલા' જે કેટલાક કોમીવાદી આગેવાનો મુસ્લીમ પ્રજાને અને સાથે જ હિન્દને પણ ખાડામાં પાડી રહ્યા છે તેમની સામે છે. આજે તો બંને કોમોએ પોતાનું જીવન ટકાવવાને પણ એક થઈ સામાન્ય દુશ્મન સામે ઝઝૂમવાનું છે. એ પ્રસંગે આંતરિક ઘુરઘુરાટ અસ્થાને ગણાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમેરિકાના જુલિયા એલીસવર્થ ફ્રેંડ મંડળે બાળકો અને તરુણોને માટે અતીવ ઉપયોગી ગ્રન્થ તા. ૧૫ જુલાઈ સુધીમાં લખી મોકલનારને માટે ૨૦૦૦ ડોલરનું ઈનામ જાહેર કર્યું છે.

રશિયન સરમુખત્યાર સ્ટેલીન પોતાની આત્મકથા લખે છે. ઝેકોસ્લોવેકિયાના માજી પ્રમુખ બેન પ્રજાતંત્ર ઉપર એક પુસ્તક લખે છે.

તાજેતરમાં એક હિન્દી યુવાને જર્મનીમાં બાદશાહી અદાથી એક નાઝી મંડળની મુલાકાત લીધી. ત્યાં તેણે હીટલરના ગરીબો માટેના ફંડમાં પંદર હજાર પૌન્ડ ભર્યા ને તરતજ ચેક ફાડી આપ્યો. મંડળે એને નિઝામના ભત્રીજા તરીકે માની આવી સુંદર ભેટ માટે આભાર માનવાને એક પ્રતિનિધિ મંડળ હૈદ્રાબાદ મોકલવાનો વિચાર કર્યો. પણ પછી પોલ જણાતાં, ને યુવાન નજરે ન પડતાં ચેક ફાડી નાખવામાં આવ્યો.

૧૯૩૮ ના મે માસમાં હિન્દમાં પરદેશથી બાર કરોડ પીસતાળીશ લાખનો માલ આયાત થયો; બાર કરોડ બે લાખની નિકાશ થઈ. ને ૧૯૩૯ ના મે માં ચૌદ કરોડ બાસઠ લાખની આયાત ને પંદર કરોડ બત્રીશ લાખની નિકાસ થઈ છે. એમાં નિકાસ મુંબઈ બંદરે વધી છે; આયાત કલકત્તા બંદરે વધી છે.

ચલચિત્રોથી થતા લાભાલાભનો અહેવાલ તૈયાર કરવાને અમેરિકામાં નીમાયેલી સત્તાવાર સમિતિએ ચાર વર્ષ સુધી એ વિષયનું નિરીક્ષણ કરી ઠેરવ્યું છે કે ચલચિત્રોથી થતા લાભ નજીવા છે; જ્યારે દેશમાં વધતાં દૂષણોનો મોટો ભાગ એમને આભારી છે.

ન્યુયોર્કમાં ખુલ્લું મુકાયલું જંગી વિશ્વ પ્રદર્શન જે જગ્યાએ રચવામાં આવ્યું છે તે ૧૨૧૬ એકરની જમીન પર પહેલાં ન્યુયોર્કનો કચરો ઠલવાતો. પ્રદર્શન નિમિત્તે એ જગ્યાને, ૭ કરોડના ખર્ચે, સપાટ અને સુશોભિત બનાવી, ૧૦૦૦૦ વૃક્ષોથી તેને અલંકૃત કરી, ત્યાં બે સુંદર કૃત્રિમ સરોવરો બાંધવામાં આવ્યાં છે.

પ્રકાશની ગતિ સેકન્ડે એક લાખ છ્યાશી હજાર માઈલની હોય છે જ્યારે વીજળીની ગતિ સેકન્ડે દશ હજાર માઈલની હોય છે.

ઇસ્રેલ રાઈસ નામે વિખ્યાત અમેરિકન લેખક હિંદ વિષેના પોતાના એક તાજેતરના લેખમાં જણાવે છે કે: 'હિંદ જગતની જનની છે. આજે ત્યાં આર્થિક મુશ્કેલીઓ કે અસમાનતાના કારણે જે સામાન્ય ઝગડા થાય છે એનાથી હિંદની સાચી કિંમત ન આંકી શકાય. પણ એણે જગતને આપેલું અમૂલ્ય તત્ત્વજ્ઞાન, જે સમૃદ્ધિએ આખા જગતને તેના પ્રત્યે આકર્ષ્યું એ તેની દૈવિ સમૃદ્ધિ, તેની ભવ્ય સંસ્કૃતિ, તેનું વિરલ સાહિત્ય, તેની અપૂર્વ સામાજીક વ્યવસ્થા, તેની મહાપ્રજા અને એ પ્રજાના પુનિત સંસ્કાર અને પરમ નીતિ એ જગતે તેની પાસેથી મસ્તક નમાવીને શીખવાની વસ્તુઓ છે. આજે ઇંગ્લાંડ હિંદની શક્તિના વિકાસને સંભવિત નથી બનવા દઈ શકતું નહિતર સશક્ત હિંદ આખા જગતનું મુગટમણી અને ગુરૂ બની શકે. બીજા દેશો—અને ખાસ કરીને અમેરિકા તો હિંદની પાસે હજી બચ્ચું છે.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# તારા–તણખા

મુંબઈમાં અખિલ હિંદ મહાસમિતિની બેઠક. મહાસભાનો સડો સાફ કરવાને ઘડાયેલા સખત કાનુન જેમાં પરદેશી કાપડ કે દારૂ વેચનાર કે વાપરનાર મહાસભાનો સભ્ય કે અધિકારી ન થઇ શકે એવા નિયમનો પણ સમાવેશ. જર્મનીએ કરેલો હિંદી ચલણનો સ્વીકાર. મહાસભાનો સમાજવાદી પક્ષ આંતરરાષ્ટ્રિય બોલ્શેવીક દોરવણી નીચે છે એમ દર્શાવી એ પક્ષના ચાર સભ્યોએ આપેલ રાજીનામાં. શ્રી સુભાષબાબુના ફોરવર્ડ બ્લોકનું આગળ વધતું કામ: મુંબઇમાં સુભાષબાબુનું બાદશાહી સ્વાગત; કરાંચી ખાતે સ્વામી ગોવિંદાનંદે સ્વીકારેલું એ પક્ષનું પ્રમુખપદ; પુનામાં એ પક્ષની પરિષદ; તેમાં રૉય, બાપટ વગેરેના મહાત્માજી સામે હુમલા; મુંબઇ–પરિષદમાં પણ એમ જ. તાજમહાલમાં શેઠ દાલમિયા દેશી રાજાઓને શિખામણ આપે છે. સાબરમતી પર ખુલ્લો મુકાયલ નવો પૂલ. બંગાળમાં સરકારી નોકરીમાં મુસલમાનોને ૫૦ ટકાની પસંદગીનો ત્યાંના પ્રધાનમંડળે કરેલો નિર્ણય. (કોમીવાદનો અભાવ તે આનું નામ!) બંગાળ અને પંજાબનું પ્રધાનમંડળ હૈદ્રાબાદ જતા આર્ય સત્યાગ્રહીઓને રોકવાનો નિર્ણય ઉચ્ચારે છે. (હૈદ્રાબાદમાં હિન્દુઓ જન્મે જ નહિ એવો ઇશ્વરને આદેશ કર્યો હોય તો?) મદ્રાસને કાંઠે દેખાયલી જર્મન સ્ટીમર. પ્રભાસપાટણમાં કબ્રસ્તાનની જગ્યાએ ખ્રિસ્તિ દેવળ બાંધવાની અપાયેલી છૂટ. લીડરના તંત્રી સી. વાય. ચિન્તામણિને સરનો ઇલ્કાબ. (અભિનંદન!) લખનૌમાં શિયા–સુન્નીનું ગંભીર તોફાન. પશ્ચિમ હિંદના દેશી રાજાઓ ફેડરેશન સામે વિરોધ પોકારે છે; દક્ષિણના રાજાઓ તે સ્વીકારવા તલપાપડ બન્યા છે. [ બ્રિટિશ સલ્તનતને બંનેની કિંમત સરખીજ છે. ] મદ્રાસની, મધ્યપ્રાન્તની ને મધ્યસ્થ સરકારે ઊભી કરેલી નવી લોનો [ હિંદી ધનીકોને માટે એ ઘણોજ સુંવાળો માર્ગ છે. ] સિલોન–દક્ષિણ આફ્રિકા વગેરે સ્થળે હિંદીઓની કફોડી સ્થિતિ [ ગરીબકી જોરૂ સબકી ભાભી. ] પંડિત જવાહરલાલ સિલોન જશે. આસામમાં ડીગ્બોઈ તેલકંપનીમાં હડતાળ. બ્રિટનના પરદેશમંત્રી હિંદના ના. વાઈસરૉયની પ્રશંસા કરે છે; બ્રિટનનાં વર્તમાનપત્રો પરદેશ મંત્રીની પ્રશંસા કરે છે. [ પરસ્પરં પ્રશંસંતિ અહોરૂપમ્ અહોધ્વનિ ] ગ્વાલિયર–નરેશ જવાબદાર રાજતંત્ર આપે છે. [ એ પણ એક નુસ્ખો છે. ] દિલ્હી–દહેરાદુન ટ્રેઈનને ગંભીર અકસ્માત. ( રેલ્વે કંપનીએ સલામતિની ખાત્રી ક્યારે આપી છે ? ) કાનપુરની ક્રાઇસ્ટ ચર્ચ કૉલેજમાં છેડતીના પરિણામે હવેથી છોકરીઓને દાખલ કરવામાં નહિ આવે. [સત્યનો માર્ગ હંમેશાં ધીમો જ હોય છે.] બાળકેળવણીના પિતા શ્રી ગિજુભાઇનું શોકજનક અવસાન.

ટીન્સીનનો સખત બનતો ઘેરો. [ વિપદો દશે દિશાએથી સાથે જ આવે છે. ] ડાન્ઝીગનો ઉગ્ર બનેલો મામલો. અમેરિકન સેનેટ પ્રેસીડેન્ટની વિરૂદ્ધ જઇ લશ્કરી સામગ્રીની નિકાસ સામેનો પ્રતિબંધ કાયમ રાખે છે. [ બેમાંથી વધુ શાંતિચાહક કોણ ?] ઇંગ્લાંડની થેટીસ પછી ફ્રાન્સની ફીનીક્ષ ડૂબે છે. લંડનમાં આગ અને ધડાકા. બ્રિટનમાં સાદાં, શાન્ત ને સાથે જ તીખાંતમતમતાં ભાષણોની હારમાળા. સોવીયેટ અને જાપાની વિમાનો વચ્ચે અથડામણ. હીટલર–મુસોલિની ગુપ્ત મંત્રણા ચીનના પરદેશમંત્રી બ્રોડકાસ્ટ ભાષણમાં યુરોપને જણાવે છે કે જાપાન યુરોપિયન હિતોને ચીનમાંથી હાંકી કાઢવા માગે છે. ( આપ રાખવાને માગતા હશો. ) પૂર્વમાં ફ્રેન્ચ અને બ્રિટિશ નૌકાદળનું જોડાણ. રશિયન પરદેશમંત્રી જણાવે છે કે તેમની સાથે સમાનતાના ધોરણે સંધિ કરવાની બ્રિટનની તૈયારી નથી લાગતી. હીટલર ડાન્ઝીગની મુલાકાત લેશે. [ ઘાસમાં એક જ તણખો બસ હોય છે. ] ઇરાનના રાજવી રેઝાશાહ પહેલવી ગાદીત્યાગ કરશે. [ શાંતિની કિંમત સિંહાસનથી યે વિશેષ છે. ]

‘ હીટલરનું ખૂન ’ અને ‘ હીટલરનો ખૂની ’ નામની બે ચોપડીઓની બે મહિનામાં જ લાખો નકલો ઊપડી ગઇ છે. [ પ્રજાની સાહિત્યવૃત્તિનું એ સચોટ દિગ્દર્શન કરાવે છે. ] સાગર ફીલ્મ કંપની ના. મુનશીની પૃથ્વીવલ્લભ નવલકથાને સીનેમાપટે ઉતારશે. હંશની 'બ્રાન્ડી ચી બોટલ'માં હિન્દુ ધર્માવતારો, દારૂ કે દારૂનિષેધ એમાંથી કોની મશ્કરી કરવામાં આવી છે એ જ કોઇને નથી સમજાતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com